નંબર ૧ બેસ્ટસેલર

દરેકની એક વાર્તા હોય છે


સવિ શર્માએ સાહિત્યની દુનિયામાં તોફાન મચાવી દીધું છે *ઈન્ડિયા ટુડે*

સવિ શર્મા

અનુવાદ: તેજલ આચાર્ય

VISIT…

LANZAROTE Caliente.COM



નંબર ૧ બેસ્ટસેલર

દરેકની એક વાર્તા હોય છે



સવિ શર્માએ સાહિત્યની દુનિયામાં તોફાન મચાવી દીધું છે *ઈન્ડિયા ટુડે*

સવિ શર્મા

અનુવાદ: તેજલ આચાર્ય

દરેકની એક વાર્તા હોય છે

વેસ્ટલેન્ડ લિમિટેડ

દરેકની એક વાર્તા હોય છે

સુરતની એક સરળ છોકરી, સવિ શર્મા પ્રેરણાત્મક મીડિયા બ્લૉગ લાઈફ એન્ડ પીપલની સહ-સ્થાપક છે. દરેકની એક વાર્તા હોય છે એ તેની પ્રથમ નવલકથા છે, જે તેની આસપાસની કથાઓથી પ્રેરિત છે. તેના વિશેની વધુ વિગતો તમે www.savisharma.com પર મેળવી શકો છો.

દરેકની એક વાર્તા હોય છે

સવિ શર્મા

અનુવાદ – તેજલ આચાર્ય





westland ltd 61, II Floor, Silverline Building, Alapakkam Main Road, Maduravoyal, Chennai 600095 93, I Floor, Sham Lal Road, Daryaganj, New Delhi 110002

www.westlandbooks.in

First Published in English as Everyone Has A Story by westland ltd 2016

First published in Gujarati as Darekni Ek Varta Hoy Chhe by westland ltd in association with Yatra Books, 2016

ISBN: 978-93-86224-29-3

First e-pub edition: 2016

Designed by SURYA, New Delhi.

Gujarati edition coordination: TranslationPanacea

Printed at

તમને

સમર્પિત

દરેક વ્યક્તિ પાસે કહેવા માટે એક વાર્તા હોય છે. દરેક વ્યક્તિ એક લેખક છે. જેમાંની કેટલીક પુસ્તકોમાં લખવામાં આવે છે, અને કેટલીક હૃદયમાં સમાયેલી રહે છે.

આમુખ

હું ક્યારેય લેખક નહોતો અને ન તો મને લેખક બનવાની કોઈ આકાંક્ષા છે. હું ક્યારેય સારો વાચક નહોતો અને મને ખબર નથી કે ક્યારેય બની શકીશ કે નહિ. પરંતુ હવે, હું ઘણું બધું થઇ ગયો છું.

દરરોજ, હું જાગતો ત્યારે ; હું જીવવા માટેનાં કારણો શોધવાનો પ્રયાસ કરતો. રોજ રાત્રે, જ્યારે હું સૂતો, ત્યારે મૃત્યુ ન પામવાનાં કારણો શોધવાનો પ્રયાસ કરતો. દરેક ક્ષણે, હું આશા, સ્વપ્ન અને પ્રેમનાં કારણો શોધવાનાં પ્રયત્ન કરતો. પરંતુ મને એ કારણો ક્યારેય મળ્યાં નહીં. જ્યાં સુધી હું તને મળ્યો નહોતો.

મેં મારી આસપાસ અંધાધૂંધી, મૂંઝવણ, અને ભય, આ બધું જોયું છે. પરંતુ તને મળ્યા પછી, તે મારી અંદર નહોતા.

સમય આપણું ભાવિ, આપણી યાત્રા નક્કી કરે છે. અને સમય બદલાય છે, ત્યારે બધું જ બદલાઈ જાય છે. બધું જ. ક્યારેક ખરાબ માટે, તો ક્યારેક વધુ સારા માટે. અને ક્યારેક, શ્રેષ્ઠ માટે. મને ક્યારેય તેમાં વિશ્વાસ નહોતો. જ્યાં સુધી તું મને મળી નહોતી.

આ કોઈ વાર્તા નથી અને કદાચ પ્રેમ પણ નથી. આ કંઈક એવા વિશે છે જે પ્રેમ કરતાં વધુ શક્તિશાળી અને વાર્તાઓ કરતાં વધુ વાસ્તવિક છે. આ તારા વિશે છે. હા, તારા વિશે. વાસ્તવિક અને સમર્થ.

હું કોઈની સાથે ક્યારેય ખુશ રહ્યો નથી. હું ભિન્ન-ભિન્ન લાગણીઓ સાથે, વિવિધ સ્થળોએ, જુદા-જુદા લોકો સાથે રહેવા માગતો હતો. હું બધું જ જોવા માગતો હતો,મારે દરેકને જાણવા હતા. પણ પછી હું તને મળ્યો. અને મને ખબર પડી કે તું માત્ર ‘એક’ નથી, તું તો અનંત છે. પ્રેમ, સંભાળ, વિશ્વાસ, આદર, અને સમજમાં અનંત. પ્રેરણા, આકાંક્ષાઓ, આશાઓ અને સુખનું બ્રહ્માંડ છે. કદાચ તું જ એ બ્રહ્માંડ છે જેને હું બહાર જોવા-જાણવા માગું છું. અથવા મારી અંદરનું બ્રહ્માંડ, જેને હું શોધી રહ્યો છું.

તારી કોઈ શરૂઆત નથી, કે તારો કોઈ અંત નથી. તું સતત છે, છતાં હંમેશા બદલાતી રહે છે. તું દરેક જગ્યાએ છે

અને છતા માત્ર મારી સાથે જ છે. તુ મારો સર્જનહાર છે કે મારૂ સર્જન છે, હું મારી જાતને પૂછું છું.

અનુક્રમણિકા

મીરા

1

તમારી વાર્તા શું છે?

હું હંમેશાથી વાર્તા કહેનારાઓથી પ્રેરિત થઈ છું. મને એચઆર મેનેજર તરીકેનું મારું કામ ખૂબ જ ગમતું હતું. તેના દ્વારા મને વિવિધ સ્થળોએ, જુદા જુદા લોકો સાથે વાતચીત કરવાનો મોકો મળ્યો, દરેકની પોતાની એક આગવી વાર્તા હતી, જે તેમના ગીતોને નૃત્યની સાથે સંયોજતી હતી.

જીવન એક ગૂંચવણભર્યો સંઘર્ષ હતો, હું કોણ છું અને કોની સાથે સંકળાયેલી છું તે શોધવા હું સતત પ્રયાસ કરતી હતી. મેં જેની પણ મુલાકાત લીધી તે દરેક વ્યક્તિની પોતાની એક રસપ્રદ વાર્તા હતી, જે મને આશ્ચર્ય સાથે વિચારતી કરી મુકતી: મારી કઈ વાર્તા છે? જીવનમાં મને ઘણા લોકો મળ્યા, તેમની જેમ હું 'સામાન્ય' બનવા ઇચ્છતી નહોતી. માત્ર છવ્વીસ વર્ષની હોવાથી, મને ચોક્કસપણે ખાતરી નહોતી કે મારા જીવનનો ખરો અર્થ શો હશે, અને હું તેને ક્યાં શોધી શકીશ.

દરેક વીકએન્ડમાં હું મારી જાતને કૉફી એન્ડ અસ નામના કૅફેમાં બેસી અને અદ્દભુત લેખકોને સાંભળતા જોતી.. હું લેખકો તરફ આકર્ષાતી, અન્ય લોકોની વાર્તાઓ સર્જવાની તેમની ક્ષમતા તરફ હું ખેંચાતી હતી. તેઓ કઈ રીતે દરેક વ્યક્તિ પાસેથી સત્ય કઢાવે છે અને કઈ રીતે તેને વણી લઈ સુંદર વાર્તાનું સર્જન કરે છે? મને લાગે છે કે, મારી પોતાની આત્મામાં અટવાયેલી કથાઓને કારણે જ હું અન્ય લોકોની વાર્તાઓ સાંભળવા તત્પર રહેતી. પરંતુ હું કથાઓ માત્ર સાંભળવા નથી માગતી; મારૂં હૃદય એક સુંદર વાર્તા કહેવા ઝંખી રહ્યું હતું, કે જે લોકોના જીવન બદલી શકે છે, અને કંઈ નહીં તો ઓછામાં ઓછું મારૂં તો ખરૂં જ.

તો એક વાર હું કૉફી એન્ડ અસમાં બેઠી હતી, અને મારા હાથ ગરમ, આહલાદ્દક કોફીના કંપની આસપાસ વીંટળાયેલા હતા. હું મારી આસપાસના વિશ્વને અને જીવનના ગીતો સાંભળી શકતી હતી, અથવા હું મારા કાનમાં ઇઅર પ્લગ્સ ભરાવી બહારના વિશ્વને મૌન પણ કરી શકતી હતી. મેં ઘણા લેખકોને આ દરવાજેથી પ્રવેશતા જોયા છે, અને ઘણી વખત તો હું વિચારતી કે આ કૅફે ની દીવાલોમાં કોઈ જાદુ તો નથી ને!

ત્યાંના મેનેજર, કબીરે, પોતાના ફરજને થોડો વાર માટે હડસેલતાં મને પૂછ્યું, 'મીરા, લેખિકા બનવાનાં સપનાં જોવાનું તું ક્યારે બંધ કરીશ અને સાચે જ પુસ્તક લખીશ?'

કોઈ અજાણી વ્યક્તિને તેનો અવાજ રૂક્ષ લાગી શકે, પણ કબીર મારો સારો મિત્ર બની ગયો હતો. મને ખબર નથી ક્યારે, પરંતુ હું તેના કૅફેની નિયમિત મુલાકાત લેનારી બની રહી હતી ત્યારે કોઈક તબક્કે, અમારી વચ્ચેની સામાન્ય વાતચીત ઉષ્માભરી મિત્રતામાં પરિણમી હતી. તે મારા અભિપ્રાયોનો આદર કરતો, અને હું પણ તેના અભિપ્રાયોને કીમતી ગણતી.

'મને ખબર નથી,' મેં ગમગીન થઈને કહ્યું.

મારા લાંબા વાળમાં આંગળીઓ ફેરવતા એ નાનકડા કૅફેમાંના તમામ લોકો તરફ નજર ફેરવીને, મેં હતાશ નિસાસા સાથે કહ્યું, 'મને લાગે છે કે જ્યારે મને લખવા માટે યોગ્ય વાર્તા મળશે એટલે મને આપોઆપ ખબર પડી જશે. હું હજુ સુધી તે વાર્તા સુધી પહોંચી નથી. હજુ પણ હું એ અનોખી વાર્તાની શોધ કરી રહી છું, જે મને આગળનું પગલું ભરવાની પ્રેરણા આપે.'

તે કાઉન્ટર તરફ ગયો જ્યાં મારી મનપસંદ કોફી- ફ્રોધી કેપેચીનોનો- વધુ એક કપ મુકાયો હતો. કબીર મંદ સ્મિત આપતા, મારી સામે બેઠો. 'મને વિશ્વાસ છે કે એક દિવસ હું તને ત્યાં ઉપર ઉભેલી સાંભળતા-સાંભળતા, લોકોના કપમાં કોફી રેડતો હોઈશ અને તેમના ઑર્ડર લાવતો હોઈશ. આ આખી જગ્યા ખીચોખીચ ભરેલી હશે; તું જો જે.' તે આ વિચાર પર હસ્યો અને એક ક્ષણ માટે મને આશ્ચર્ય થયું કે, આ મારું સપનું હતું કે તેનું! અલબત્ત, મિત્રો તરીકે પણ અમારાં સપનાં પણ એક સૂરમાં કામ કરી રહ્યા હતા. હોઈ શકે ને?

આમ છતાં, મારી ભાવિ સફળતામાં તેને જે વિશ્વાસ હતો, એનો મારામાં અભાવ હતો. હું મારા શબ્દોને તેઓ જેને લાયક છે એવું જીવન આપવા માટે આગામી પગલું લેવા જેટલું ઈચ્છતી, કંઈક હતું જે મને પાછું ખેંચતું. મેં એ નાનકડી જગ્યા પર નજર ફેરવી, જ્યાં અનેક લેખકો ઊભા રહેતા અને ઠંડા પાણીનો નાનો ઘૂંટડો ભરી એ શબ્દો કહેવા પોતાનું ગળું સાફ કરતા, જે કહેવા હું ઝંખતી હતી.

'મને નથી લાગતું કે, હું ત્યાં ઊભા રહેવા માટે અને વિશ્વ તથા વાચકોના સમૂહનો સામનો કરવા માટે સારી રીતે તૈયાર છું. તેઓ જે કરે છે તે કરવા માટે ઘણી હિંમતની જરૂર પડતી હશે,' મેં એક ઘૂંટડો ભરતાં પહેલા મારી કૉફીને ફૂંકતા કહ્યું.

કૉફીના પરપોટા મારા હોઠ પર લાગતા, તેને નજાકતથી ચાટતા હું હસી પડી. 'મેં જે કંઈ લખ્યું છે તેની કોઈ હાંસી ઉડાડે તો?'

મારો મિત્ર મલક્યો. 'તેઓ માત્ર ત્યારે જ હસશે જ્યારે તું કંઈક રમૂજી વાંચીશ,' તેણે વિશ્વાસપૂર્વક કહ્યું. 'હવે, મને એ કહે કે, આગામી વીકએન્ડમાં યોજાનારી લેખકોની બેઠકમાં તું આવવાની છે કે નહીં?' તેણે પૂછ્યું.

'ચોક્કસપણે,' મેં કહ્યું.

આ વીકએન્ડ મારા માટે શું લાવશે? શું હું હજુ પણ મારી વાર્તાની શોધમાં જ ખોવાયેલી રહીશ?

* * *

'જીવન ક્ષણોમાં જીવવું જોઈએ, દિવસો કે વર્ષમાં અથવા તમારા સમયપત્રકોમાં નહીં. એ આપણી ગેરસમજ છે કે – મોટા ભાગે – આપણે આપણી ઈચ્છા મુજબ જીવન જીવીએ છીએ. આપણે ભરેલું દરેક પગલું અન્યોથી પ્રભાવિત હોય છે. માત્ર એ જ ભાગ આપણો પોતાનો છે જેને આપણે અન્યોથી છુપાવીએ છીએ અને આપણા હૃદયમાં ક્યાંક ઊંડે ધરબી રાખીએ છીએ. હું તમને દરેકને તમારા એ છુપાવેલા ભાગને ઓળખવા માટે ભારપૂર્વક વિનંતી કરૂં છું. જાવ, એ ભાગને જીવી લો. તમારું જીવન જીવી લો. તમારાં સપનાંને તમારી અંદર જ મૃત્યુ ન પામવા દો. મારો વિશ્વાસ કરો, તમારી જાતને ઓળખવા માટેનો તમારો સંઘર્ષ, તમારી લડાઈ, જોખમ લેવા લાયક હશે. ઉઠો. તમારા ઝનૂનની એ હવાને શ્વાસમાં ભરો. તમારો પ્રવાસ શરૂ કરો. તમારાં સપનાં પૂરાં કરો. તમારી ભૂલોને માણો. તમારા હૃદયના ધબકારના લય પર નાચો. હસો. પ્રેમ કરો. જીવો.'

લેખક અર્જુન મહેરાએ આત્મવિશ્વાસ સાથે આ અંતિમ શબ્દો કહ્યા હતા. કૅફેમા આશાભરી નજર ફેરવતા, તેમના હાથ એકબીજામાં ભેરવાયા હતા. તેની આંખો મારી આંખોને મળી, અને મને લાગ્યું કે મારા હૃદયના ધબકારા વધી ગયા છે. તે જાણે સીધા મારી સાથે જ વાત કરતા હોય તેમ લાગતું હતું. પરંતુ હકીકતમાં, તેમણે પોતાના જાદુભર્યા શબ્દોથી કૅફેમાંની દરેક વ્યક્તિના હૃદયને સ્પર્શ કર્યો હતો. કોઈ લેખક કઈ રીતે રીતે લોકો પર આવો જાદુ કરી તેમને જકડી રાખી શકે? મેં મારી આંખો બંધ કરી અને કલ્પના કરી કે હું વક્તા છું અને પ્રેક્ષકો સામે આત્મવિશ્વાસપૂર્વક ઉભી છું. હું મનમાં મારા પર જ મંદ

હસી. કદાચ એક દિવસ, હું ખરેખર આવી જ રીતે લોકોના ભીડને જકડી રાખવામાં સક્ષમ બનીશ.

'તારી વાર્તા શું છે, યંગ ગર્લ?' હું મારા વિચારોથી અળગી થઈ જ્યારે મને સમજાયું કે શ્રી.મહેરા મારા તરફ સીધો ઇશારો કરી રહ્યા હતા. તેમની કોમળ કથ્થઈ આંખોએ, મારી આંખોને માયાથી, પરંતુ પડકારરૂપ ઝળહળાટ સાથે જકડી રાખી હતી. 'જીવનમાં તારૂં ધ્યેય શું છે?' તેમણે સ્મિત સાથે તેમના પ્રશ્નને મૃદુ બનાવ્યો અને, અચાનક મને લાગ્યું કે મારો કોઈ મિત્ર જ મારી સાથે વાત કરી રહ્યો હતો.

મેં ઊંડો શ્વાસ લીધો. 'મારે... મારે તમારી જેમ લખવું છે,' મેં નર્વસ થઈને વાત શરૂ કરી, મેં તેમને બની શકે એટલી પ્રમાણિકતાથી જવાબ આપવાનો નિર્ણય કરી મારા હાથમાંના નૅપ્કિનને મચડ્યો. 'પણ મને સમજાતું નથી કે શું લખું. હું મારી આસપાસની દુનિયા દ્વારા પ્રેરિત થાઉં છું, પરંતુ હું હજુ પણ એક વાર્તાની શોધમાં છું, જે લોકોના જીવન બદલી શકે.' મારા શબ્દો મારા કાનને જ ખચકાટભર્યા લાગ્યા અને મને લાગ્યું કે હું એ શબ્દો બોલી જ નહોત તો સારૂં થાત.

શ્રી મહેરા મક્કમપણે માથું ધુણાવ્યું. 'લોકોને વાર્તાઓની જરૂર છે. પ્રેમની, આશાની, અસ્તિત્વની, જ્ઞાનની અને ક્યારેક પીડાની વાર્તાઓ. કદાચ તમે તેમને સંપૂર્ણ સત્ય કહેતા નથી; કદાચ તમે તેમને અસત્ય કહો છો. પરંતુ આ જગત શું છે? તે પોતાનામાં જ એક જૂઠાણું છે.' હું હજુ પણ તેમની નજર દ્વારા જકડાયેલી હતી, પરંતુ મેં તેમના શબ્દો મનમાં ઉતાર્યા અને મારી આસપાસનું હાસ્ય મને સંભળાયું. 'પરંતુ તમારું જૂઠાણું સારૂં જૂઠાણું છે. તે લોકોમાં બદલાવ લાવે છે અને મોટા ભાગે આ બદલાવ સારા માટે હોય છે. હું તમારા માટે શ્રેષ્ઠની કામના કરૂં છું,' તેમણે ઉષ્માભેર જણાવ્યું.

'આપનો આભાર,' કૅફેમાં પીડાદાયક ગરમી હોવા છતાં તેમના શબ્દો સાંભળી હું થોડીક ધ્રુજતાં-ધ્રુજતાં એટલું જ કહી શકી.

'તમારું સ્વાગત છે.' એમ કહેતા જ તેમણે તેમનો તે પછીનો પ્રશ્ન પૂછવા માટે બીજા કોઈ પર નજર દોડાવી. તેમણે મારી પાછળ બેઠેલા એક યુવાન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. 'સાહેબ, તમે શું કામ કરો છો? તમારી વાર્તા શું છે?'

હું તેમના શબ્દોમાં એટલી ખોવાયેલી હતી કે એ માણસની મેં અગાઉ નોંધ જ નહોતી લીધી. તે કોની સાથે વાત કરી રહ્યા

હતા તે જોવા માટે હું પાછળ ફરી અને લગભગ મારી જ ઉંમરનો એક સ્માર્ટ, દેખાવડો યુવક દેખાયો. તેનો કાળું કેઝ્યુઅલ બ્લૅઝર તેની કથ્થઈ આંખો અને ટૂંકા કાળા વાળ સાથે મેળ ખાતું હતું અને તે પોતાની ખુરશી પર એવી રીતે ટટ્ટાર બેઠો હતો કે તેની આસપાસ આત્મવિશ્વાસની લહેર હતી. મને આશ્ચર્ય થયું કે મેં પહેલા તેની હાજરીની નોંધ કેમ ન લીધી.

'હું સિટીબેંકમાં આસિસ્ટન્ટ બૅન્ક મેનેજર તરીકે કામ કરૂં છું,' યુવાને ઉત્તર આપ્યો. તેનો અવાજ ગહન અને સમૃદ્ધ હતો.

શ્રી મહેરાએ તેમના પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખ્યું. 'જીવન પાસેથી તમારી શી અપેક્ષાઓ છે? સફળતા, પૈસા કે નામનાના વિચારો જ તમને સાચું સુખ આપે છે?' તે કેવો જવાબ આપશે એ સાંભળવાની જિજ્ઞાસા સાથે મેં મારી જાતને મારી પાછળના યુવાન તરફ ઝૂકતાં જોઈ.

તે માણસે પોતાનું ગળું સાફ કર્યું. 'મારી પાસે પૈસા, પદ અને સફળતા છે, પરંતુ હું હજુ પણ સ્પષ્ટ નથી કે મારૂં ધ્યેય ખરેખર શું છે. મને એ ખબર છે કે જે જીવન હું જીવું છું તેમાંથી થોડા દિવસ માટે છટકી અને મારી બેગ પૅક કરી માત્ર મુસાફરી કરવા માગું છું.' તે ખોવાઈ ગયો અને એવું લાગતું હતું કે જાણે અત્યારે જ તેનું મન એ મુસાફરી પર ઉપડી ગયું હતું.

લેખકે તેને વધુ ભારપૂર્વક પૂછ્યું, 'તમને શું લાગે છે, આ મુસાફરીમાંથી તમને શું મળશે?'

'ત્યાં મારો પીછો કરનાર કોઈ નહીં હોય, મારી પાસેથી વસ્તુઓની માગણી કરનાર કોઈ નહીં હોય,' તેણે જવાબ આપ્યો. 'મને ડેડલાઇનને પહોંચી વળવાનું દબાણ કરનાર કોઈ નહીં હોય. પૈસા માટે તમારે એક ચોક્કસ કિંમત ચુકવવી પડતી હોય છે અને મારા માટે એ કિંમત એટલે સ્વતંત્રતા અને વાસ્તવિક જીવન બંને છે. મને આશા છે કે એક દિવસ, મારાં સપનાંને પામવાની દિશામાં આગળ વધવાનું મન બનાવી લઈશ.' તે યુવાને બ્લૅક કૉફીનો ઘૂંટડો ભરતાં પોતાનો જવાબ પૂર્ણ કર્યો. તે કાળા પીણાને પીતાં તેના ખભા થોડા રિલૅક્સ થતા મેં જોયા

વધુ એક વાર પ્રેક્ષકો પર નજર ફેરવતાં પહેલા શ્રી મહેરાએ તેની સમજણ પર માથું ધુણાવ્યું. પોતાનો હાથ ઊંચો કરતા, તેમણે મોટેથી કહ્યું, 'હું તમારા બધા માટે આવી જ આશા રાખું છું. આગળ વધો અને તમારાં સપનાં પૂરાં કરો.' કાર્યક્રમના સમાપન રૂપે, તેમના આ અંતિમ શબ્દો બોલાતા જ કૅફે તાળીઓના ગડગડાટથી ગાજી ઉઠ્યો. હું પણ તેમાં જોરથી

તાળીઓ પાડતા જોડાઈ, એ હદ કે મારા હાથમાં કશુંક ભીંકાતું હોવાનું મને લાગ્યું.

હું અહીં લેખકને સાંભળવા આવી હતી, પરંતુ મેં મારી જાતને એ યુવાનના જવાબ દ્વારા ખૂબ જ પ્રભાવિત, પ્રેરિત અને તિરસ્કૃત થતી મહેસૂસ કરી. મને આ યુવાન વિશે વધુ જાણવાની ઈચ્છા થઈ.

તે એક બહાદુર પગલું હતું, અને મેં તેની સાથે વાત કરવા માટે પાછળ ફરતા પહેલાં ઊંડો શ્વાસ લીધો. પરંતુ તેની ખુરશી ખાલી હતી, કૉફીનો અડધો ભરેલો કપ ટેબલ પર પડ્યો હતો. હું ઊભી થઈ, મારી આંખો તેના ઘેરા સૂટને સમગ્ર રૂમમાં શોધી રહી હતી, અને મેં તેને કૅફે છોડીને જતાં જોયો.

'હું તને બીજી વાર મળીશ,' હું નિશ્ચયથી ગણગણી. તે કદાચ એ ક્ષણ માટે ચાલ્યો ગયો હતો, પરંતુ મારા હૃદયના ઉત્સાહિત ધબકારાએ મને કહ્યું હતું કે મને મારી વાર્તા મળી ગઈ છે.

* * *

2

શ્રીમાન પ્રવાસી

હું મારી નોટબુકમાં ઝનૂનપૂર્વક લખી રહી હતી અને કબીરે મારા તરફ કોફીનો કપ સરકાવ્યો તે પહેલા મેં તેના આગમનની નોંધ જ લીધી નહોતી. 'તો આખરે તને લખવા માટે વાર્તા મળી જ ગઈ!' તેણે ખુશખુશાલ સ્મિત સાથે કહ્યું.

મેં તેના ઉષ્માભર્યા સ્મિતનો જવાબ આપતા મારા અવાજમાં ઉત્તેજનાના સંકેતની સાથે પ્રતિક્રિયા આપી. 'વેલ, હા. આખરે, મને શરૂઆત મળી ગઈ.'

તે મારી સામેની આરામદાયક લાલ ખુરશીમાં બેસી ગયો. 'બહુ સરસ. તું શું લખી રહી છે, એ તો મને કહે.'

મેં મારા ખભા સંકોર્યા.અને અચાનક શરમાતા મેં કહ્યું. હું પોતે પણ આછુંપાતળું જ જાણતી હતી કે મારૂ મન મારી આંગળીઓને ક્યાં લઇ જઈ રહ્યું છે, આવામાં હું શું લખી રહી છું તેનો સારાંશ તેને ક્યાંથી કહી શકું? મેં નિઃસાસો નાખીને કહ્યું. 'તે એક પ્રવાસી વિશે છે.'

'ઈન્ટ્રસ્ટિંગ,' કબીરે જવાબ આપ્યો. 'તે અત્યાર સુધી જે લખ્યું છે તે હું વાંચી શકું?'

ઊંડા વિચારોમાં, મારૂં માથું એક બાજુ નમાવતા, મેં પ્રમાણિકતાપૂર્વક જવાબ આપ્યો, 'મને ખાતરી નથી કે તે વાચવાલાયક છે કે નહીં.'

મારા મિત્રએ મારી તરફ તેની આંખો સંકોચી અને પોતાના માથા પર હાથ ફેરવ્યો. 'તને શું ખબર! ચાલ, હવે મને દેખાડ.'

'ઠીક છે.' મારા કીમતી શબ્દો વચાવવા માટે મેં નોટબુક તેની તરફ ફેરવી.

હું ખચકાઈ. તે મોટેથી વાંચશે એવી અપેક્ષા મને નહોતી.

'હું મુસાફરી કરવા માગું છું, સમગ્ર વિશ્વ ફરવા માગું છું. હું રોડ ટ્રીપ પર જવા માગું છું. અજાણ્યા સ્થળોએ રોકાઇ ને તેની સુંદરતા માણવા માગું છું. જંગલમાં પતંગિયાનો પીછો કરતા-કરતા દોડવા માગું છું. વિવિધ સંસ્કૃતિઓ અને વિવિધ

જીવનશૈલી ધરાવતા નવા-નવા લોકો સાથે વાત કરવા માગું છું. તેમની કથાઓ સાંભળવા માગું છું; સૂર્યના તડકામાં એક બગીચાની પાટલી પર બેસવા માગું છું. ક્યારેક ટેકરી પરથી તો ક્યારેક વૃક્ષો પાછળથી, દરેક સૂર્યોદય અને સૂર્યાસ્તનો આનંદ માણવા માગું છું. મારા વાળમાં મંદ હવાને માણતા અને મોજામાં છુપાયેલા રહસ્યોને સાંભળતા, હું વહેતી નદીના કિનારે કલાકો ગાળવા માગું છું. ઠંડા, વાદળથી ઘેરાયેલા પર્વતો અને પાંચેય મહાસાગરો વિશે એક કવિતા લખવા માગું છું. હું મારી સીમાઓને વળોટવા માગું છું. હું કુદરતની પ્રશંસા કરવા માગું છું, અને તેના સર્જનના જાદુ પર આશ્ચર્યચકિત થવા માગું છું. હું યાદો ઘડવા માગું છું. હું જીવંત મહેસુસ કરવા માગું છું. હું સર્જનહારને મહેસુસ કરવા માગું છું. હું મારી જાતને મહેસુસ કરવા માગું છું.'

તેનો હાથ હલ્યો અને મેં તેને પાનું ફેરવતા જોયો. તેણે એક ક્ષણ માટે શાંતિપૂર્વક વાંચ્યું અને તે આગળ વાંચે તેની હું આતુરતાથી રાહ જોઈ રહી હતી. મારું હૃદય, લગભગ વેદનાપૂર્વક, જોરથી ધબકી રહ્યું હતું.

'જીવન તમારા વતનમાં કેદ થવા માટે નથી સર્જાયું, પરંતુ તે શોધવા માટેનું અદભુત સ્થળ હોવું જોઈએ. મારે આ વિશ્વના બધા જ ખૂણા અને ગલીઓ જોવી છે. આ મારું લાંબા સમયથી સેવેલું સ્વપ્ન છે, અને જેમ-જેમ હું તેને પૂર્ણ કરવા પ્રયત્ન કરું છું, તેમ મને સમજાય છે કે આ એક પક્ષીના બચ્ચા જેવી લાગણી છે જે અન્ય સ્થળોએ ઉડી જવા માટે આતુર અને તત્પર થઈ તેના માળાની ધાર પર બેઠેલું હોય છે. મને ક્યારેક માનવીઓની દયા આવે છે કારણ કે તેઓ પ્રાણીઓની જેમ સ્થળાંતર કરવા માટે સક્ષમ નથી હોતા. પ્રાણીઓ માટે કોઈ સીમાઓ નથી, સિવાય કે તેઓ પોતાના માટે કશું કરી શકતા નથી. માનવ જ માત્ર એવું પ્રાણી છે જે કહે છે કે તે મુક્તપણે રહે છે, પરંતુ તે પોતાના માટે બનાવેલા બંધનો દ્વારા જ બંધાયેલો છે. આપણે ફક્ત આપણા કામ સાથે જ નહીં પરંતુ આપણા ઘર સાથે પણ બંધાયેલા છીએ. આપણે ફરતા નથી. આપણે એક નાનકડા, અલગ સ્થાન પર રહીએ છીએ-પાંજરું જ કદાચ તેને શ્રેષ્ઠ રીતે વર્ણવે છે. આપણો બિઝનેસ માટેનો એક વિસ્તાર છે અને આપણો એક વિસ્તાર છે જ્યાં આપણે એક જ ખોરાક ખાઇએ છીએ અને એક જ પ્રકારના લોકોને મળીએ છીએ. પુણે મારા માટે એક આવા જ પાંજરા સમાન બની ગયું છે. મને પુણે વિશે બધી જ ખબર છે, પરંતુ પ્રાણી

સંગ્રહાલયમાંના સિંહની જેમ, હું એક ખડક પર ઉભી રહી ને મારી નીચેના સામ્રાજ્યને જોવાની સ્વતંત્રતા માટે ઝંખું છું. મારે પક્ષીઓને ઉડતા, હાથીને તળાવમાં મસ્તીમાં નહાતા અને મુક્તપણે દોડતા હરણોને જોવા છે. આ એ જ સ્વતંત્રતા છે, જે માનવજાતને મળી છે, અને હું મારાં સપનાંની ક્ષિતિજ તરફ તેમનો પીછો કરીને તેને મેળવવા ઈચ્છું છું.'

કબીરનો અવાજ બંધ થયો અને તે મૌન બેસી રહ્યો. ધીરજ રાખવાનો પ્રયાસ કરતાં, મેં મારી આંગળીઓ કૉફીના કપની કિનારી પર ફેરવીને નીચે પડતા ટીપાને ઝીલ્યું. અજાણ્યે જ, મેં મારી આંગળી હોઠ તરફ ઉઠાવી અને ચાટી.

તેમ છતાં, તેણે કશું જ ન કહ્યું. છેલ્લે, મેં બરાડો પાડીને પ્રશ્ન પૂછ્યો. 'શું વિચારે છે તું?' મેં ભય મિશ્રિત ઉત્તેજના સાથે પૂછ્યું. 'કેવું છે?'

તેણે વિશાળ સ્મિત આપ્યું અને બોલ્યો. 'અતિસુંદર, મીરા! મને લાગે છે કે આ લખાણ લાખો લોકોના હૃદયને સ્પર્શ કરશે,' કબીરે ઉત્સાહપૂર્વક કહ્યું.

'ખરેખર?'

તેણે હકારમાં માથું હલાવ્યું અને મેં એક નર્વસ સ્મિત આપ્યું. 'આભાર!'

કબીરે મારી ડાયરી પર ઉમળકાભેર ટકોરો મારી, તે મારી તરફ વાળી . 'તું વાર્તા લખવાનું આગળ વધારીશ ત્યારે મને વાંચવું ગમશે. મને પૂરો વિશ્વાસ છે કે જેમ જેમ વાર્તાનું પોત ઉઘડતું જશે તેમ તેમ તે વધુ સારી બનતી જશે. તારી જાતને એક વચન આપ: મીરા, લખવાનું ક્યારેય બંધ નહીં કરતી!' મારો મિત્ર ઉભો થયો, પોતાના પેન્ટની કરચલીઓ સરખી કરતા તે પાછો પોતાના કામ પર લાગી ગયો.

કલમ પર મારા હાથના વિજયની મૂક ઉજવણીના આનંદ સાથે હું પૃષ્ઠો પરના શબ્દોને તાકી રહી. હું માત્ર એ વાતથી ખુશ હતી કે તેને આ વાર્તા ગમી હતી.

હું ફરીથી લખવાનું શરૂ કરું તે પહેલા કૅફેના કથ્થઈ એપ્રૉનમાં સજ્જ એક યુવાન છોકરી મારી પાસે આવી અને ગડી કરેલું એક નૅપ્કિન આપ્યું. હું તેના તરફ પ્રશ્નભરી નજરે ચુપચાપ જોઈ રહી, તેણે મને આ નૅપ્કિન ખોલવાનો ઈશારો કર્યો.

આતુર, પણ મૂઝવણ સાથ, પન નાચ મૂકાન મ અ નાપ્કન ખોલ્યો. તેમાં ઘાટા અક્ષરોમાં માત્ર એક જ શબ્દ લખેલો હતો: સુંદર.

મેં છોકરી સામે જોયું. ‘આ કોણે લખ્યું છે?’ મેં પૂછ્યું. તે પાછળ ફરી અને કેટલાક ટેબલ દૂર એક ખુરશી તરફ આંગળી ચીંધી. પરંતુ ત્યાં કોઈ નહોતું.

‘હું સમજી નહીં,’ મેં કહ્યું.

તે એક ક્ષણ માટે ગભરાઈ, પરંતુ પછી તેનો ચહેરો સ્મિત સાથે શાંત થયો. કૅફેની બહાર નીકળવાના માર્ગ તરફ માથું ઝુકાવી તેણે કહ્યું, ‘પેલા યુવાને આ તમને આપવા મને કહ્યું હતું.’

તે પેલો મુસાફર જ હતો. તે ફરીવાર છટકી ગયો હતો.

* * *

કબીર પણ જોઈ રહ્યો છે તેની નોંધ લેતા પહેલા મેં ધૂળ ભરેલી બારીમાંથી જોયું કે તે યુવાન દૂર નીકળી ગયો હતો. હું ઉભી થઈ અને કાઉન્ટર તરફ ધસી. ‘તે કોણ હતો?’ મેં કબીરને પૂછ્યું.

‘તે તેલક રોડ પરની સિટીબેન્કનો આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર છે,’ કબીરે મદદરૂપ થતા જણાવ્યું. ‘ગયા મહિનાથી તે ઘણી વાર અહીં આવી ચુક્યો છે.’

મેં વિચારમાં મારો હોઠ કરડ્યો. ‘ગયા વીકએન્ડમાં યોજાયેલી લેખકોની બેઠકમાં પણ તે હતો. તેણે તને તેનું નામ જણાવ્યું છે?’

મારા મિત્રએ માથું ધુણાવી અમારી વચ્ચેના કાઉન્ટરને બેફીકરાઈપૂર્વક સાફ કર્યું. ‘તે ઝાઝી વાત નથી કરતો. જો કે, મને તેનું નામ ખબર છે કારણ કે તે દર વખતે ક્રેડિટ કાર્ડ દ્વારા જ બિલની રકમ ચૂકવે છે. તેનું નામ વિવાન છે.’

‘વિવાન,’ તે નામનો સ્વાદ મારી જીભ પર લેતા મેં તેનું ફરી ઉચ્ચારણ કર્યું. ‘કૅફેમાં સામાન્યપણે તે ક્યા સમયે આવે છે?’

કબીરે ખભા ઉલાળતા કહ્યું. ‘અરે, જ્યારે હું કહું કે તે નિયમિતપણે આવે છે, એનો અર્થ એ થયો કે તે ઘણીવાર આવે

છે, પણ તેના આવવાનો કોઈ ચોક્કસ સમય નથી. તેને ઈચ્છા થાય ત્યારે તે અહીં આવી પહોંચે છે.'

મેં એક મિનિટ માટે વિચાર કર્યો. 'હવે પછી તે અહીં આવે તો શું તું મને ટેક્સ્ટ મેસેજ કરી શકીશ?' મેં પૂછ્યું.

'ચોક્કસ,' કબીરે કહ્યું. 'પણ તું વિવાન વિશે આટલી પૂછપરછ શા માટે કરી રહી છે?'

'તે એ જ પ્રવાસી છે કે જેના વિશે હું વાર્તા લખી રહી છું,' મેં જવાબ આપ્યો.

આઘાતથી કબીરનું મોં ફાટી ગયું અને તેને ત્યાં જ ઉભેલો છોડી કૅફેમાંથી જતા-જતા હું મારી જાતને હસવાથી રોકી શકી નહીં.

* * *

વિવાન

3

ટ્વિન ડિંપલ્સ

ચાલતા ચાલતા હું ઑફિસ તરફ જઈ રહ્યો હતો., ત્યારે રસ્તા પરના એક નાના પથ્થરની ઠેસ લાગતા હું અસંતુલિત થઈ ગયો. મારૂં મન ચોક્કસપણે ઑફિસના એ બિલ્ડિંગ પર નહોતું જેના તરફ હું જઈ રહ્યો હતો. ખરૂં કહું તો, કામ પર જવા માટે મારૂં જરાય મન નહોતું.

આ મારા વ્યક્તિત્વથી તદ્દન વેગળું હતું. એ વાત સાચી કે, પ્રવાસે જવા હું મુક્ત થવા ઈચ્છતો હતો, પરંતુ હું જ્યાં હતો ત્યાં જ રહેવાનો ભરપૂર પ્રયાસ કરતો. જીવને મને કેટલાક આકરા ફટકા માર્યા હતા, પરંતુ હું હંમેશા મારા જીવનમાં આવેલ સ્થિરાંકો માટે આભારી રહ્યો છું, અને મારૂં કામ તેમાનું એક છે.

હું મારી ઑફિસમાં પહોંચું તે પહેલા જ મારા જૂતા ઓફિસના પૉલિશ્ડ ફ્લૉર પર ઘસડાઈને અવાજ કરી મારા આગમનની જાહેરાત કરવા લાગ્યા. હું તે ચકચકિત પ્રવેશ સ્થાનમાંથી જલદી પસાર થઈ અને મારા પોતાના વિસ્તારમાં જવા માટે ઉતાવળો થયો, જ્યાં મારા જૂતાંઓ અવાજ ન કરે.

'સાહેબ,' રિસેપ્શનિસ્ટે મને પાછળથી બોલાવ્યો. મેં નિસાસો નાખતા ઝડપથી ભાગવા માટે પ્રયાસ કર્યો. તેને વાસ્તવિક લાગે તેવી આશા સાથે મેં સ્મિત કર્યું અને હું તેની તરફ ફર્યો. એ ક્ષણે મને મારા કામ પ્રત્યે નફરત હતી, તેમાં તેનો કશો જ વાંક નહોતો. 'મારી પાસે તમારા માટે કેટલાક મેસેજીસ છે. તમારૂં વૉઇસ મેઇલ બૉક્સ ફરીથી ભરાઈ ગયું છે.'

હવે, મારૂં સ્મિત બનાવટી ન હતું. 'હું દિલગીર છું,' મેં માફીભર્યા સ્વરે કહ્યું. 'તમે મારા મેસેજીસ લીધા તે બદ્દલ હું આભારી છું.'

'એ તો મારૂં કામ જ છે,' તેણે ખુશીપૂર્વક કહ્યું. હું તેની પાસે પહોંચ્યો અને તેના હાથમાંથી કાગળની સ્લિપ્સ લેવા ગયો ત્યાં તેની આંગળીઓ મારી આંગળીઓ સાથે ટકરાઈ. મને લાગ્યું કે રિસેપ્શનિસ્ટ ખૂબ જ આકર્ષક હતી, પરંતુ તે તરફ મારૂં ધ્યાન કેન્દ્રિત નહોતું.

મારા મનન ઘરા ઘાલા બઠલા યુવતા ત હતા જ ત ાદવસ અર્જુન મહેરાના સત્ર દરમિયાન મારી સામેના ટેબલ પર બેઠી હતી, એ જ સ્ત્રી જે થોડા સમય પહેલાં કૅફે મેનેજર સાથે હાંફીને વાત કરી રહી હતી.

હું તેને શોધતો કૅફેમાં ફરીથી ગયો નહોતો; એટલીસ્ટ,મેં મારી જાતને એવું સમજાવ્યું હતું. હું તો માત્ર શહેર મળતી શ્રેષ્ઠ કૉફીનો કપ પીવા માગતો હતો.

પરંતુ હું ત્યાં પહોંચ્યો ત્યારે તે ત્યાં જ હતી.

જયારે તેણે મારી નોંધ ન લીધી ત્યારે હું લગભગ નિરાશ થઈ ગયો હતો, પરંતુ બેઠા પછી, કબીર સાથેની તેની વાતચીતના અંશ મેં સાંભળ્યા.

મારા વાળમાં મંદ હવાને માણતા અને મોજામાં છુપાયેલા રહસ્યોને સાંભળતા, હું વહેતી નદીના કિનારે કલાકો ગાળવા માગું છું.

આ મે લાંબા સમયથી સેવેલું સ્વપ્ન છે, અને જેમ-જેમ હું તેને પૂર્ણ કરવા પ્રયત્ન કરૂં છું, તેમ મને સમજાય છે કે આ એક પક્ષીના બચ્ચા જેવી લાગણી છે જે અન્ય સ્થળોએ ઉડી જવા માટે આતુર અને તત્પર થઈ તેના માળાની ધાર પર બેઠો છે.

આ શબ્દો બોલી તો કબીર રહ્યો હતો, પરંતુ મારા મનમાં, જાણે હું કોઈ મનગમતું ગીત સાંભળી રહ્યો હોઉં તેમ તેના અવાજમાં એ વાક્યો પડઘાતા હતા.

એ શબ્દો મારા માટે જ લખાયા હોય એવું બની શકે છે , મેં લેધરની નરમ ખુરશી પર બેસતાં, અને તરત જ બારીની બહાર ડોકિયું કરતા વિચાર્યું. **પરંતુ આ તો સાવ મૂર્ખાઈભરી વાત છે. મારા દિલની ખ્વાહિશો તે કઈ રીતે જાણી શકે.**

જે રીતે તે અને કબીર વાત કરી રહ્યા હતા, તેના અવાજમાંનો ખચકાટ સ્પષ્ટ વર્તાતો હતો. તેનામાં જે પ્રતિભા હતી તેને રજૂ કરવાની હિંમતનો તેનામાં અભાવ હતો. મને આશા હતી કે તે હાર નહીં માને; તેનું લખાણ તેના માટે એવા સ્વપ્ન જેવું હતું જેમ મુસાફરી કરવી એ મારૂં સપનું છે, આ મુદ્દો હું બરાબર સમજી શકતો હતો.

તેના માટે હું જે પ્રેરક ચબરખી છોડી આવ્યો હતો તેના વિશે વિચાર કરી હું આછું હસી પડ્યો. સુંદર. તેનો અર્થ બે રીતે નીકળતો હતો: તેના લેખનમાં ચોક્કસપણે એક ગહન સુંદરતા

હતા. પરતુ હુ તના શબ્દા દ્વારા જટલા મત્રમુગ્ધ થયા હતા, તના કરતાં વધુ તે છોકરીમાં હું ડૂબી ગયો હતો.

તે નાનકડી પણ અદભુત હતી, તેને યાદ કરીને મને હસવું આવ્યું. તે રાત્રે જયારે તે મારી સામે બેઠી હતી ત્યારે હું મૌનપૂર્વક તેના પાછળ ફરવાની રાહ જોતો તેની પીઠને નિહાળતો લાંબા સમય સુધી બેસી રહ્યો હતો. તેના પાતળા પગ ખૂબ જ સૌમ્યતાથી ખુરશી નીચે ગોઠવાયેલા હતા, અને હું મારી જાતને તેના ઘેરવાળા વાદળી સ્કર્ટ પાછળ છુપાયેલી તેની મૃદુ કથ્થઈ ત્વચા અંગે વિચારતા મારી જાતને રોકી શકતો નહોતો.


પરંતુ, હું મારી જાતને તેના ખંજનોની ઊંડી જોડમાં અને તેની ઘેરી આંખોમાં ખોઈ દેવા માગતો હતો. તે જ્યારે તે ધ્યાન કેન્દ્રિત કરતી ત્યારે ભાગ્યે જ દેખાતા તેના તેજસ્વી સ્મિતથી તેના ચહેરા પર અનેક સ્તરો ઉભરી આવતા હતા. જાણે કે બે દેવદૂતો તેને એક જ સમયે ચુંબન ન કરી રહ્યા હોય.

તેની તસવીર મારા મગજમાંથી કાઢવા મેં માથું ધુણાવ્યું. મેં તેના માટે વેઇટ્રેસના હાથે ઉતાવળે લખાયેલી ચબરખી મોકલાવી હતી તેની કોઈ પ્રતિક્રિયા છે કે નહીં તે જોવા માટે, મેં બીજા દિવસે ત્યાં જવાનો નિર્ધાર મનોમન કર્યો.

આ પહેલાં હું ઉતાવળે ત્યાંથી નીકળી ગયો હતો; હું ત્રીજી વખત ઉતાવળે નીકળવા માગતો નહોતો. હું કૅફેમાંની આ ઉભરતી લેખિકા વિશે વધુ જાણવા માગતો હતો.

* * *

મીરા



4

કુમારી લેખિકા

જીવન તમને અનપેક્ષિત વળાંક પર લાવીને છોડે છે. માત્ર થોડા અઠવાડિયા પહેલા જ, હું એક વાર્તા શોધી રહી હતી. અને પછી, જ્યારે મને એક વાર્તા મળી ત્યારે તે એક સંપૂર્ણ કથા બની શકે તેમ હોવા છતાં મને તેનો માત્ર નાનકડો જ ખ્યાલ હતો. પરંતુ મને ખબર હતી કે મારી પાસે એક વાર્તા છે, અને અત્યાર સુધીમાં મેં લખેલી કે વાચેલી વાર્તાઓમાં સૌથી સ્પર્શે એવી વાર્તા હશે.

લગભગ સાંજના સાડા છ વાગ્યાનો સમય હતો અને હું ઑફિસમાંથી નીકળવાની તૈયારીમાં હતી. એ ખૂબ લાંબો દિવસ હતો અને મારૂ માથું દર્દ કરી રહ્યું હતું. એક પર એક સમસ્યાઓનો ઢગલો થઈ રહ્યો હોય તેમ લાગતું હતું અને તેમનો કોઈ જ ઉકેલ મને દેખાતો નહોતો.

મારો ફોન રણક્યો, પરંતુ હું એટલી થાકેલી હતી કે મેં તેને લગભગ અવગણ્યો. મેં મારા ખિસ્સામાં હાથ નાખ્યો અને મારા ફોનને ફરી તેના માળામાં છોડી, હાથ બહાર ખેંચી લીધો. મેં આગળની તરફ થોડા પગલાં ભર્યાં પણ મારી ભૂખ્યા લેખક તરીકેની જિજ્ઞાસાને અવગણવી મુશ્કેલ હતી. ફરી વાર મેં મારા ખિસ્સામાં હાથ નાખી ફોન કાઢ્યો અને કેટલાક બટન્સ દબાવ્યા. એ કબીરનો કૉલ હતો. '**તારો પ્રવાસી અહીં છે.**'

હું મારા માથાનો દુખાવો ભૂલી ગઈ અને ઝનૂનપૂર્વક બટન્સ દબાવતી બહાર નીકળવા માટે ધસી.

'તેને રોકીને રાખજે. હું આવી રહી છું.'

થોડી ક્ષણો બાદ, હું કૅફે તરફ જતા રસ્તા પર હતી.

* * *

બારીમાંથી મેં તેને જોયો અને મેં મારી તીવ્ર ગતિને સામાન્ય કરી. ત્યાં પહોંચતા જ મેં કબીર સાથે આંખ મેળવી

અન આભારમા માથુ ઝૂકાવ્યુ.

હું મારા કપડાં, મારા વાળ, અને મારા મેકઅપની માનસિક ચકાસણી કરતા તેના ટેબલ તરફ ગઈ. મેં બપોરના ભોજનના સમયે પણ કામ કર્યું હોવાથી ઓછામાં ઓછું એટલું જણાતી હતી કે મને શરમમાં નાખે તેવો કોઈ ડાઘ કે ભોજનનાના કણ મારા દાંતમાં ફસાયેલા નહોતા.

એક ઊંડો શ્વાસ લેતા, હું તેની સામેની ખુરશી પર બેસી ગઈ. ‘તો, મિ. વિવાન, તમે કેમ છો?’ જાણે આ મુલાકાત અમે સદીઓ પહેલા ગોઠવી હોય તેમ મેં તેને મારૂ સૌથી અદભુત સ્મિત આપ્યું.

તેણે ઊંચુ જોયું અને બે વખત આંખો ઝપકાવી. ‘એક્સક્યુઝ મી?’ હું તેના અવાજ પરથી કહી શકતી હતી કે સામે ચાલીને મેં કરેલ અભિવાદનથી તેને આશ્ચર્ય થયું હતું. અથવા કદાચ હું તેનું નામ જાણતી હતી તેને કારણે તે ચોંક્યો હતો.

મેં પગ પર પગ ચડાવ્યો અને મારી ખુરશીને અઢેલીને નિરાંતે બેઠી. મારી ઇરાદાપૂર્વકની હિલચાલને મારા પૂર ઝડપે દોડતા હૃદયને દગો ન દીધો. ‘મને માફ કરજો,’ મેં શરૂ કર્યું, ‘પરંતુ તમે ત્રીજી વખત મને છોડીને જતા રહો તે પહેલા આપણે વાત તો કરી જ લેવી જોઈએ.’ કબીરને મારી કેપેચીનો મોકલવાનો ઈશારો કરવા હું તેના તરફ ફરી.

‘વૅલ, હું તમને છોડીને ક્યારેય ગયો નથી,’ પહેલી વાર મારી આંખોમાં ઊંડાણ પૂર્વક જોઈ વિવાને કહ્યું. એક ક્ષણ માટે, મારી શાંત હિલચાલ અસ્થિર થવા લાગી. જેવી તેણે મારી સાથે નજર મિલાવી અને નજર હટાવવાનો ઇન્કાર કર્યો કે હું મારા હાથની ધ્રુજારી અનુભવી શકતી હતી.

મેં મારા હાથને સાચવી જવાનો મૂક આદેશ આપતા, મારી આંગળીનાં ટેરવાંને મચક આપી. હું જ્યારે ચુપચાપ ચોકલેટ કૂકી સરકાવી લેતી ત્યારે મારી મમ્મી જે પ્રમાણે માથું ધૂણાવતી તે જ રીતે મેં માથું હલાવ્યું. ‘પરંતુ તમે ક્યારેય રોકાયા નથી. તમે દર વખતે છટકી જ ગયા છો,’ મેં મારી આંખોને તેની આંખોમાં પરોવીને જવાબ આપ્યો. મને લાગ્યું કે જાણે મેં એક નવું બ્રહ્માંડ શોધી કાઢ્યું છે.

તેણે ભ્રમરો ચડાવી કપાળમાં કરચલીઓ પાડી. ‘મને મુસાફરી કરવી ગમે છે. તમને એ ખબર નથી?’

'મન ખબર છ.' મારા અવાજ ધામા અન શાત હતા. હવ શુ કહેવું તેની મને ખબર નહોતી. તેની આંખોએ મારા પર જાણે કોઈ મંત્ર ફૂંક્યો હતો અને હું સંપૂર્ણપણે મંત્રમુગ્ધ થઈ ચુકી હતી.

તે એટલી મૃદુતાથી વાત કરી રહ્યો હતો કે હું તેને મહા મહેનતે સાંભળી શકતી હતી. હું તેનો અવાજ સાંભળવાની સાથે તેના હોઠની સંપૂર્ણ હિલચાલ પરથી તેના શબ્દો સમજી રહી હતી. 'અને હું અહીં રોકાઉં એવું તમે શા માટે ઈચ્છો છો?'

મને બસ એટલી જ ખબર હતી કે, હું ઘણા લાંબા સમય સુધી આ બ્રહ્માંડમાં રહેવા માગતી હતી. મને મારી અંતરાત્માએ કહ્યું કે મૃદુતાથી તેને અહીં રોકી શકાશે નહીં. મેં મારા અવાજમાં આત્મવિશ્વાસ ઉમેરતા, મારું ગળું ખંખેર્યું. 'મને લખવું ગમે છે,' મેં જવાબ આપ્યો. 'કદાચ એટલે જ.' મેં તેને એક ઝડપી સ્મિત આપ્યું. 'તમને એ ખબર નથી?'

તે પહેલી વાર હસ્યો. તમે તમારા સમગ્ર જીવનકાળ દરમિયાન ક્યારેક જ અનુભવી શકો એવું વિરલ સ્મિત હતું. જાણે કોઈ હીરો એક સાદા પથ્થરની અંદર ઊંડે છુપાયેલો હોય. આવાં સ્મિતમાં તમને અંદરથી બદલી નાખવાની શક્તિ હોય છે.

'મારા વિશે લખવા જેવું કશું જ નથી,' વિવાને માથું ધુણાવતા જાહેર કર્યું

મેં મારી આંગળીઓ એકબીજા સાથે પરોવતા મારા હાથ ટેબલ પર હળવેકથી પછાડ્યા. 'દરેક વ્યક્તિ પાસે કહેવા માટે એક વાર્તા હોય છે,' મેં આગ્રહ.કર્યો. 'દરેક વ્યક્તિ એક લેખક છે. કેટલીક વાર્તાઓ પુસ્તકોમાં લખાય છે, તો કેટલીક હૃદય પૂરતી સીમિત રહે છે.' મને મારા જવાબ પર ગર્વ થયો.

અને ત્યાં થોડી ક્ષણો માટે શાંતિ છવાઈ ગઈ. અને અમે જે રીતે પાંપણો ઝૂકાવ્યા વિના શરૂઆત કરી હતી, તેનાથી બાળપણમાં હું મારી બહેન સાથે રમતી, તે રમત મને યાદ આવી ગઈ.

મેં જોવાને બદલે અનુભવ્યું કે એક કપ મારી સામે મૂકવામાં આવ્યો હતો. 'આ રહી તમારી કૉફી.'

મને કશી જ ખબર ન હતી કે કોણે મને એ કપ આપ્યો, પરંતુ મેં નજર હટાવ્યા વગર જ તેનો આભાર માન્યો અને અંતે મારી આંખોને ઝુકાવી, મૃદુતાથી કેપેચીનોનો એક ઘૂંટડો ભર્યો.

મેં આગળ વાત કરવાનું ટાળ્યું. કારણ કે હવે તેનો વારો હતો.

આખર તણ વાત શરૂ કરા ત પહલા મ ત્રણ ઊડા શ્વાસા ગણ્યા. 'તમે શબ્દોનો ઉપયોગ કરવામાં સારાં છો,' વિવાને મૌન તોડતા કહ્યું.

'આભાર' મેં કહ્યું.' અને તમે શેમાં સારા છો?' હું વિવાન વિશે વધુ જાણવા માટે આતુર હતી. તે ખૂબ જ રહસ્યમય, છતાં અદ્ભુત હતો.

મને જવાબ મળે તે પહેલા જ વિવાનના સેલ ફોનની રિંગ વાગી. તેમણે ઝડપથી ફોન લઈને કોલર આઈડી ચકાસ્યું. તેને મારી સામે જોયું ત્યારે તેની આંખો દિલગીર હતી, તેના ચહેરા પર નિરાશાની લહેર છવાઈ ગઈ.

પછી તે હસ્યો. 'મને લાગે છે કે હું ભાગવામાં હોંશિયાર છું,' તેણે કહ્યું.

હું નિરાશ થઈ ગઈ. 'ફરીથી?' મેં નીચા અવાજે પૂછ્યું.

'હંમેશા,' હું તેને સાંભળી શકું તેમ ટેબલ તરફ ઝૂકતાં તે ધીમા અવાજે બોલ્યો.

'શા માટે?' મેં તરત જ પૂછ્યું. હું તેને જવા દેવા માગતી નહોતી. થઈ શકે એટલા વધુ સમય સુધી તેની સાથે વાત કરવાનું મેં વિચારી રાખેલું.

તે પોતાના ખભા કાન સુધી ઊંચા લઈ ગયો 'પ્રેમ.'

હું રડવા માગતી હતી, પરંતુ તેની આંખોમાં મસ્તીભર્યો ઝળહળાટ હતો. 'શું?'

'મને પ્રવાસ પ્રત્યે પ્રેમ છે,' તેણે કહ્યું. 'હું એક સ્થળે નથી રહી શકતો.'

હમણાં નહી , મારૂં મન કહી રહ્યું હતું. 'તમે મને ફરી મળશો?' મેં પૂછ્યું.

'શા માટે?' તેણે પડકારભર્યા સ્વરે પૂછ્યું.

મેં તેના સ્વરની નકલ કરતા કહ્યું. 'કદાચ તમે મારી વાર્તા છો.'

'કુમારી લેખિકા,' તે ઉભો થતા બોલ્યો. 'હું કલ્પના નહીં, વાસ્તવિક છું.' તે હસ્યો અને જવા લાગ્યો.

હું પણ ઉભી થઈ અને તેનો હાથ ધીમેથી પકડ્યો. 'હું મીરા છું,' મેં ઉદાસીનતાથી કહ્યું. 'કુમારી લેખિકા નહીં.'

અન ત ભાગા શક ત પહલા હુ જ કફ છાડાન ચાલા નાકળા

.

* * *

વિવાન

5

મોડી રાતનો કૉલ

હું મારા પલંગની ધાર પર બેઠો, મારા હાથ મારા ઘૂંટણ પર હતા એને મારું મન એક પછી એક વિચારોના ચકડોળે ચડ્યું હતું.

હું મારા સેલ ફોનને હાથમાં ગોળ-ગોળ ફેરવી રહ્યો હતો, અને જ્યાં સુધી મને જોઈતો હતો તે નંબર ન મળ્યો ત્યાં સુધી મેં મારા ફોનના કૉન્ટેક્સમાં ખાંખાખોળા કર્યા.

તેણે જવાબ આપ્યો, તેણે મારું નામ લીધું ત્યારે તેનો અવાજ એકાદ ગીત ગણગણાતું હોય એવો લાગ્યો. 'વિવાન! કેમ છે તું, વ્હાલા? ઘણો લાંબો સમય થયો તારી સાથે વાત કર્યા ને!'

'મને ખબર છે,' મેં જવાબ આપ્યો, મારી નસોમાં શરમ વહી રહી હતી. 'હું કામમાં ખૂબ જ વ્યસ્ત હતો...'

મેં તેને ગુસ્સે થતા સાંભળી. 'હા, કામ. તું તો હંમેશા કામ વિશે જ વિચારે છે,' તેણે તિરસ્કારપૂર્વક કહ્યું.

'એ ખરૂં નથી,' મેં દલીલ કરી. પરંતુ તે આંશિક રીતે સાચું હતું. મેં મારા જીવનનું ઘડતર કાળજીપૂર્વક કરેલું, તેથી જ હું મિત્રો, કુટુંબ અને વિચારો માટે સમય ફાળવી શકવા માટે ખૂબ જ વ્યસ્ત હતો.

દરેક વ્યક્તિ એક યા બીજી બાબતથી દૂર ભાગતી હોય છે. એક સમયે, હું મારી પોતાની જાતથી દૂર ભાગતો હતો.

'તો,' તે પોતાનો અવાજ મોટો કરતા બોલી. 'મને કહે કે શું ચાલી રહ્યું છે આજકાલ. હું એ બધી જ બાબતો વિશે જાણવા માગું છું, જેમાં મારો લાડકો ભત્રીજો વ્યસ્ત છે.'

હું જાણતો હતો કે મને માફી મળી ગઈ છે. જો પ્રિયા આન્ટી મારાથી નારાજ હોય તો તે ક્યારેય મને પોતાનો લાડકો ભત્રીજો કહીને બોલાવે જ નહીં. વિચિત્ર હતું, પણ હું તે થોડા શબ્દો સાંભળી હળવો થઈ ગયો. મને ક્ષણેક વિચાર આવ્યો કે શબ્દો કેટલા મહત્વપૂર્ણ છે, અને બોલાયેલા તથા લખાયેલા શબ્દો કઈ

રાત નુકસાન પહાચાડા શક છ... અથવા દવાનુ કામ કરી શક છે.

'વૅલ,' આન્ટી તરફ ફરી ધ્યાન કેન્દ્રિત કરતા મેં શરૂઆત કરી, 'તમે સાચાં છો; હું કામમાં વ્યસ્ત હતો.'

'કામ કંટાળાજનક છે,' હું લોન અને વ્યાજ દરો વિશે વાત કરું તે પહેલા જ મને રોકી પાડતા તેઓ બોલ્યાં, 'તે જરૂરી છે, પરંતુ આજની વાતચીતનો વિષય તો નથી જ. તારી દુનિયામાં કેવી મજા છે?'

હું હસ્યો.' અહીં મજા માટે બહુ સમય નથી, આન્ટી.'

તે હાર માને એમાંના નહોતા. 'તું ફિલ્મો જોવા જાય છે કે નહીં?'

'હમણા તો નથી ગયો.'

'કોઈ સારી રેસ્ટોરાં?'

'ના.' મેં હતાશા સાથેનો તેમનો નિસાસો સાંભળ્યો. હું કલ્પના કરી શકતો હતો કે તેઓ પોતાના રસોડાના ટેબલ પર બેસી, આતુરતાપૂર્વક તેમની આંગળીઓથી ટકોરા મારી રહ્યાં હતાં. હું હસી પડ્યો. 'જો કે,, હું એક નવા કૅફેમાં ગયો હતો,' મેં કહ્યું.

'ખરેખર?' તેમને રસ પડ્યો. 'મિત્રો સાથે?'

તેઓ શું કહેવા માગે છે, તે હું જાણતો હોવાથી મને હસવું આવ્યું: મિત્રોથી તેમનો મતલબ છોકરીઓ કહેવાનો હતો. 'ના,' મેં કહ્યું. 'તેઓ બહુ સારી ફ્રૅન્ચ રૉસ્ટ કૉફી બનાવે છે, જે મને ગમે છે અને ત્યાંનું વાતાવરણ ખૂબ જ મજાનું છે. અને તેમને ત્યાં લેખકોની ગોષ્ઠી યોજાય છે...' તેનો વિચાર આવતા જ હું અટકી ગયો. મીરા. તેનું નામ મારા માટે સાંજની ગરમ હવા જેવું હતું.

'આ તો રસપ્રદ જણાય છે,' તેમણે કહ્યું. 'પણ તું હજુ એકલો જ છે.'

'હું એમ જ રહેવા માગું છું, આન્ટી,' મેં કહ્યું. 'તમને ખબર છે કે મારે મુસાફરી કરવી છે. મારે આખું વિશ્વ જોવું છે, ગ્રાન્ડ કેન્યોન જોવું છે, ગ્રૅટ વૉલ ઑફ ચાઈના જોવી છે.'

'પિરામિડ,' તેમણે મારા વિચારોને માર્ગ આપતા કહ્યું. 'મને ખબર છે, વિવાન. અને હું જાણું છું કે તને મુસાફરી કરવાની તક ન મળી હોત જો-

તમના બાકા રહલા વાક્ય ન કાપા નાખતા, બચન બના ન મેં કહ્યું. ‘પરંતુ હું કરી શકું છું, અને હું કરીશ.’

‘ક્યારે?’

‘મને ખબર નથી,’ મેં કહ્યું. ‘કદાચ ટૂંક સમયમાં જ.’

‘તું એકલો નહીં થઈ જાય ને?’

‘કદાચ’ મેં સ્વીકાર્યું. ‘કદાચ થઈ જઈશ. પણ માણસે એકલા રહેતા શીખવું જરૂરી છે.’

‘હું આશા રાખું છું કે જે તું આ મહાન, વિશાળ વિશ્વમાં શોધી રહ્યો છે તે તને મળી જાય,’ તેમણે જવાબ આપ્યો.

‘અને તે શું હશે?’ મેં તેમની ટીખળ કરી.

‘તે તો માત્ર તું જ જાણે છે, વિવાન.’

* * *

મીરા

6

શ્રીમાન પ્રેમી

મેં એ પછીના કેટલાક દિવસ કૅફેની મુલાકાત ન લેવાનું નક્કી કર્યું. મારા અસ્તિત્વનો એક ભાગ ત્યાં જવા માટે મરી રહ્યો હતો, પરંતુ બીજો ભાગ હજુ પણ વિવાનના એકાએક જતા રહેવાને કારણે કચડાઈ ગયો હતો અને મને લાગ્યું મારા હૃદયને સાજું કરવા મારે ત્યાંથી થોડું દૂર જ રહેવું જોઈએ.

વિવાન વિશે વિચાર્યા વિના મારો એકે ય દિવસ પસાર થયો નથી. તેના વ્યકિતત્વ વિશે કશુંક રહસ્યમય હતું જે મને તેની તરફ ખેંચતું હતું. હું તેના વિશે વધુ જાણવા માગતી હતી. મારે તેના વિશે વધુ જાણવાની જરૂર હતી. કોઈ બીજાની વાર્તામાં મારી જાતને શોધવા માટે મારે આ સમયની જરૂર હતી.

* * *

થોડા દિવસ પછી, હું શનિવારવાડાના બગીચામાં ફરી રહી હતી. પુણેમાં ઉછેરેલી હોવાથી, તે મારા મનગમતા સ્થળોમાનું એક હતું. મારા હાથને સ્ટીલના દરવાજા પર ફેરવતા-ફેરવતા, તેના મેદાનો અને કિલ્લાની અંદર ફરવું મને ગમતું.

બાળક તરીકે, હું દરવાજા પરના અણીદાર સળિયા જોતી-જે પ્રવેશદ્વારના રક્ષણ માટે લગાવાયા હતા-અને ઇચ્છતી કે ક્યારે હું મોટી થઈને તેમાં સુધી પહોંચી શકીશ.

શા માટે આપણે હંમેશા પરિપકવ બનાવ માટે બેચેન હોઈએ છીએ? આ બાબત માત્ર તમને ખૂબ દુઃખી બનવાની શક્યતા તરફ દોરે છે.

હું પથ્થરના રસ્તા પર ચાલતી હતી ત્યાં જ મારો ફોન વાઇબ્રેટ થયો. મેં તેને મારા ખિસ્સામાંથી બહાર કાઢયો અને મોકલનારનો નંબર જોયો. એ નંબર મારા માટે નવો હતો. મેં મેસેજ વાંચ્યો. **'સોરી'**

'આ કોણ છે?' મેં વળતો મેસેજ મોકલ્યો.

'ચાલ મળીએ' મોકલનારે પોતાની ઓળખ આપી નહીં.

મારૂ હૃદય ધબક્યું. મને લાગ્યું કે હું જાણતી હતી કે એ કોણ છે, પરંતુ હું ખાતરી કરવા માંગતી હતી. મારો એક ભાગ ઉત્સાહિત હતો, પરંતુ બીજો ભાગ થોડો નારાજ હતો.

મેં થોડી મિનિટો માટે મેસેજને અવગણ્યો. તેને રાહ જોવા દે. આખરે, મેં જવાબ આપ્યો. 'મને કહો તમે કોણ છો,' મેં માગણી કરી.

'તમે મને નથી ઓળખાતા, કુમારી લેખિકા?'

મને એ હકીકતથી આશ્ચર્ય થયું કે તે ખરેખર વિવાન હતો. મને આશ્ચર્ય થયું કે હું ત્યાંથી નીકળી ગઈ ત્યાર પછી તેણે મારો નંબર કબીર પાસેથી લીધો હશે કે કેમ.

'હું તમને હજુ ઓળખતી નથી. તમે હંમેશા ભાગતા રહો છો,' મારો જવાબ હતો.

'તો આવો અને મને ઓળખો. આવતી કાલે સાંજે 7 વાગ્યે કૉફી એન્ડ અસમાં.'

હું તેના માટે આ સરળ બનાવવા માગતી ન હતી. મેં મેસેજ કર્યો: 'હું તમને ટેબલ સાથે હાથકડીથી બાંધી દઈશ જેથી તમે ભાગી ન શકો.'

* * *

વિવાનના રહસ્યમય વ્યકિતત્વમાં જે જવાબો છુપાયેલા હતા તને મેળવવાની રાહ અને ઝંખનાને કારણે એક આખો દિવસ મને અસીમ લાગતો હતો. તેની વાર્તા જાણે મને બોલાવતી હતી, મને આકર્ષતી હતી, તેને ધીમે-ધીમે ઉકેલવા અને તેના વિશે લખવા મને સંકેત કરી રહી હતી.

કૅફેમાં વહેલી પહોંચવાનો મારો ઈરાદો હતો, પણ તૈયાર થવામાં મને એટલી વાર લાગી કે હું પહોંચી ત્યારે વહેલી તો નહોતી જ. ખરેખર તો, હું ત્રીસ મિનિટ મોડી હતી. કૅફે પહેલેથી જ ભરેલો હતો અને વિવાન જતો ન રહ્યો હોય એવી આશા સાથે આસપાસ નજર દોડાવી. મેં એક ખૂણા તરફ જોયું અને તે ભીડથી શક્ય એટલો દૂર બેઠેલો દેખાયો. તેણે કૉફીનો એક ઘૂંટડો ભરતાં ઉપર જોયું અને સ્મિત આપ્યું. વિવાન કેઝ્યુઅલ કપડાંમાં પણ એટલો જ સરસ લાગતો હતો જેટલો તે સૂટ પહેરીને લાગતો હતો અને મેં ટેબલ તરફ જતા-જતા તેના

જિન્સ અને કાળા પીલા શર્ટ પર નજર ફેરવી. ઘેરા રંગો તેના પર સારા લાગતા હતા.

'મને એવા વિચાર આવવા શરૂ થવાના હતા કે તમેં ક્યારેય અહીં નહીં આવો,' હું બેસવા જતી હતી ત્યાં વિવાને મજાક કરી.

'મોડા પડવા બદ્દલ મને માફ કરજો,' મેં કહ્યું, પણ કોઈ પણ બહાનું ન બનાવ્યું. 'તમે મને તમારા વિશે કંઈક જણાવો, હું તે જાણવા આતુર છું.'

'હું જણાવીશ,' તેણે વચન આપ્યું, 'પરંતુ પહેલા કહો કે છેલ્લે જ્યારે હું તમને મળ્યો ત્યાર બાદ તમે કેમ છો?'

મેં મારી જાતને ધીરજ ધરવાની ફરજ પાડી. 'મારું કામ સારી રીતે ચાલી રહ્યું છે,' મેં ટૂંકમાં કહ્યું.

'તમે કંઈ મોજ-મજા કરી?'

હું હસી. 'હા, હું શનિવારવાડા ગઈ હતી. મને ત્યાંના બગીચામાં બહુ શાંતિ મળે છે.'

'મને પણ ત્યાં બહુ સારૂં લાગે છે,' તેણે કહ્યું. 'બહુ મોટો ઇતિહાસ, આપણી ખૂબ નજીક છે.'

તો પછી તમે પ્રવાસ શા માટે કરવા માગો છો? હું તેને પૂછવા માટે ઉત્સુક હતી, પણ હું તેનું ધ્યાન અમારા ટેબલ પર જ રહે એમ ઇચ્છતી હતી. તેનું મગજ એ કૉફી શૉપમાં મારા પર જ હોય, એવું હું ઈચ્છતી હતી. તે દુનિયાભરમાં ફરતો હોય એવું મને નહોતું જોઈતું. 'હવે, મને રહસ્યમય વિવાન વિશે કહો,' મેં માંગણી કરી.

'મારો જન્મ અને ઉછેર મુંબઇમાં થયા છે,' વિવાને શરૂ કર્યું. 'જ્યારે હું નાનો હતો ત્યારે જ મેં મારી માતાને ગુમાવી દીધી અને મારા પિતાએ મને ખૂબ જ પ્રેમ અને કાળજી સાથે ઉછેર્યો.' પોતાની માતા વિશે વાત કરતી વખતે તેની આંખમાં પીડાની લહેરખી મેં જોઈ, પરંતુ તેના પિતાનો ઉલ્લેખ કરતા, તરત જ તેની આંખોમાં ખુશીની એક તરંગ દેખાઈ. જો લાગણીઓ રંગો જેવી હોત તો હું જાણું છું કે થોડી જ ક્ષણોના સમયગાળામાં હું એક સુંદર કળાકૃતિ નીહાળી શકી હોત.

'હું તમારી માતાના અવસાન બદ્દલ હું અત્યંત દિલગીર છું,' મેં કહ્યું. મારી આંખમાં આંસુ ઉભરાવા લાગ્યા.

'તે ઠીક છે,' વિવાને તરત જ બારીની બહાર જોતાં કહ્યું અને તે ત્યાં બહાર ગમે તે ચીજ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ

કરવા લાગ્યા.

મને પૂરો વિશ્વાસ હતો ખાતરી હતી કે તે પોતાની માતાને મિસ કરી રહ્યો હતો. હું જાણતી હતી કે તેની જેમ મેં નાની વયે મારી માતાને ગુમાવી હોત તો મને પણ લાગત કે મારો એક અંશ કદી પાછો ન જોડાય એ રીતે મારાથી વિખૂટો પડી ગયો છે. તે હજુ પણ એક અજાણી વ્યક્તિ હોવા છતાં, મારો એક ભાગ તેને આલિંગન આપી સાંત્વન આપવા માગતો હતો.

તેનું ધ્યાન ફરી પાછું અમારા ટેબલ પર લાવવા માટે મેં મારું ગળું ખંખેર્યું. ‘પ્લીઝ આગળ વધો અને તમારા વિશે વધુ જણાવો.’

તે હસ્યો. ‘ફાઇનાન્સમાં માસ્ટર પૂર્ણ કર્યા બાદ હું બેન્કિંગ ક્ષેત્રમાં જોડાયો. થોડા વર્ષની સખત મહેનત અને અનેક સંઘર્ષ પછી, હું અમારી કંપનીમાં સૌથી યુવાન વયે આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર બન્યો,’ તેણે ગર્વથી કહ્યું. ‘હું કદાચ આગામી થોડા વર્ષોમાં બેન્કનો સૌથી નાની વયનો ચીફ બ્રાન્ચ મેનેજર બની જઈશ.’

‘અદભુત,’ મેં પ્રમાણિકપણે કહ્યું. મારી સામે બેઠેલો યુવાન ચોક્કસપણે દ્રઢ નિશ્ચયી હતો.

‘બસ, મારા વિશે આટલું જ છે.’

હું જાણતી હતી તેના હૃદયની નજીક અને ઊંડાણમાં ઘણું છુપાયેલું છે, અને હું બહુ જ આતુરતાથી તેના રહસ્યો જાણવા માગતી હતી.

મેં પડકારરૂપ સ્થિતિમાં મારા હાથ એકબીજા સાથે પરોવ્યા. ‘શું આ જ તમારા વિશેની આખી વાર્તા છે?’ મેં અવિશ્વાસ સાથે પૂછ્યું, અને મેં તેની સામે મારી ભ્રમર ઊંચી કરી.

‘હા, આ જ મારી વાર્તા છે.’

‘તમે મારી સાથે મજાક કરી રહ્યા છો?’ મેં પૂછ્યું.

‘ના, મેં તમને કહ્યું હતું કે મારી વાર્તા ખાસ રસપ્રદ નથી,’ વિવાને જવાબ આપ્યો.

‘હું એક મિનિટ માટે પણ આ માનવા તૈયાર નથી! તમારી વાર્તામાં હજુ કશુંક વધારે છે, અને તમે તેને છુપાવી રહ્યા છો! મને તમારી ગર્લફ્રેન્ડ વિશે કહો,’ મેં વધુ દબાણ કરતા, માગણી કરી.

'ગર્લફ્રેન્ડ? મારી કોઈ ગર્લફ્રેન્ડ નથી,' વિવાને પોતાનું માથું ધુણાવતા કહ્યું.

થોભો. મારા મનમાં એક વિચાર એકાએક ઝબકી ગયો, ક્યાંક તેના વિશે અંદાજ લગાડવામાં મેં ઉતાવળ તો નથી કરી. 'તો પછી તમારો કોઈ બોયફ્રેન્ડ છે?' મેં અચાનક જ આશ્ચર્ય સાથે પૂછ્યું.

'ના! જરાય નહીં!' તે દિલથી હસ્યો. 'મારે કોઈ બોયફ્રેન્ડ પણ નથી!'

'વિવાન,' મેં મારા અવાજને મારી હતાશનો રંગ આપ્યો. 'તમે મને અહીં ખેંચી લાવ્યા અને હવે કંઈ પણ કહેવાનો ઇન્કાર કરો છો!' મેં તેનું ધ્યાન દોર્યું.

તેણે નિસાસો નાખતા કહ્યું. 'મીરા, મારે કોઈ ગર્લફ્રેન્ડ નથી. અને, બોયફ્રેન્ડ તો ચોક્કસપણે નથી. હું સિંગલ છું!'

હું વિવાન તરફ ધ્યાન આપું એ પહેલા મારા માટે કેપેચીનો લાવેલી વેઇટ્રેસનો આભાર માનતા મેં તેને સ્મિત આપ્યું. 'ઠીક છે, તમારા ભૂતકાળ વિશે શું? કોઈ એવું હતું જેને તમે પોતાનું કહી શકો?'

તેણે નિસાસો નાખ્યો. 'મારા વાજબી કહી શકાય એવા સંબંધો રહ્યા છે અને તૂટ્યા છે, પરંતુ તેમાંના એકેય બહુ ગંભીર નહોતા. હું સાચું કહું છું, મીરા!'

મેં તેની સામે મૂંઝવણ ભરી નજરે જોયું. આના કરતાં ચોક્કસ જ કંઈક વધુ તેના વિશે હોવું જોઈએ.

'હું નિરાશ થઈ છું.' જ્યારે કોઈ વિદ્યાર્થી પ્રમાણમાં સરળ પેપરમાં સારો દેખાવ ન કરે ત્યારે અમારા શિક્ષક જે રીતે બોલતાં,તેવા જ શબ્દો મેં વાપર્યા.

'શા માટે?' તેણે ભ્રમર ચડાવી અને તેના કૉફી કપ પર આંગળીથી ટકોરા મારવાનું શરૂ કર્યું.

મેં શાંતિથી સમજાવ્યું, 'મેં વિચાર્યું હતું કે તમારી પાસે કહેવા માટે કોઈ મહાન પ્રેમ કથા હશે, કંઈક રસપ્રદ જેના વિશે હું લખી શકું.'

'મીરા, જો તમે જોઈ શકો તો વાર્તાઓ દરેક જગ્યાએ હોય છે' તેણે મારા તરફ આવી અને ધીમે-ધીમે મારા કપ પરથી મારી આંગળીઓ હટાવી, ત્યારે તેના અવાજમાંની દિલગીરી હું સાંભળી શકતી હતી. તેણે મારા હાથ પોતાના હાથમાં લીધા,

અન હળવથા દબાવ્યા, અન હુ મત્રાપૂણ હાવભાવ સાથ મારા ધબકારાનો કડાકો અનુભવી શકતી હતી.

‘હું બધે વાર્તાઓ શોધતી નથી. માત્ર એક જ વાર મને એવી વાર્તા મળી કે જેના પર હું વધુ સંશોધન કરવા માંગતી હતી અને તે તમારી આંખોમાં હતી,’ મેં હળવેકથી કહ્યું.

વિવાન મૌન હતો. તેણે કબીરને બીજી કૉફી લાવવાનો ઈશારો કર્યો.

કબીર બીજી વાર કૉફી સાથે આવ્યો ત્યારે વિવાને કહ્યું, ‘કદાચ તમારે બીજે ક્યાંક જોવા માટે પ્રયાસ કરવો જોઈએ.’

‘ક્યાં?’

‘કબીરની આંખોમાં.’

કબીર અને મેં એકબીજા સામે જોયું, અને અમને બંનેને વિવાનના એ નિવેદનથી આઘાત લાગ્યો હતો. તે મારી બીજી કેપેચીનો ટેબલ પર મુકવા ગયો પણ તે કપમાં જ છલકાઈ ગઈ.

‘શું?’ કબીરે અને મેં એક જ સમયે પૂછ્યું.

વિવાન અમારી અસમંજસ પર હસ્યો. ‘શું તમે ક્યારેય પણ નોંધ નથી લીધી કે અહીં આવનારા બધા જ લોકો સામે જોઈને કબીર કેવી રીતે સ્મિત આપે છે? તે જોતો નથી કે તેઓ યુવાન છે કે ઘરડા; તે કોઈપણ રીતે તેમને એક સ્મિત આપી જ દે છે. ‘મેં કબીર સામે જોયું, હું અચાનક જ મારા મિત્રને એક અલગ રીતે જોઈ રહી હતી. ‘જે રીતે તે તેના બધા જ ગ્રાહકોને એવી અનુભૂતિ કરાવે છે કે, જાણે તેઓ પોતાના ઘરે જ છે અને આપણે બધા એક પરિવાર છીએ.’

‘હું કશુંક એવું જ કરવાનો પ્રયાસ કરૂ છું, હા,’ કબીરે ખુશીથી કહ્યું.

‘તે તેના ગ્રાહકો માટે સારામાં સારી કૉફી પણ બનાવે છે. મને ખાતરી છે કે તે પ્રેમમાં પડી ચુક્યો છે અને તેની પાસે કહેવા માટે એક વાર્તા છે,’ વિવાને ઉત્તેજના સાથે સમાપ્ત કર્યું.

હું આઘાત સાથે ત્યાં જ બેસી રહી કે, તે કઈ રીતે દરેક વ્યક્તિ વિશેની સાવ નાનમાં નાની વિગત પણ પકડી પાડે છે.

ધીમે ધીમે, મેં વાત કરવાનું શરૂ કર્યું. ‘મારે કબૂલ કરવું પડે કે હું તમને ઓળખું છું તેના કરતા ખૂબ લાંબા સમયથી કબીરને

આળખુ છુ. મન ખબર છ ત અક આતસુદર અન નમ્ર વ્યાક્ત છ અને તે પોતાના ગ્રાહકોને ખૂબ જ સારી સેવા આપે છે. પરંતુ કબીરની પ્રેમકથા ક્યારેય મારા ધ્યાનમાં આવી નથી. કબીર, મને કહે કે શું વિવાન સાચો છે?'

'હમમમ...' કબીર ત્યાં શાંતિપૂર્વક ઉભો રહ્યો. તેના શબ્દો સ્વીકારતા તેનો ચહેરો રંગીન થઈ ગયો.

વિવાન ઉભો થયો અને એક ખુરશી બહાર ખેંચી. 'તમે એક મિનિટ માટે બેસી શકો છો? હું જાણું છું કે. તમે અહીં વ્યસ્ત છો,' તેણે કહ્યું.

કબીરની આંખોએ બીજી જગ્યાએ જોયું અને પછી માથું હલાવી તે ખુરશીની ધાર પર બેઠો.

'અમને તમારા વિશે જણાવો, શ્રીમાન પ્રેમી.'

* * *

7

કોલ્ડ કોફી

'હા, હું પ્રેમમાં પડી ચુક્યો છું.' કબીરે વાત કરવાની શરૂઆત કરી, ત્યારે તેનો અવાજ એટલો ઉદાસીન હતો કે જો હું તેના ચહેરા સામે ન જોઈ રહી હોત તો હું કદાચ તેને ઓળખી જ ન શકી હોત.

હું તેના સ્વીકાર અને તેના સ્વર દ્વારા આશ્ચર્ય પામી. 'તે કોણ છે? તેનું નામ શું છે? તે ક્યાં છે?' તેની પૂછપરછ કરવાથી હું મારી જાતને રોકી નહોતી શકતી.

'તેનું નામ નિશા છે. તમે બંને અહીં આવ્યા તેના ઘણા વખત પહેલા તે આ કૅફેમાં આવતી હતી.'

'શું થયું? હવે તે આ કૅફેમાં કેમ આવતી નથી? 'મેં પૂછ્યું.

વિવાન શાંત હતો, તે કબીરને તેના શારીરિક હાવભાવ અને તેના અવાજ બંને દ્વારા સાંભળી રહ્યો હતો. હું એટલી શિસ્તબદ્ધ ન હતી; હું માગણી કરી રહી હતી, જાણવા માટે તરસી રહી હતી. હું તેની વાર્તા જાણવા માગતી હતી, અને - હું તેના વિશે જેમ-જેમ ઉત્સાહિત થઈ રહી હતી - મને વિગતો જાણવાની તાલાવેલી ઉપડી. મેં નહોતું ધાર્યું કે કબીરની વાર્તા એક પ્રેમકથા હશે, અને ઓછામાં ઓછી એવી તો નહોતી જ ધારી કે તેના વિશે વાત કરવામાં પણ હું તેના અવાજમાં આટલું દર્દ અનુભવી શકીશ.

'મીરા, શાંત થા! કબીરને બોલવા દે,' વિવાને નમ્રતાથી મને સ્મિત આપતા કહ્યું.

મેં માથું હલાવ્યું. 'સોરી કબીર,' મેં શાંત સ્વરે કહ્યું. 'હું તારા અને નિશા વિશે બધું જ જાણતા માગું છું. પ્લીઝ આગળ બોલ.'

કબીરે એક ઊંડો શ્વાસ લીધો અને એક નિસાસો બહાર કાઢી, નીચે તેના હાથ તરફ જોયું.

'હું મારી નાની બહેન સાથે નિમ્ન મધ્યમ વર્ગીય પરિવારમાં ઉછર્યો છું. મારા પિતા સરકારી શાળામાં શિક્ષક હતા, પરંતુ હૃદયરોગના હુમલા બાદ તેમને નિવૃત્તિ લેવી પડી.'

'આહ,' મ શાાતથા કહ્યુ, પરતુ તન રાક્યા નહા.

'અમારી બધી બચત તેમની સારવારમાં ખર્ચાઈ ગઈ. એ મારા પરિવાર માટે અત્યંત મુશ્કેલ ગાળો હતો. મારી માતા અને નાની બહેન બંને લોકોનાં ઘરના કામ કરી મારા પિતાનો તબીબી ખર્ચ કાઢવાની સાથે અમારા પરિવારનું ગુજરાન પણ ચલાવતી હતી. મેં મારૂં કોલેજનું શિક્ષણ છોડીને નોકરી શોધવાનો નિર્ણય લીધો. પહેલા તો મારી માતાએ કોલેજ ન છોડવા માટે દલીલ કરી, પરંતુ મેં તેમને કહ્યું કે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી'

તે ભાંગી પડ્યો, અને વિવાન બોલ્યો, 'ના, હું કલ્પના નથી કરી શકતો કે તે આવું કર્યું હતું.'

કબીરે માથું હલાવીને વાત આગળ વધારી. 'હું તરત જ કામ શોધવા લાગ્યો, અને નસીબ મને અહીં લઈ આવ્યું. તેમને પોતાના સ્ટાફમાં એવા વ્યક્તિની જરૂર હતી જે સારૂં ઇંગલિશ બોલી શકે અને સદભાગ્યે મારો ઇન્ટરવ્યૂ લેવાયો. ઈશ્વરના આશીર્વાદ કે મને આ નોકરી મળી.' તેણે ખુશી સ્મિત કર્યું. 'હું ત્રણ વર્ષમાં જ અહીંનો મેનેજર બની ગયો. ત્યારથી મારા પરિવાર માટે સમય સારો ચાલી રહયો છે, અને મને આ નોકરી અપાવવા બદલ હું રોજ ઈશ્વરનો આભાર માનું છું.'

મને ક્યારેય ખબર નહોતી કે કબીરે આટલા સંઘર્ષોનો સામનો કર્યો હતો. તે બહારથી એટલો મૈત્રીપૂર્ણ હતો કે મને ક્યારેય અંદેશો પણ ન આવ્યો કે તેના હૃદયમાં આટલા દુ:ખો સમયેલા છે. હું ચીસો પાડીને કહેવા માગતી હતી કે, 'કબીર, બસ કર!' કારણ કે મારી આંખો પહેલાથી જ આંસુથી ભરાયેલી હતી. મેં મારી જાતને બોલતા અટકાવવા માટે ઇરાદાપૂર્વક મારા હોઠ કરડ્યા.

'તે તમારા સમર્પણ અને સખત મહેનતને કારણે પણ હતું,' વિવાને કહ્યું.

'મને જરાય અંદેશો નહોતો કે તારે આવા મુશ્કેલ સમયમાંથી પસાર થવું પડ્યું હતું. તે આ બાબત અંગે ક્યારેય મારી સાથે વાત નથી કરી. તું હંમેશા ખૂબ જ ખુશખુશાલ દેખાય છે અને સદાય હસતો હોય છે,' મેં નિર્દેશ કર્યો.

કબીરે નિસાસો નાખ્યો અને પોતાના ખભા ઉલાળ્યા. 'તે મને ક્યારેય આ વિશે પૂછ્યું જ નથી, મીરા,' તે બોલ્યો.

'પણ આનો નિશા સાથે શો સંબંધ છે? ' વિવાને વાતનો દોર ફરી કબીરના પ્રેમ તરફ લાવતા પૂછ્યું.

બાકીની વાર્તા યાદ કરતા કબીરના પ્રતિભાવો દૂર જતા જણાયા.

* * *

અહીં થોડા મહિના કામ કર્યા બાદ, મેં એક સુંદર યુવાન છોકરીને કૅફેના ખૂણામાં રડતી જોઈ. મને ખૂબ જ દુઃખ થયું કે એક સુંદર છોકરી હસવાને બદલે રડી રહી હતી. મેં તેના માટે આઈસ્ક્રીમ નાખી એક સરસ કૉલ્ડ કૉફી બનાવી અને તેના ટેબલ પર મૂકી. તેણે આશ્ચર્યથી ઉપરની તરફ જોયું, અને પોતાના આંસુ લૂછ્યાં. તેણે કહ્યું, 'મેં કોઇ ઑર્ડર આપ્યો નથી.'

હું હસ્યો અને માથું હલાવ્યું. 'મને ખબર છે, પરંતુ મને લાગે છે કદાચ આનાથી તમને સારૂં લાગશે. '

હું કહી શકતો હતો કે તે મારો આભાર માનવા માટે હસવાનો ખુબ જ પ્રયાસ કરી રહી હતી. તે પછી તે ઘણી વાર કૅફેમાં આવી હતી. તે હંમેશા એકલી, દુઃખી અને પરેશાન દેખાતી. દરેક વખતે, તે કોઈ જ ઑર્ડર આપતી નહીં, છતાં ય હું તેના માટે વિવિધ પ્રકારની કૉફી બનાવી તેને સારૂ લાગે એવું કરવાનો પ્રયાસ કરતો. હું કદી તેની પાસે પૈસા ન માગતો. દરેક દિવસના અંતે, તેનું બિલ મારા પગારમાંથી કપાતું હતું. તે પછી મને ભાન થયું કે પ્રેમ તમારી પાસે વિચિત્ર બાબતો કરાવે છે.

એક દિવસ, આખરે મેં તેના દુ:ખ વિશે પૂછવાની હિંમત એકત્ર કરી. 'શું હું પૂછી શકું, શું થયું?'

તેને મારી આ ઘૂસણખોરીથી આઘાત લાગ્યો. 'એની સાથે તમારે કોઈ લેવાદેવા નથી,' તેણે ટૂંકમાં જવાબ આપ્યો. તે એટલી તરત જ ઊભી થઇ અને ખુરશી લગભગ પડી જ ગઈ હોત. પછી, તે ચાલી ગઈ. એ પછી તેણે કૅફેમાં આવવાનું બંધ કરી દીધું.

* * *

'તે આટલી કઠોર કઈ રીતે થઈ શકે? આમ કેવી રીતે ચાલી જઈ શકે?' વિવાન નારાજ હતો.

‘જુઆ, કાણ બાલ છ,’ તના તરફ વધક નજર મ જવાબ આપ્યો. તેને તરત જ સમજાયું કે મારો કહેવાનો શો અર્થ હતો.

‘તે ફરી આવી?’ મેં પૂછ્યું.

‘હા, તે આવી હતી. મારી કૉલ્ડ કૉફી તેના પાછી ખેંચી લાવી હતી,’ કબીર હસ્યો.

* * *

8

કૅફે કબીર

કબીરની આંખોમાં તેના જીવનનો કડવો-મીઠો સમય યાદ કરતા, ઝળઝળિયાં આવી ગયાં. વેઇટ્રેસ પાણીનો એક ગ્લાસ ટેબલ પર મૂકી ગઈ હતી, તે મેં તેના તરફ ખસેડ્યો. તેણે એક ઘૂંટડો ભર્યો, અને પોતાની વાર્તા ચાલુ રાખે તે પહેલા વિચારો એકત્ર કરતો જણાયો.

હું કૅફેના રજિસ્ટરમાં એન્ટ્રી કરવામાં વ્યસ્ત હતો ત્યારે એક મીઠા અવાજે કહ્યું, 'શું મને આઈસ્ક્રીમ સાથે એક કોલ્ડ કૉફી મળી શકશે?'

મેં ઉપર જોયું, તો એ જ છોકરી હતી, જેની રાહ હું છેલ્લા એક મહિનાથી જોઈ રહ્યો હતો. તે દિવસે કોઈ આંસુ નહોતા. તેણે ખુબ જ સુંદર કોરલ ડ્રેસ પહેર્યો હતો. તે આકર્ષક લાગતી હતી.

'હા. ચોક્કસ, મૅડમ,' મેં નર્વસ થઇ ધ્રુજતા કહ્યું.

'નિશા,' તે હસી.

'કબીર,' હું પણ હસ્યો.

તે એક ખાલી ટેબલ પાસે પહોંચી ત્યાં સુધીમાં મેં તેના માટે કૉફી તૈયાર કરી. તે ખુરશી પર બેઠી અને મારી સામે જોઈ રહી. એવું લાગતું હતું કે જાણે તેણે મને કોઈ જાદુ દ્વારા જકડી રાખ્યો હોય - મને સમજાતું નહોતું કે તે આખા એક મહિના પછી શા માટે મને નર્વસ બનાવી કરી રહી હતી.

મેં તેના ટેબલ પર કૉફી મૂકી કે તે તરત બોલી, 'થૅન્ક યુ'.

'યુ આર મૉસ્ટ વૅલકમ,' મેં કહ્યું.

તેણે એક ઘૂંટડો ભર્યો અને હસી. તેને સંતોષ થયાની ખાતરી સાથે જેવો હું દૂર જવા ગયો, કે મને તેનો અવાજ સંભળાયો. 'હું દિલગીર છું,' તેણે નિર્દોષતાથી કહ્યું.

હું તેના તરફ ફર્યો. 'શા માટે?' મેં પૂછ્યું.

'ત ાદવસ માટ,' તણ મન તના પાસ બસવાના ઇંશારા કરતા જણાવ્યું. કૅફેમાં થોડા જ લોકો હતા, આથી હું મારા અન્ય ગ્રાહકોની અવગણના કર્યા વગર ત્યાં બેસી શકયો.

હું નીચે બેઠો અને તેની માફી બરતરફ કરતા મેં મારુ માથું હલાવ્યું. 'મારે એ તમામ દિવસો માટે તમારો આભાર માનવો જોઈએ,' મેં કહ્યું.

તેણે ટેબલ પર તેના હાથ મૂક્યાં અને મારી તરફ ઝૂકી. 'મારે સમજાવવું જરૂરી છે,' તેણે આગ્રહ કર્યો. 'મારા બોયફ્રેન્ડએ મારી સાથે સબંધ તોડ્યો તેથી હું તે દિવસોમાં ખૂબ જ હતાશ હતી. હું તે કૉફી માટે તમારો આભાર માનવા માગું છું. તેનાથી મને ખરેખર સારૂં લાગતું હતું.'

'તમારો આભાર,' મારી અંદર કશુંક તૂટી રહ્યું હતું, તેમ છતાં મેં નમ્રતાથી કહ્યું. 'મને ખુશી છે કે હું નાનકડી મદદ કરી શકયો.'

'તમે મદદ કરી છે,' તેણે જવાબ આપ્યો. 'તમે જાણો છો એના કરતાં વધુ કરી છે.'

'તેણે શા માટે તમારી સાથે સબંધ તોડ્યો?' મેં પૂછ્યું. આવો વ્યક્તિગત પ્રશ્ન પૂછવા બદ્દલ હું કદાચ કઠોર લાગી શક્યો હોત, પરંતુ મને નવાઈ લાગતી હતી કે તેની સાથે કોઈ શા માટે સબંધ તોડવા ઈચ્છે? તે શબ્દો અથવા વર્ણન કરતાં પણ વધુ સુંદર હતી. તેનો ચહેરો અપ્સરા સમાન હતો, અને તેના વાળ તેને અતિ અદભુત સ્વરૂપ આપતા હતા. તેની આંખો મોટી હતી અને મને લાગતું હતું કે જાણે તે મારી આત્મા નીહાળી રહી છે. તેના હોઠ દરેક રીતે સંપૂર્ણ હતા, જાણે તે ચિનાઈ માટીની કોઈ ઢીંગલી ન હોય.

નિશાએ ચાલુ રાખ્યું. 'અમે એક જ કોલેજમાં સાથે ભણતા હતા અને બહુ જલદી મિત્રો બની ગયા. તેણે છ મહિનાની અંદર મારી સામે પ્રેમનો એકરાર કર્યો. મેં સ્વીકાર કર્યો. હું જાણતી હતી કે તે મને ખૂબ ચાહે છે. તે મારા માટે ઘણી ભેટ ખરીદતો, અને મારી ખૂબ જ કાળજી લેતો. અમે થોડા સમય પછી અમારા સંબંધને એક અન્ય સ્તર પર લઇ ગયા. અમે એકમેકની બહુ નિકટ આવી ગયા હતા અને અમારી વચ્ચે અવારનવાર શારીરિક સંબંધ પણ થતો. અને પછી, એક કમનસીબ દિવસે મને ખબર પડી કે હું ગર્ભવતી છું. તે ગભરાઈ ગયો અને મને ગર્ભપાત કરવા કહ્યું. મેં ના પાડી અને તેને તરત જ મારી સાથે લગ્ન કરી લેવા કહ્યું. આખરે, તે મને પ્રેમ કરતો હતો, સાચું ને?'

તના આખામા આસુ છલકાયા. 'તણ કહ્યુ ક તન વિચારવા માટે સમય જોઈએ છે અને મને પછી ફોન કરશે. એ પછી તેણે મને ક્યારેય ફોન કર્યો જ નહીં અને મારા તમામ કોલ્સ અને મેસેજીસને અવગણવા લાગ્યો. હું પૂર્ણપણે ભાંગી પડી. 'તે તેના આંસુ રોકી ન શકી અને રડવા લાગી.

'પ્લીઝ રડો નહીં,' તેના હાથ પકડતા મેં કહ્યું.

'આય એમ સોરી,' તેણે મોટેથી ડૂસકાં ભરતાં કહ્યું.

મેં ડરતા-ડરતા પૂછ્યું, 'તમે ગર્ભપાત કરાવ્યો?'

'હા. મારે કરાવવો પડ્યો. જે દિવસે તમે મને પૂછ્યું કે શું થયું તે સવારે જ મેં ગર્ભપાત કરાવ્યો હતો અને હું ખૂબ જ હતાશ હતી.' તેનો અવાજ મક્કમ હતો અને હું જાણતો હતો કે તે મજબૂત બનવાનો પ્રયાસ કરી રહી હતી.

'હું આ સાંભળીને દિલગીર છું,' મારી આંખોમાં આંસુ સાથે મેં જણાવ્યું.

'ઈટ્સ ઓકે. હવે હું ઠીક છું. થૅન્ક યુ.'

મને એ સાંભળીને આશ્ચર્ય થયું હતું. 'હું જ શા માટે?'

'તમે નહીં. ખરેખર, તમારી કૉફી,' તે હસી. 'દરરોજ હું અહીં એકલી બેસવા આવતી અને મારે શું કરવું જોઈએ તે વિશે વિચારતી. હું આત્મહત્યા કરવાની અણી પર હતી. હું બધી જ આશા ખોઈ ચુકી હતી. મને હવે પ્રેમ, જીવન અથવા કંઈપણ સારી વસ્તુ પર વિશ્વાસ નહોતો રહ્યો. પરંતુ દરેક વખતે, જ્યારે તમે મને વગર માગ્યે વિવિધ કૉફી પીવડાવતા, ત્યારે હું ફરીથી જીવંત હોઉં તેમ લાગતું. તમે મને એ દેખાડ્યું કે જીવનમાં અન્ય વિકલ્પો પણ હોઈ શકે છે. કોઈ હતું જે મને ઓળખ્યા વગર પણ, હું શું અનુભવું છું તેની ખરેખર સંભાળ લેતું હતું. હું જાણુ છું દુનિયામાં ખરાબ લોકો હોય છે, પરંતુ હવે મને એ પણ ખબર છે કે તમારા જેવા સારા લોકો પણ હોય છે. આ બધા માટે આભાર. તમે જ કારણ છો કે હું મારા જીવનમાં જે થયું તે ભુલાવી હું આગળ વધી શકી,' નિશાએ સ્મિત સાથે સમજાવ્યું.

'મને આનંદ છે કે હું તમારા જીવનમાં કોઈ પરિવર્તન લાવી શક્યો,' મેં કહ્યું, મારા હૃદયમાં હૂંફ ભરાઈ. 'મને ખબર ન હતી કે લાગણીભરી સાવ નાની બાબત કોઈકના જીવન પર હકારાત્મક અસર કરી શકે છે. પરંતુ મને આશા હતી કે તમે તે દિવસે મારી સાથે વાત કરી શક્યા હોત,' મેં કહ્યું.

'તમ શુ કરા શક્યા હાત?' તન આશ્ચય થયુ.

'હું કરી શકત...' હું ખચકાયો.

'શું?'

'હું તમારા બાળકને બચાવી શકયો હોત.'

તે પોતાની ખુરશીમાં સીધી થઈને બેઠી.

'તમે શું કહેવા માગો છો? કેવી રીતે?' નિશાએ પૂછ્યું.

'હું તમારી સાથે લગ્ન કરી લેત,' મેં તેના હાથ પકડી લેતા કહ્યું.

તેણે મારા હાથમાંથી પોતાના હાથ ખેંચી લીધા. 'તમે શું કહો છો?' તેણે ગુસ્સાથી કહ્યું.' તમે પાગલ થઇ ગયા છો? તમે શા માટે આવું કર્યું હોત? કોઈપણ શા માટે આવું કરે?' નિશા ગુસ્સે થઈ ગઈ.

'કારણ કે હું તમને પ્રેમ કરૂં છું, નિશા. અને પ્રેમ તમારી પાસે બધું કરાવે છે. તમે મારી સાથે લગ્ન કરશો?' મેં મારી આંખો બંધ કરતા કહ્યું.

* * *

'કબીર! તે ખરેખર એમ પૂછ્યું હતું?' વિવાને અવિશ્વાસ સાથે પૂછ્યું.

તેણે હા પાડી અને હસ્યો. 'હા, મેં પૂછ્યું હતું,' કબીરે સ્વસ્થતાપૂર્વક જણાવ્યું.

મેં મારી હતાશાને જિજ્ઞાસાપૂર્વક દૂર કરી, મારા આંસુ લૂછ્યાં. 'તું ખરેખર એમ કરવા માગતો હતો? કે તે માત્ર એક પ્રેરક વિચાર હતો?'

'તેણે હા પાડી?' મેં અને વિવાન બંનેએ લગભગ એક સાથે જ પૂછ્યું.

તેની આંખો ભરાઈ આવી. 'હા, તેણે હા પાડી,' કબીર હસ્યો.

હું ઉત્સાહિત હતી, હું મારી ખુરશીમાં લગભગ ધ્રૂજી રહી હતી. 'તો તમે બંને ક્યારે લગ્ન કરી રહયા છો?'

'મને ખબર નથી,' તેણે કહ્યું. ફરી તેના અવાજમાં નિરાશા હતી. 'એક સમસ્યા છે.'

મ િનસાસા નાખતા કહ્યુ. ‘આ બધા પછી, હવ શુ સમસ્યા હોઈ શકે છે?’ મને આઘાત લાગ્યો.

મેં અને વિવાને નજર મિલાવી અને તે ઉછળ્યો. ‘અમને કહે,’ તેણે પૂછ્યું. ‘શી સમસ્યા છે?’

‘તે એક સમૃદ્ધ પરિવારમાંથી આવે છે અને મારા બ્રેકગ્રાઉન્ડ વિશે તો તમે જાણો જ છો,’ કબીરે જવાબ આપ્યો.

હું ગુસ્સે થઈ ગઈ. ‘મને એમ ન કહેતો કે તેના માતા-પિતા તેના લગ્ન તારી સાથે કરાવવા તૈયાર નથી.’

‘ના, તેમની ના નથી. તેઓ લગ્ન માટે સંમત થયા અને તેઓ ખરેખર આ વિચારથી ખૂબ ખુશ હતા.’

કબીરે નિસાસો નાખ્યો. ‘હું તેને ખૂબ ખુશ રાખવા માગુ છું; હું તેને સુરક્ષિત ભવિષ્ય આપવા માગું છું. મને ખબર છે કે પૈસાથી સુખ ખરીદી શકાતું નથી, પરંતુ હકીકત એ છે કે તે જરૂરી છે. મારા બાળકોનો ઉછેર મારા જેવો હોય એ હું નથી ઈચ્છતો. હું તેની સાથે લગ્ન કરૂં તે પહેલા સારી રીતે કમાતો થઈ જાઉં એવી મારી ઈચ્છા છે.’

વિવાને તેની સમજ પર માથું ધુણાવ્યું. ‘પણ આ નોકરી તો સલામત છે,’ તેણે શરૂ કર્યું.

‘એક વ્યક્તિ માટે આ નોકરી સારી છે,’ કબીરે સમજાવ્યું. ‘પરંતુ મારા પગારમાં ગુજરાન ચલાવવામાં મારા પરિવારને સંઘર્ષ કરવો પડશે. નિશા આરામદાયક જીવન જીવવા ટેવાયેલી છે. અને, સૌથી મહત્વની વાત એ છે કે, હું મારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ અને જીવનશૈલી આપવા માગું છું જે મને નથી મળી.’

‘એ વાત સાચી,’ મેં સ્વીકાર્યું.

‘પ્રેમ શક્તિશાળી છે,’ કબીરે ચાલુ રાખ્યું. ‘તે તમારી પાસે એ બધું કરાવે છે, જેની તમે ક્યારેય કલ્પના પણ ન કરી હોય.’

વિવાન વિચારશીલ જણાયો. ‘વધુ સ્થિર આવક મેળવવા માટે તે કોઈ યોજના બનાવી છે?’ તેણે પૂછ્યું.

‘હું મારો પોતાનો કૅફે શરૂ કરવા માગું છું,’ કબીરે જવાબ આપ્યો. ‘આ મારૂં બહુ જૂનું સપનું છે, અને હવે, તે બહુ ગૂંચવણભર્યું છે.’

‘તું ખૂબ સફળ થશે,’ મેં ઉમેર્યું. ‘તું અહીં ખુબ સરસ કામ કરી રહ્યો છે, અને જો તારી પોતાની જગ્યા હોય, તો હું શરત

લગાડાન કહા શકુ છુ ક જ પણ તુ અત્યાર કરા રહ્યા છ અ વધુ સારૂ હશે.'

'આભાર,' તેણે નમ્રતાપૂર્વક કહ્યું. 'પરંતુ નવા દરવાજા ખોલવા સરળ નથી. મારે, મારા માટે કામ કરવા ઘણા લોકો અને પૈસાની જરૂર છે. હું ગમે તેટલું ઈચ્છું, પણ મને ડર છે કે હું ક્યારેય મારૂં કૅફે શરૂ નહીં કરી શકું અને નિશા સાથે લગ્ન પણ નહીં કરી શકું. અત્યારે તો હું જેટલી બને એટલી બચત કરવાનો પ્રયાસ કરી રહ્યો છું,' કબીરે સમજાવ્યું.

'તને કેટલા પૈસાની જરૂર છે?' વિવાને વધુ ભાર આપતા કહ્યું.

વધુ એક વાર મને જોરથી બરાડવાનું મન થઈ આવ્યું. કબીરને આવી વાત પુછવી એ ક્રૂરતા હતી કારણ કે એ આ તેને પરવડી શકે તેમ લાગતું ન હતું.

કબીરે પોતાના હાથ જોડ્યા. 'લગભગ પંદરથી વીસ લાખ.'

વિવાન તેની લૅપટૉપ બૅગ લેવા નીચે ઝૂક્યો અને તેણે પોતાની ચેકબુક બહાર કાઢી. મેં અને કબીરે એકબીજા સામે આતુરતાથી જોયું. તે શું કરી રહ્યો હતો? 'આ રહ્યો પાંચ લાખ રૂપિયાનો ચેક.' વિવાનના અવાજે એક મજબૂત સ્વર પકડ્યો. 'આનાથી શરૂઆત કર. બાકીના તારા બૅન્ક એકાઉન્ટમાં ટૂંક સમયમાં જમા થઈ જશે,' તે હસ્યો.

હું આશ્ચર્યચકિત થઈ ગઈ અને બોલવા માટે મને શબ્દો નહોતા મળતા.

કબીરે અવિશ્વાસ સાથે ચેક તરફ જોયું અને ધીમેથી પોતાનું માથું હલાવ્યું. 'પરંતુ વિવાન, હું આ લઇ શકું નહીં. તમે મને ઓળખાતા પણ નથી!' તે વિવાન તરફ ચેક પાછો ધકેલતા બોલ્યો. કેટલાક લોકોના ચહેરા અમારી તરફ ફર્યા હોવાનું મેં નોંધ્યા.

'શું ખરેખર હું તમને ઓળખતો નથી, શ્રીમાન પ્રેમી?' વિવાને તેનો અવાજ ધીમો કર્યો જેથી કૅફેમાં કોઇ બીજા અમારી વાતચીત ન સાંભળી શકે. તે હસ્યો અને બોલવાનું ચાલુ રાખ્યું. 'અને આ કોઈ ઉપકાર નથી; આ એક વ્યવસાયિક સોદો છે. આપણે ભાગીદાર હશું. હું બિઝનેસમાં રોકાણ કરીશ અને તમે કૅફે ચલાવશો. તો આપણો સોદો પાકો?'

હું કબીરના હાવભાવ પરથી કહી શકતી હતી કે તેનું મન લાખો દિશાઓમાં દોડી રહ્યું હતું, તેમ છતાં કબીરને જવાબ

આપવામા વાર ન લાગ્યા. 'તમારો ખૂબ આભાર.' કબીર લાગણીશીલ થઈ ગયો.

અમે બધા એક ક્ષણ માટે મૌન થયા.

'તો તે તારા કૅફે માટે કોઇ નામ વિચાર્યાં છે?' મેં પૂછ્યું.

'સાચું કહું તો, મેં અત્યાર સુધી મારી જાતને એટલી આગળ વધવાની મંજૂરી આપી નથી,' તેણે સ્વીકાર્યું. 'તારી પાસે કોઈ સૂચનો છે?'

'કૅફે કબીર,' મેં એક સ્મિત સાથે સૂચન કર્યું.

કબીરે માથું ધુણાવ્યું અને અમારા હાથ પકડવા આગળ આવ્યો. 'આપણે સાથે મળીને નામ નક્કી કરીશું,' તેણે મક્કમતાપૂર્વક કહ્યું.

* * *

મેં રાત્રે પહેરવાનો મારો પ્રિય શર્ટ બહાર ખેંચી અને પથારીમાં પડતા વિચાર્યું, શું દિવસ હતો! જેમ-જેમ મારું મન ચકડોળે ચડ્યું તેમ-તેમ પુણેના અવાજો પહેલેથી જ ઓગળવા લાગ્યા.

અમારી કથાઓમાં અચાનક આવેલા આ ફેરફારે મારી અંદર ઘણા પ્રશ્નોને જન્મ આપ્યા. મને આશ્ચર્ય થયું કે અમે ખરેખર કૅફે કબીર શરૂ કરી શકીશું કે નહીં, પરંતુ મેં અન્ય બાબતો વિશે પણ વિચારવાનું શરૂ કર્યું.

અમારા બધાના જીવનમાં એક ઊંડો પરિપ્રેક્ષ્ય હોય તેમ લાગતું હતું, અમે જાણતા હતા કે અમે શું હાંસલ કરવા માંગીએ છીએ, પરંતુ શું અમે ખરેખર એ બદલાવના દિવસ માટે તૈયાર હતા? કબીર બદલાવથી ડરતો હતો અને તે નોંધપાત્ર હતું. તેને પોતાનાં સપનાં સાકાર કરવાં હતાં, પરંતુ તે અનિશ્ચિત હતો. વિવાનને વિશ્વભ્રમણ કરવું હતું. હું એવી કલ્પના પણ નહોતી કરી શકતી કે હું એ કૅફેમાં બેઠી હોઉં અને મારી કૉફી પીતાં-પીતાં તેની સાથે વાત કરી રહી હોઉં. વિવાન વિના, મારી આસપાસનું આરામદાયક વિશ્વ ખૂબ જ અજાણ્યું બની ગયું હોત.

જો કે, લેખિકા બનવાનું મારું પોતાનું સ્વપ્ન હતું, તેમ છતાં એક વાસ્તવિકતા સુયોજિત થઈ ગઈ હતી. જેમ-જેમ અન્ય લોકો પોતાના અંગત જીવનમાં આગળ વધી રહ્યા હતા ત્યારે હું તેમની સાથે કેવી રીતે કદમ મિલાવી શકીશ? શું તેઓ મારા

વિશે ભૂલી જશે... અથવા હું મારી નવલકથા લૉન્ચ કરવામાં એટલી વ્યસ્ત થઈ જઈશ કે તેમને યાદ રાખી શકીશ ખરી?

મારા વિચારોમાં ફોનની એક બીપ દ્વારા વિક્ષેપ પડ્યો હતો. કોનો મેસેજ હશે તેનું અનુમાન કરીને, હસતા, હું મારી બાજુ પર ફરી અને ફોન લીધો.

મારો અંદાજો સાચો હતો, એ વિવાન જ હતો. **'તમને તમારી વાર્તા મળી?'**

'હા. મને મળી,' મેં તરત જ જવાબ આપ્યો.

તેના જવાબની રાહ જોતા, ફોનની આસપાસ મેં મારૂં શરીર વાળ્યું . **'વાર્તા નું નામ શું છે?'** તેણે પૂછ્યું.

મેં વળતો મેસેજ કર્યો, **'દરેકની એક વાર્તા હોય છે!'**

* * *

9

બે પૅકેટ

ઑફિસમાં થકવી નાખનારા દિવસ પછી હું વિવાન સાથે કૉફી પીવા કૅફે પહોંચી. હું મોડી પડીશ તે જણાવવા માટે મેં પહેલાં જ તેને મેસેજ કરી દીધો હતો; હું એ દિવસે ઑફિસ છોડું તે પહેલા મારે કામને લગતી કેટલીક સમસ્યાઓ ઉકેલવાની હતી.

વિવાન કાઉન્ટર પર મારી રાહ જોઈ રહ્યો હતો. મેં તેને બારીમાંથી જોયો અને પ્રવેશદ્વાર તરફ ચાલતા-ચાલતા તેને નિહાળ્યો. તેણે ચમકદાર વાદળી રંગની ટાઇ સાથે સુસંગત એવો કાળો બિઝનેસ સુટ પહેર્યો હતો.

હું અપરાધ ભાવના સાથે ત્યાં ગઈ. ‘મોડી પડવા બદ્દલ હું ખૂબ દિલગીર છું.’

‘ઈટ્સ ઓકે. તમારો દિવસ કેવો હતો?’ વિવાને એક સ્મિત સાથે પૂછ્યું.

મેં નિસાસો નાખતા કહ્યું. ‘હું આજે બહુ થાકી ગઈ છું અને હતાશ છું,’ મેં તેની બાજુની ખુરશી પર ઢળી પડતા કહ્યું.

તેણે હસતા પહેલા મારી સામે સહાનુભૂતિ સાથે જોયું અને મારો હાથ ખેંચ્યો. ‘સારું... હું તમારા વિશે વિચારી રહ્યો હતો,’ તેણે શરૂ કર્યું.

હું ચમકી. ‘એમ કે?’

તેણે માથું હલાવ્યું. ‘હું તમારા માટે કેટલીક ચીજો લાવ્યો છું. હું તમને સરપ્રાઈઝ આપવા માગતો હતો. આ સરપ્રાઈઝ તમારા ખરાબ દિવસને સુધારી તો નહીં શકે, પરંતુ થોડોક બહેતર બનાવી શકશે,’ વિવાને આશાવાદી સ્વરે જણાવ્યું.

હું શરમાઈ અને એક મોટું સ્મિત આપ્યું. ‘તમે ખરેખર મારા માટે સરપ્રાઈઝ લાવ્યા છો?’ મેં પૂછ્યું.

‘ચોક્કસ લાવ્યો છું. હું તમારા ચહેરા પર સ્મિત પાછું લાવવા કંઈક કરવા માગતો હતો,’ વિવાને મને ફૂલોનો એક બુકે અને

કથ્થઇ રગના કાગળમા વાટાળેલા અન દારા બાધલા બ પકટ આપ્યા.

મેં ફૂલો લીધા અને મારૂં નાક પાંદડીઓમાં ડુબાડ્યું, ઊંડો શ્વાસ લીધો. ‘સ્મિત લાવવા માટે,મને ફૂલો પૂરતા છે,’ મેં નિર્દેશ કર્યો.

‘ના, આ ફૂલો તો માત્ર એ સુંદરતા જ છે જેને મેં અહીં આવતી વખતે રસ્તામાં જોયા હતા. ખરી ભેટ તો આ પૅકેટ્સમાં છે. ફૂલો જલદી કરમાઈ જશે, પરંતુ આ પૅકેટ્સમાં જે છે તે હંમેશા તમારી સાથે હશે.’

હું આતુર હતી; મેં તરત જ ફૂલો નીચે મુક્યા અને પહેલા પૅકેટને હાથમાં લીધું. મને ઓટોગ્રાફ સાથેના પુસ્તકની નકલ મળી.’આ પુસ્તક એ જ હતું જેની ચર્ચા માટે લેખક કૅફેમાં આવ્યા હતા, જ્યારે અમે પ્રથમ વાર મળ્યા હતા. જીવન ભલે આપણને ગમે ત્યાં લઇ જાય, પરંતુ મેં નક્કી કર્યું છે કે આપણે એ ક્ષણને યાદ રાખશું. તે આપણી મિત્રતાને ગાઢ બનાવતી શરૂઆત હતી’’

એ રાતનો વિચાર કરતા મારી આંખમાં ખુશીના આસું છલકાયા. ‘હે ભગવાન, મારી પાસે શબ્દો નથી,’ મેં કવર ખોલીને, લેખકે શું લખ્યું છે તે જોતા કહ્યું.

મારા સાથી લેખક માટે,

હું આશા રાખું છું કે હું, એક લેખક તરીકેના તમારા પ્રવાસના સાહસ માટે તમને પ્રેરણારૂપ બની શકું. તમારા મિત્રએ મને તમારા વિશે ઘણું કહ્યું છે અને જેમ તમે મને સાંભળ્યો હતો એ જ રીતે, એક દિવસ તમને એ કૅફેમાં બોલતા સાંભળવાની રાહ નથી જોઈ શકતો.

યાદ રાખજો મહાન લેખક માત્ર પોતાનું જ હૃદય તેના પુસ્તકમાં નથી મુકતો, પરંતુ તેના વાચકોનું હૃદય પણ મૂકે છે.

શુભેચ્છા,

અર્જુન મહેરા

મેં વિવાનને લગણીભેર ભેટીને, મારા હાથ તેની આસપાસ વીંટાળી દીધા. ‘વાહ, વિવાન! તમારે ખરેખર આવું કરવાની જરૂર નહોતી! મને ખબર નથી પડતી કે હું શું કહું. આ બાબત મને ખૂબ સ્પર્શી ગઈ છે. હું બહુ ખુશ છું,’ મેં આમ કહ્યું ત્યારે મારો અવાજ તેના ખભા સાથે ટકરાયો.

'અરે ના,' તેણે મને મારી ખુરશી પર પાછી બેસાડતા કહ્યું. 'તમે હજુ આવું ન કહી શકો. તમે આ કહો તે પહેલા તમારે બીજી એક ભેટ ખોલવી પડશે.' વિવાન એ પૅકેટ લેવા ગયો જે હજુ પણ આવરણ હેઠળ હતું.

મેં ઝડપથી બીજું પૅકેટ ખોલ્યું અને મને કાપડના કવર સાથેનું એક જાડું, ભારેખમ પુસ્તક મળ્યું. તેના પર મારૂં નામ મુદ્રિત હતું. ગુંચવાઈને મેં એ પુસ્તક ખોલ્યું.

'આ પુસ્તક એ હકીકતનું પ્રતિનિધિત્વ કરે છે કે એક દિવસ તમે તમારી નવલકથા સમાપ્ત કરી તમે જે લેખક બનવા માગો છો તે બની શકશો. હું તમારા માટે એક કોરૂં પુસ્તક લાવ્યો છું; અને એ તમારા પર છે કે તમે તમારી વાર્તા સાથે કઈ રીતે આ પાનાં ભરો છો.'

મેં એ પુસ્તકને એ રીતે જ છાતી સરસી ચાંપી, જેમ હું વિવાનને ભેટી હતી. 'તેમાં હું આ માત્ર મારૂં નામ લખું તો પણ હું ઈચ્છું છું કે તેને વાંચનાર તમે પ્રથમ વ્યક્તિ હો,' મેં કહ્યું. 'પરંતુ, આટલી સુંદર ભેટ ક્યા પ્રસંગે?' મેં પૂછ્યું.

તેણે પોતાનું માથું ધુણાવ્યું અને હસ્યો. 'કોઈ જ નહીં. જીવનની ઉજવણી કરવા માટે પ્રસંગોની જરૂર છે?'

હું તેને ફરીથી ભેટી પડી. 'આવી વિચારશીલ ભેટ માટે ખૂબ ખૂબ આભાર!' આમ કહેતા જ મારી આંખમાં ખુશીના આંસુ આવ્યા.

એ માનવું મુશ્કેલ હતું કે અમે થોડા સમય પહેલા એકબીજા માટે સાવ અજાણ્યા હતા. તે હજુ પણ એક રહસ્ય હતો અને હું માત્ર લેખકોની ચર્ચામાં હાજરી આપતી કોઈ વ્યક્તિ. અમે અમારી દૈનિક વાતચીતમાં જ એટલા આગળ આવી ગયા હતા. અમે જીવન અને સંબંધો વિશેના અમારા વિચારો એકબીજાને વ્યક્ત કરતા.

દિવસે - દિવસે, અમારી મિત્રતાની દૃઢતામાં વધારો થઈ રહ્યો હતો. હું એવા કોઈ સમયની કલ્પના પણ નહોતી કરી શકતી કે જ્યારે વિવાન મારી સાથે કૅફેમાં ન બેઠો હોય, મારી સાથે કૉફી પીવા માટે રાહ ન જોઈ રહ્યો હોય, અને અમારી આસપાસના વિશ્વના જીવનમૂલ્યો વિશે અમારા વિચારો પર ચર્ચા ન કરી રહ્યા હોઈએ.

હું મારી વાર્તા તેને સમર્પિત કરવા માગતી હતી. તેણે આપેલી ભેટ એ લખવા માટે આદર્શ માધ્યમ હતી.

* * *

વિવાન

10

સેન્ડલ

દરરોજ મળવાને કારણે અમે એકબીજાની નજીક આવ્યાં. હું મારી જાતને બધો વખત મીરા વિશે વિચારતા જોઈ શકતો હતો. કામ પર, હું તેના નરમ વાળની મારા ગાલ પર કલ્પના કરતો, અને યાદ કરતો હતો કે જયારે એ દિવસે કૅફેમાં તેણે પોતાના હાથ મારી આસપાસ વીંટાળ્યા ત્યારે મેં કેટલી હૂંફ અનુભવી હતી. કોઈ પણ ફૂલ આ સુંદર છોકરી જેટલા મહેકતા હોઈ શકે નહીં; તેની આંખોમાં જોવા મળતી લાગણીએ જે રીતે મારો શ્વાસ થંભાવી દીધો હતો એવું કોઈ સૂર્યાસ્ત પણ ન કરી શકે.

જો મીરા તેનું હૃદય તેની બાંયો પર રાખતી હોત, તો કહું છું કે, હું મારા પોતાના હૃદયને ખૂબ જ સાવચેતીપૂર્વક રાખતો. હું વધુ ખુલવા માગતો હતો, પરંતુ દર વખતે જયારે હું એક પણ પગલું એ નિર્ણય તરફ લઇ જતો, ત્યારે મને એ સમુદ્રોનો વિચાર આવતો જેને મારે ઓળંગવાના હતા અને એ કારણનો વિચાર આવતો કે જેને પગલે હું ભાગી જવા ઇચ્છતો હતો. કૅફેમાં બેઠેલી એ મીઠડી છોકરીની જેમ મને સ્વતંત્રતા પણ એટલું જ લલચાવતી હતી.

એક દિવસ સાંજે, અમે કૅફેમાં મળ્યાં. આ વખતે મીરા મારા કરતાં પહેલા આવી પહોંચી હતી અને મને જોતાં જ પોતાના ગાલમાં ઊંડા ખંજનો પાડતી તે, મારી તરફ ફરી.

'કેમ છે, પાર્ટનર,' હું જેવો પ્રવેશ્યો કે કબીરે શુભેચ્છા આપતા કહ્યું. હવે કૅફેને તેની યોજનાની જાણ હતી અને એ વાત હવે ગુપ્ત રહી નહોતી કે તે પોતાની કૉફી શૉપ શરૂ કરી રહ્યો છે.

'કેમ છે, કબીર,' મેં જવાબ આપ્યો. 'મીરા. તમે બંને આજે કેમ છો?'

તેમણે જવાબ આપ્યો કે અચાનક ગ્રાહકોનો ખળભળાટ વધી ગયો. કબીર મારી કૉફી તૈયાર કરવા ગયો, પરંતુ મેં તેને રોક્યો.

'ફરી ક્યારેક, મારા મિત્ર,' મેં કહ્યું. મીરાની નજરમાં મને મૂંઝવણ દેખાઈ. કારણ કે અમારી રોજની પ્રથા આજે મેં તોડી

હતા.

મેં મીરાની કેપેચીનો માટે કાઉન્ટર પર પૈસા મૂક્યા અને આમંત્રણ રૂપે તેની સામે હાથ ફેલાવ્યો.

‘આપણે ક્યાંક જઈ રહ્યા છીએ?’ તેણે પૂછ્યું. ‘હું સમજી નહી.’

‘પાંચ દિવસથી વરસાદ, અને છેવટે તે રોકાયો,’ મેં બારી તરફ ઈશારો કરતા કહ્યું. ‘ચાલ, થોડું ચાલવા જઈએ’

મીરા પોતાનો કોટ અને બેગ લેતા તરત જ ઉભી થઈ. ‘આ અદભુત વિચાર છે,’ અવાજમાં ઉત્તેજના સાથે તેણે કહ્યું.

‘અહીંથી બગીચો નજીક છે,’ કબીરે જણાવ્યું. ‘બૅન્ચ કદાચ હજુ પણ ભીની હશે, પરંતુ વૉક માટે આ અદભુત સમય છે.’

મેં મીરા સામે જોયું. ‘તારો શો વિચાર છે?’ તેણે માથું હલાવ્યું.

કબીરે ઝડપથી મીરાની બાકી રહેલી કેપેચીનો પેપર કપમાં રેડીને તેના પર ઢાંકણું લગાડ્યું. તેણે મને મારો પોતાનો ગરમ પેપર કપ આપ્યો. ‘મજા કરો, બાળકો,’ તેણે ચમકતી આંખો સાથે કહ્યું.

અમે સ્વચ્છ અને તાજગીસભર સુગંધ ધરાવતી હવામાં બહાર નીકળ્યા. હવામાં થોડી ગરમી અને થોડો ભેજ હતો. મીરાએ તેના લાંબા વાળ પાછળ પોનીમાં બાંધ્યા હતા અને મેં તેના ચહેરા પર, એ ભેજમાં તેની ઝુલ્ફોને નજાકતથી ગોળ વીંટળાતી જોઈ.

અમે નીકળ્યા અને બીજા ઉતાવળા રાહદારીઓને રસ્તો આપવાની તકેદારી સાથે બગીચાની દિશામાં ચાલવા લાગ્યા, કેમ કે અમે અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યાં હતાં.

‘મને તારા દિવસ વિશે કહે,’ મેં મારી આંગળીઓ તેની આંગળીઓમાં પરોવતાં કહ્યું. તે મારા હાવભાવથી આશ્ચર્ય પામી, પરંતુ કોઈ ટિપ્પણી ન કરી.

‘એટલો ખરાબ પણ નહોતો,’ તેણે શરૂ કર્યું. ‘મારા બૉસ વેકેશન પર છે અને મને વધારે કામ હોવા છતાં પણ રાહત છે કારણ કે તે થોડાક સમય માટે જ નથી.’

હું હસ્યો. ‘શું તેઓ તારૂં જીવન મુશ્કેલ બનાવે છે?’ મેં પૂછ્યું.

મીરાએ પોતાના ખભા ઉલાળ્યા. 'મને નથી લાગતું કે તે મુશ્કેલ બનાવવા માગે છે,' તેણે શરૂ કર્યું. 'પણ બધી જ વાતો સંકટ જેવી હોય એમ દેખાડવાનો માર્ગ તેની પાસે છે. સાવ સામાન્ય બાબત પણ જાણે કે બહુ મોટી કટોકટી હોય એવી રીતે તે દેખાડે છે.'

'મેં આવા લોકો સાથે કામ કર્યું છે,' મેં જવાબ આપ્યો. 'તમારી આસપાસ તમે જ્યાં પણ જુઓ ત્યાં સમસ્યાઓ દેખાય ત્યારે તમારો દિવસ આપોઆપ જ મોટો થઈ જતો હોય છે.'

'કલ્પના કર આવા લોકો અંદરથી ખરેખર કેટલા તુચ્છ હશે,' તેણે કહ્યું. 'તેમને આ બધી તાણને કારણે અલ્સર થઈ જતા હશે. બધી જ બાબતો અંગે ચિંતા કરવા માટે જીવન બહુ જ નાનું છે.'

અમે શાંતિથી ચાલતા રહ્યા અને આખરે પાર્ક પાસે પહોંચ્યા. રસ્તો ઓળંગવા માટે સિગ્નલનો રંગ બદલાય એની રાહ જોતાં અમે ઊભા રહ્યા, અને તેને રંગ ફરીવાર બદલાય એ પૂર્વે અમે એ વ્યસ્ત રસ્તાને તીરની ગતિએ ઓળંગી ગયા.

બગીચાના કિનારે મીરા અચાનક જ ઉભી રહી ગઈ. 'શું થયું?' મેં પૂછ્યું.

તેણે નીચે પોતાના પગ તરફ જોયું, અને સમજૂતી આપતા સ્ટાઇલિશ ઊંચી હીલ ઉઠાવી. 'મેં ચાલવા માટે યોગ્ય પોશાક પહેર્યો નથી,' તેણે સમજાવ્યું.

મેં મારા કપાળ પર થપાટ લગાડી. 'માફ કરજે, પણ મને આ વિશે વિચાર જ આવ્યો નહીં.'

તેણે મારી ચિંતા બરતરફ કરતા, પોતાનું માથું હલાવ્યું. 'ઈટ્સ ઓલરાઈટ,' તેણે જણાવ્યું. 'મારે માત્ર કેટલીક એડજસ્ટમેન્ટ્સ કરવાની જરૂર છે.'

તેણે પોતાનો હાથ લંબાવી મારા બાવડાંને ચુસ્ત રીતે પકડ્યા, અને સેન્ડલ કાઢવા માટે નીચે ઝૂકી. 'તું સૅન્ડલ ઉતારી રહી છે?' હું હસ્યો.

તેણે થોડી નારાજગીથી માથું હલાવ્યું. 'તું એક ક્ષણ માટે આ પકડીશ?'

મેં સૅન્ડલ લીધુ અને મારો હાથ એવી રીતે રાખ્યો કે જેના સહારે તેને પોતાના ઉઘાડા પગે ડગમગતા બીજું સૅન્ડલ પણ કાઢી નાખ્યું. અને પછી તેણે પોતાના બંને સૅન્ડલને મોટા ખભા પર લટકાવેલી બૅગમાં મૂકી દીધા.

'સારૂ લાગ છે?' મ મજાક કરતા કહ્યુ.

તેણે નિશ્ચિતપણે માથું હલાવ્યું અને અમે ફરી ચાલવાનું શરૂ કર્યું. હું મારી જાતને રોકી ન શક્યો; તે પહેલાં કરતાં પણ ટૂંકી લગતી હતી અને તેના ખભા આસપાસ મારા હાથ રાખવાની મારી જરૂર સામે પડતું મૂક્યું. જવાબમાં, તે મારી નજીક સરકી, અને મારી સાથે બાજુના રસ્તે ચાલવા લાગી.

અમે બગીચામાં ચાલતા જતા હતા અને સાંજનો આનંદ માણતા-માણતા અમારા બાળપણની મનગમતી યાદો વિશે વાત કરી રહ્યા હતા. તેને હસાવવાનું મને બહુ ગમતું; તેનો મીઠો અવાજ મારી આત્માને સુખથી ભરી દેતો કે હું કલ્પના પણ નથી કરી શકતો કે હું તેને મળ્યો તે પહેલા હું મારા દિવસ કેવી રીતે પસાર કરી રહ્યો હતો.

અમે બગીચો છોડી અને રસ્તા પર પરત ફર્યા, ત્યારે મીરાએ તેના સૅન્ડલ બેગમાંથી બહાર કાઢ્યા અને પોતાના પગ તેમાં સરકાવવાનો પ્રયાસ કર્યો. તે પોતાના પહેલા સેન્ડલ પર સંતુલન કરી રહી, ત્યારે તે ડગમગી અને મારા પર પડી.

'આય એમ સોરી,' તે હસી, મેં તેને ઝીલી લીધી અને તે પોતાના સૅન્ડલ પર ફરી સ્થિર ન થઇ ત્યાં સુધી મેં તેને દૃઢપણે પકડી રાખી.

'બધું બરાબર છે,' મેં જવાબ આપ્યો, અને હજુ પણ તેને ચુસ્ત રીતે પકડેલી હતી. હું તેને જવા દેવા માગતો નહોતો.

મેં જેવી તેના ચહેરા પરની વાંકી લટને મારી આંગળીઓમાં લપેટી કે મીરાએ તરત જ મારી સામે જોયું. 'હું આમ કરવા માટે રાહ જોઈ રહ્યો હતો,' મેં સ્વીકાર્યું, મારા અવાજમાં લાગણીઓનું ઊંડાણ હતું.

'સાચે જ?' તેણે પૂછ્યું, તેની આંખ મારી આંખ સાથે જોડાઈ.

હું વધુ કશું જ બોલી શક્યો નહીં. મેં તેને નીચે નમીને ચુંબન કરતાં પહેલા, તેના અણમોલ ખંજન પર મારી આંગળીઓ ફેરવતા, મારા હાથ વડે તેના નરમ ગાલનો સ્પર્શ કર્યો.

* * *

મીરા

11

ભયભીત

બે મહિનાની સખત મહેનત અને સમર્પણ પછી, અમે અમારા પ્રિય મિત્રનું સપનું સાકાર થતું જોવા માટે તૈયાર હતા. કૅફી કબીરનું, ભવ્ય ઉજવણી અને 'કબીર વેડ્સ નિશા'ની જાહેરાત સાથે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

તે સમય દરમિયાન, હું નિશાને મળી અને અમે તરત જ એકબીજા સાથે જોડાઈ ગયાં. તેનો સ્વભાવ ખૂબ જ મૈત્રીપૂર્ણ હતો અને તે એટલી જ સુંદર પણ હતી; કબીર તેના પ્રેમમાં આટલો જલદી કેમ પડી ગયો એનું મને આશ્ચર્ય ન થયું.

તે ખુશીના મહિનાઓ દરમિયાન, કબીર, નિશા, વિવાન અને હું ખૂબ જ નિકટનાં મિત્રો બની ગયા હતા. અમે કૅફે કબીરમાં દર વીકએન્ડમાં અચૂકપણે મળતા અને સાથે સારો સમય વિતાવતા. કબીર અને નિશા બંને કૅફેને સફળ બનાવવા માટે સખત કામ કરતા, તેમ છતાં તેઓ અમારી વધતી મિત્રતાને કેળવવા માટે પણ સમય કાઢી લેતા. આ સમય મારા માટે અત્યંત મૂલ્યવાન હતો, અને હું જાણતી હતી કે અન્ય ત્રણ જણ માટે પણ તે એટલો જ કીમતી હતો.

'કબીર જેટલા લાંબા સમયથી હું તને નથી ઓળખતી એ હું જાણું છું, પણ તે એને બદલી નાખ્યો છે,' એક સાંજે મેં નિશાને કહ્યું. 'તે તને ખૂબ જ પ્રેમ કરે છે! હું પણ હંમેશા આવા જ પ્રેમનું સ્વપ્ન સેવું છું જેવો તારા અને કબીર વચ્ચે છે.' મને વિવાનનો વિચાર આવ્યો. અમે હજુ પણ તેના આવવાની રાહ જોઈ રહ્યાં હતાં.

નિશા હસી અને મારા હાથ પર તેણે હાથ ફેરવ્યો. 'મીરા, પ્રિય, તારી આંખો ખોલ. હું પણ જોઈ શકું છું કે તું વિવાનને પ્રેમ કરે છે. તું શા માટે તેને તારી વાર્તાઓ માટે મનાવે છે હવે તેમાં કોઈ મોટી ગુપ્તતા નથી રહી. તારા દિલે તને કહી દીધું છે કે આખરે તને એવી વ્યક્તિ મળી ગઈ છે જેને તારી આત્મા પ્રેમ કરે છે અને ઓળખે છે,' તેણે કહ્યું. 'પ્રેમમાં પડવું ડરામણું છે, મને ખબર છે. પરંતુ વિવાન સારી વ્યક્તિ છે અને મને લાગે છે કે તમે બંને ખૂબ ખુશ રહેશો.'

મને ખબર હતી કે તેનું કહેવું સાચું જ છે. મને વિવાન પ્રત્યે ઊંડી લાગણી હતી, પરંતુ બગીચામાં એ ચુંબન કર્યા પછી પણ, કેટલાક નાનકડા સંકેતો સિવાય, મેં ક્યારેય વિવાનને કશું જ કહ્યું નહોતું.

'મારી ઇચ્છા હતી કે હું તેની સામે મારી લાગણીઓ વ્યક્ત કરી શકું,' હું ગણગણી. તે માત્ર નિશા સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં પણ મને બહુ સારૂં લાગ્યું, પરંતુ તે જ સમયે, એ એકરારે મારા લોહીને ખૂંચતા, થીજાવતા ભયથી ભરી દીધું.

'શા માટે તે હજુ તેને નથી કહ્યું કે તું તેના માટે શું અનુભવે છે? સ્પષ્ટ છે કે તું ખરેખર તેના પ્રેમમાં પડી રહી છે! 'મારી મનપસંદ કૉફી લાવતા કબીરે કહ્યું.

મેં ના પાડી. 'જો તેને મારા માટે એવી જ લાગણી નહીં હોય તો, કબીર? મને ડર છે કે તે મારો અસ્વીકાર કરશે,' આમ કહેતા મારો ચહેરો લાલ થઇ ગયો. હું કેવું અનુભવું છું તે વિશે મારા મિત્રને કહેતા મને શરમ આવવા લાગી. પરંતુ એ પછી પણ, તેણે મને અને વિવાનને નિશા વિશે જણાવ્યું હતું અને જુઓ તેમનુ પરિણામ કેવું સરસ બહાર આવ્યું છે.

'મીરા, જો તું તેને પ્રેમ કરતી હોય તો, તું જે અનુભવે છે, તે તેને જણાવી દે,' કબીરે આગ્રહ કર્યો. 'જો તું તેને કહેવાનો પ્રયાસ નહીં કરે, અને તું ખરેખર શું અનુભવે છે તેની જાણ તેને નહીં થાય, તો તેને ક્યારેય ખબર નહીં પડે. એવું કંઈ તારી સામેથી પસાર થઇ જાય એમ તું ઈચ્છીશ નહીં, ખરૂં ને?'

'ના, કબીર, હું આવું કંઈક મારી પાસેથી પસાર થવા દેવા માગતી નથી,' મેં જવાબ આપ્યો અને મેં વિવાનને દરવાજામાંથી પ્રવેશતા જોયો.

* * *

મારી વાર્તા અત્યંત રસપ્રદ બની રહી હતી અને એવી ઘટનાઓથી ભરેલી હતી, જેમની મેં માત્ર કલ્પના જ કરી હતી. હું પહેલી વાર વિવાનને મળી, ત્યારથી ઘણું બદલાઈ ગયું હતું. માત્ર કબીરની પ્રેમકથાએ જ મને ઘણી બદલી નાખી હતી. હું એવા પ્રકારના સંબંધ માટે ઝંખતી હતી, જેવો તેની અને નિશા વચ્ચે હતો. હું મારી ખુશી અને મારૂં જીવન કોઈકની સાથે વહેંચવા માગતી હતી.

હું ખરેખર શું અનુભવી રહી છું, તે વિવાનને કહેવાની હિંમત મારે એકઠી કરવાની હતી. મારી લાગણીઓ છતી કરવા વિશે વિચારતાં જ મારા હાથ ધ્રૂજવા લાગ્યા. તે મારી હાંસી ઉડાડશે તો? ના, તે આવું ક્યારેય નહીં કરે. પરંતુ તેને મારા પ્રત્યે આવી જ લાગણી નહીં હોય તો? મને ખાતરી નહોતી કે, હું તેને પ્રેમ કરૂં છું એ કહેવા જેટલી પણ હું બહાદુર હતી કે નહીં.

પણ મને તો એ પણ ખબર નહોતી કે, હવે મારી લાગણીઓ લાંબા સમય સુધી છુપાવી રાખવાની હિંમત પણ મારામાં હતી કે નહીં.

મેં મારો ફોન લઈને વિવાનને મેસેજ મોકલ્યો ત્યારે મધરાત થઇ ગઈ હતી. **'મને ઊંઘ આવતી નથી. શું તું જાગી રહ્યો છે?'**

થોડી મિનિટો પછી, વિવાને એક કવિતા મોક્લી.

'લોકો નહીં પણ મન,
તોફાન નહીં પણ શાંતિ,
જવાબ નહીં પણ પ્રશ્ન,
પરિણામ નહીં પણ કારણ,
જેનાથી હું ભયભીત છું.
સત્ય નહીં પણ સ્વપ્ન,
ક્ષણ નહીં પણ યાદ,
અસત્ય નહીં પણ સત્ય,
મૃત્યુ નહીં પણ જીવન,
જેનાથી હું ભયભીત છું.
અંત નહીં પણ શરૂઆત,
અજાણ્યા નહી પણ જાણીતા,
નફરત નહીં પણ પ્રેમ,
દુનિયા નહીં પણ હું,
જેનાથી હું ભયભીત છું.'

મને ખબર ન પડી કે તેનો જવાબ કેવી રીતે આપું. મારે તેની સુંદર કવિતાના વખાણ કરવા કે તેની સાથે કશુંક ગરબડ હોવાની ચિંતા કરવી? મેં જવાબ આપ્યો, 'ચાલો કાલે મળીએ.'

હુ સુતો, મારા હાથ, મારા ફોનની આસપાસ, તેના જવાબની રાહ જોતા, વીંટળાયેલા હતા.

* * *

12

અલવિદા પણ નહીં

બીજા દિવસે, હું ઉઠી ત્યારે વિવાન તરફથી કોઈપણ મેસેજ ન હોવાનું આશ્ચર્ય મને થયું. મને લાગ્યું કે તે પણ ઊંઘી ગયો હશે, તેથી મેં તેને કૉલ કરવાનો નિર્ણય કર્યો.

'તમે જે નંબરનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છો તે બંધ છે,' એક નાનકડા અવાજે જણાવ્યું. 'કૃપા કરી થોડા સમય બાદ ફરી પ્રયત્ન કરો.'

મને લાગ્યું કે, કદાચ તે કૅફે કબીરને ઉભું કરવામાં અને તેને ચલાવવાની તમામ ઉત્તેજનાઓમાં પોતાના ફોનનું બિલ ચૂકવવાનું ભૂલી ગયો હશે.

મેં સ્નાન કરીને પોશાક પહેર્યો, એક નરમ, લાબું સ્કર્ટ પહેર્યું કારણ કે હું જાણતી હતી કે વિવાનને તે ગમતું હતું.

મેં તેને ફરીથી કૉલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ જ રેકોર્ડિંગ સંભળાયું.

મને ખબર નહોતી પડતી કે શું થઈ રહ્યું હતું. આગલી રાત્રે તેણે મોકલેલી ઉદાસ કવિતા પર મારૂં ધ્યાન ગયું. હું તેને ફોન કરતી રહી, પરંતુ તેનો ફોન બંધ જ રહ્યો.

અંતે, મેં કબીરનો નંબર ઘુમાવ્યો.

'હૅલો,' તેણે જવાબ આપ્યો.

'કબીર, વિવાન સાથે કંઈ ગરબડ છે,' મેં શરૂ કર્યું. 'તેણે મારા મેસેજના જવાબ આપ્યા નથી, અને હવે તેનો ફોન બંધ છે.'

'તે કદાચ કામમાં વ્યસ્ત હશે. મને ખાતરી છે કે તે ટૂંક સમયમાં જ તને ફોન કરશે,' કબીરે મને દિલાસો આપતા કહ્યું. 'ચિંતા ન કર.'

'મને આશા છે કે તે એવું જ કરે,' મેં કહ્યું, અને ફોન મુક્યો.

* * *

બે દિવસ વીતી ગયા અને વિવાન તરફથી કોઈ મેસેજ આવ્યો કે ન કોઈ કૉલ. કબીરને વધુ ચિંતા થવા લાગી. આ દરમિયાન, હું બેબાકળી બની ગઈ.

અમે છેલ્લે વિવાનની બૅન્કમાં જઈ એ જાણવાનો નિર્ણય લીધો કે તે જવાબ કેમ આપી રહ્યો નથી. અમને કારમાં બેસી અને સિટીબૅન્ક પહોંચતા બહુ વાર ન લાગી.

હું વાત કરવા માટે સક્ષમ નહોતી, તેથી કબીર બોલ્યો. ‘શું અમે વિવાન સાથે વાત કરી શકીએ?’ તેણે ટેલરને પૂછ્યું.

તેણે તેના લાંબા, કાળા વાળને આગળ-પાછળ હલાવતા, પોતનું માથું ધુણાવ્યું. ‘હું દિલગીર છું, વિવાન હવે અહીં કામ કરતા નથી. તેમણે બે દિવસ પહેલા જ રાજીનામું આપી દીધું.’

તેના શબ્દો મને એવી રીતે વાગ્યા કે જાણે કોઈએ મને પેટમાં મુક્કો માર્યો હોય અને મારો શ્વાસ બહાર ખેંચી લીધો હોય. વિવાને સિટીબૅન્કના આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર તરીકેની નોકરી પરથી રાજીનામું આપી દીધું હતું. તેણે મને કહ્યું નહોતું કે તે રાજીનામું આપવાનો હતો.

‘તમે જાણો છો કે તેઓ હવે ક્યાં કામ કરે છે?’ કબીરે નર્વસ થઇ ભાર મુક્યો.

ટેલરે ફરી તેનું માથું ધુણાવ્યું. ‘મને ખબર નથી કે તેઓ ક્યાં ગયા છે, પરંતુ મને શંકા છે કે તેમણે બીજે ક્યાંય કામ કરવાનો નિર્ણય લીધો હશે. મેં તેમને મેનેજરને કહેતા સાંભળ્યા હતા કે તેઓ જઈ રહ્યા છે... ના, તેમણે કહ્યું હતું કે તેઓ “ભાગી” રહ્યા છે. એવું લાગતું હતું તેમને જીવન પાસેથી પૂરતું મળી ગયું હતું’

હું હાંફી ગઈ અને મેં કબીરને પકડ્યો મને લાગતું હતું કે જાણે મારા ઘૂંટણ મને વળી જવાની ધમકી આપી રહ્યા હતા. મેં અવિશ્વાસથી મારૂં માથું ધુણાવ્યું. મને વિશ્વાસ નહોતો બેસતો કે તેને આ બધી વ્યવસ્થા કરી લીધી અને અમને કોઇને કંઈપણ કહ્યું નહીં. મારૂં શરીર, મારૂં મન જડ બની ગયા જ્યારે મને સમજાયું કે તે ખરેખર ‘ભાગી’ ગયો હતો. મેં તેના નંબર પર ઘણી વાર ફોન કર્યો, પરંતુ કોઈ પ્રતિસાદ ન મળ્યો. તેના તરફથી કોઈ આવજો કે કોઈ સમજૂતી કરવામાં આવી નહોતી.

મેં બહાદુર બનવા પ્રયત્ન કર્યો અને પહેલા તો મેં તેને અલવિદા કરી દેવાનું નક્કી કર્યું હતું. આ હતો વિવાન, અને તેનું સ્વપ્ન હતું ભાગી જવાનું. જે પ્રથમ રાત્રે મારી નજર તેના પર પડી ત્યારથી જ મને એની જાણ હતી. પરંતુ ક્યારેય, કોઇ

વાસ્તાવક સકત ન હતા ક અચાનક અક ાદવસ ત ઉઠશ અન જતો રહેશે.

હું મારી જાતને એ વિચારતા રોકી શકતી નહોતી કે કેટલા લાંબા સમયથી તેણે આ આયોજન કર્યું હશે? શું હંમેશાથી જ તેની યોજના રહી હશે કે એક દિવસ ગાયબ થઇ જવું? તેણે મને ઘણી વાર કહ્યું હતું કે તે મુસાફરી પ્રત્યે તેના પ્રેમને કારણે લાંબા સમય સુધી એક જ જગ્યાએ રહી શકતો નથી. હું તે જાણતી હતી. તો પછી શા માટે એ મને કચડી રહ્યું હતું, જ્યારે આખરે એ દિવસ આવી પહોંચો અને તેણે તેનું સ્વપ્ન પૂર્ણ કર્યું? તે જીવનમાં આગળ વધી ગયો. મારા વગર.

અમે ગમે તેમ કરીને અમારી લાગણીઓને નિયંત્રિત કરી અને કૅફે કબીર પર પહોંચ્યા.

‘ચાલ મીરા, રડવાનું બંધ કર,’ મારી આંખો ઉભરાવાની નોંધ લેતા કબીરે કહ્યું. ‘મીરા, આપણે બધા જાણતા હતા કે તેને મુસાફરી પ્રત્યે પ્રેમ છે. પરંતુ ચિંતા ન કર, તે પાછો આવશે. ‘

‘તેણે આવજો પણ ન કહ્યું,’ હું મારા હાથ કાઉન્ટર પર ફેલાવી હું તૂટી પડી અને ડૂસકાં ભરવા લાગી. મારૂં દિલ તૂટી ગયું હતું, અને સૌથી ખરાબ, હું તેને યાદ કરવા લાગી હતી.

કબીરે મારા ખભા થપથપાવ્યા. ‘ઓહ મીરા, તારા આંસુ રોક. હું તને શાંત થવા વિનંતી કરૂં છું, નહીં તો હું પણ રડવાનું શરૂ કરી દઈશ,’ તૂટતાં અવાજ સાથે તેણે કહ્યું.

મેં મારૂં માથું ઊંચું કર્યું અને હું તેની સામે તાકી રહી. ‘તું મને રડવાનું બંધ કરવાનું કઈ રીતે કહી શકે છો? મારૂં હૃદય મારા શરીરમાંથી બહાર ખેંચી કાઢવામાં આવ્યું છે! આખરે એક દિવસ હું શું અનુભવું છું એ વિશે તેને જણાવવાની હિંમત એકઠી કરી શકી, અને એ જતો રહ્યો. હું તેના વગર ખોવાઈ ગઈ છું!’ મેં મારૂં માથું ફરી ઢાળી દીધું અને રડતી રહી.

‘મીરા, અમે બધા તેને યાદ કરી રહ્યા છીએ અને તેને યાદ કરવાનો તને પૂરો હક છે,’ કબીર શાંત પડ્યો. ‘આપણે ફક્ત વ્યસ્ત રહેવા અને તે પાછો ન ફરે ત્યાં સુધી, તેને આપણા હૃદય અને યાદોમાં રાખવા સિવાય કશું જ કરી શકીએ એમ નથી.’

તેની સફર ભલે ગમે તેટલી લાંબી હોય, પણ મારા માટે વિવાન વગર જીવવું ખુબ જ લાબું બની ગયું હતું. તેનું સુંદર સ્મિત હવે પછી મને હૂંફ નહીં આપતું હોય.

હું કાઉન્ટર પર બેસી ગઈ કારણ કે મારું સમગ્ર વિશ્વ મને મારી આસપાસ ધૂળધાણી થતું દેખાયું.

કબીર મારા માટે કેપેચિનો લાવ્યો. ‘કંઈ નહીં તો ય તારી પાસે લખવા માટે એક પુસ્તક છે! તું તારી જાતને તેમાં વ્યસ્ત રાખી શકે છે. તે પાછો આવે તે પહેલા કદાચ તું તારી નવલકથા પૂરી કરી શકે છે. ત્યારે તેને તારા પર ગર્વ નહીં થાય?’

મારૂં આખું શરીર હજુ પણ જડ હતું અને ભીડભર્યા એ કૅફેમાં હું મારી જાતને એકલી અનુભવી રહી હતી. હું જાણતી હતી કે મારા જીવનમાં કરવા માટે અને મેળવવા માટે ઘણું હતું, પણ મને એવું લાગતું કે તે વહેંચવા વિવાન મારી સાથે હશે. મારા જીવનમાં તે પ્રવેશ્યો એ પહેલા હું જ્યાં હતી, એ જગ્યાએ ફરીથી ગોઠવાઈ જવા માટે હવે હું પ્રયાસ કરી રહી હતી.

મને આખરે સમજાયું કે કૅફેની દીવાલોમાં હવે કોઈ ચમત્કાર બાકી રહ્યો નથી. મારા જીવન અને મારી વાર્તાને લગતી તમામ બાબતોમાંથી મારો રસ ઉડી ગયો હતો. બધું મને વિવાનની જ યાદ અપાવતું હતું.

* * *

13

કોરાં પાનાં

મને એવું લાગતું હતું કે વિવાન જાણે હંમેશાથી જ અહીં હતો. એવોય વખત આવતો જ્યારે મને એવું પણ લાગતું કે જાણે કૅફેમાં, મારી બાજુના વ્યક્તિને કૉફી અપાઈ રહી હોય અને તે વિવાન છે કે નહીં તે જોવા માટે હું પાછળ ફરતી.

લેખન મારે માટે સંઘર્ષ બની ગયું હતું. ઘણી વખત તો મેં જે લખેલું હતું તે વાંચીને હું પોતે જ રડી પડતી. મારા નામ સાથેના અણમોલ પુસ્તક પર મારી આંગળીઓ ફેરવીને વધુ એક કોરું પાનું ફેરવી જવાની હિંમત શોધવાનો પ્રયાસ કરતી.

મેં વિવાનને ખોયો, ત્યારે જ મને ભાન થયું કે હું તેને આ વિશ્વમાં સૌથી વધુ પ્રેમ કરતી હતી. તેને પાછો મેળવવા માટે કંઈ પણ આપવાની મારી તૈયારી હતી.

'કબીરે મને અહીં આવી ને તારી સાથે વાત કરવા કહ્યું છે,' નિશાએ એક દિવસ કહ્યું. તેનો દૃષ્ટિકોણ સાંભળ્યા વિના જ હું મારી બેઠકમાં ઉછળી.

'નિશા, તું વિવાનને લાવવા માટે કંઈ જ કહી કે કરી શકતી નથી,' મેં દુઃખી થઈને કહ્યું. 'તેમ છતાં મેં શોધી લીધું છે કે આ પહાડ નીચેથી કઈ રીતે બહાર નીકળવું અને મારી વાર્તા પૂરી કરવી.'

તેણે પોતાની સમજ પાર માથું ધુણાવ્યું. મેં જોયું કે તેણે કબીરને આઈસ્ક્રીમ સાથેની કૉલ્ડ કૉફી લાવવા ઈશારો કર્યો.

તેણે નિસાસો નાખ્યો. 'જીવનમાં હંમેશા ઉતાર-ચડાવ આવતા જ હોય છે,' તેણે શરૂ કર્યું. 'તમારા માર્ગમાં આવતી કોઈપણ અને બધી જ અનુભવવી એ જ જીવન છે. કેટલાક લોકો આપણને પાઠ શીખવીને જાય છે, જ્યારે અન્ય લોકો તમારી સાથે જ ઘરડા થવા હંમેશા અહીં રહેશે. હું નથી જાણતી કે વિવાન તારી સાથે હશે કે નહીં, પરંતુ સમય જ તારા ભાંગેલા દિલનો ઈલાજ છે.'

'મને વિશ્વાસ છે કે એવું જ થશે,' મેં કહ્યું, આમ છતાં મને તેના કે મારા શબ્દો પર ખરેખર વિશ્વાસ નહોતો.

નિશાએ ભારપૂવક કહ્યુ. 'તુ જ કરવા માગ છે, ફક્ત તેના પર જ ધ્યાન કેન્દ્રિત કર. આ જ સમય છે જેમાં આખરે તું લેખિકા બની શકે છે. તારી ગતિ ધીમી કરવા કે તને અટકાવવા માટે અહીં કોઈ જ નથી.'

'પણ જો હું તેને ફરીથી ક્યારેય નહીં મળી શકું તો?' મેં આખરે મારા સૌથી મોટા ભયને અવાજ આપ્યો.

નિશાએ પ્રેમથી મારા હાથ પંપાળ્યા. તે ખૂબ જ પ્રિય મિત્ર હતી, અને કબીરે તેની સામે પ્રેમનો એકરાર કર્યો તે પૂર્વે તેણે અનુભવેલા હૃદયભંગ વિશે મને વિચાર આવ્યો.

જાણે કે તે શબ્દો એકઠા કરતી હોય તેમ, એક ક્ષણ માટે શાંત થઇ. 'મેં સાંભળ્યું છે કે જો બે આત્માઓના નસીબમાં મળવાનું લખ્યું હોય, તો બ્રહ્માંડ પણ તેમના મિલન માટે માર્ગ શોધી આપે છે. તમે બધી આશા ગુમાવી દો તો પણ, કેટલાક બંધનો તૂટી શકતા નથી. આ બંધનો જ આપણને દેખાડે છે કે આપણે કોણ હતા, આપણે કોણ છીએ અને આપણે કોણ હોઈશું. આ બધાની વચ્ચે, કુદરત, હંમેશા માર્ગ શોધી કાઢે છે.'

આત્મવિશ્વાસભર્યા તેના શબ્દો તથા આગળ વધી અને લેખન શરૂ રાખવાના મારા બહાદુરીભર્યા નિર્ણય છતાં, મને સમજ નહોતી પડતી કે વિવાન વગર આગળ કઈ રીતે વધવું; એ સત્ય હતું. વિવાને કદાચ તેની આખી વાર્તા ક્યારેય જાહેર નહીં કરી હોય, પરંતુ તેણે મારો રસ જળવાઈ રહે અને વધુ જાણવાની મને જિજ્ઞાસા થાય એટલું જરૂર જણાવ્યું હતું.

વિવાનની વાર્તામાં કંઈક એવું હતું, જે મારી આત્માને સાદ આપતું હતું, જાણે કે તે મારો પણ એક હિસ્સો હતો. તે આગળ વધી ગયો છે એ સ્વીકારવું મુશ્કેલ હતું, પણ એ પુસ્તક પૂર્ણ કરવું જેમાં તે મુખ્ય પાત્ર હતો અને દરેક લખાણ લખતે આવેલો વિચાર પણ તેના વિશે જ હતો, એ વધુ મુશ્કેલ હતું. દરેક પાનું તેની વાર્તા પ્રતિબિંબિત કરતું હતું.

અમે કરેલી એક વાતચીત મને યાદ આવી જેમાં મેં તેને પૂછ્યું હતું કે તેને ક્યાં જવાની ઈચ્છા છે.

તેણે સમજાવ્યું, 'હું મુસાફરી કરવા માગું છું પરંતુ તેનો અર્થ એ નથી કે હું કોઈ મુસાફર બનવા ઈચ્છું છું. હું એક પ્રવાસી, એક સંશોધક બનવા માગું છું. હું અન્ય કોઈ દેશ જોવા માગું છું અને તેનો ભાગ બની જવા માગું છું. ટેકરીઓ ચઢવા, નદીઓ તરવા,

દરિયા કિનારે ચાલવા, પુસ્તકાલયો શોધવા, એ જગ્યાના રહસ્યો અને કથાઓ શોધવા માગું છું.

'હું એવા લોકોને મળવા માગું છું જે મારાથી અલગ હોય, પરંતુ એવા લોકો જેમની સાથે હું હજુ પણ હું જ હોઉં. હું નવી આંખો સાથે વસ્તુઓ જોવા ઈચ્છું છું અને નવા કાન સાથે સાંભળવા માગું છું. હું સમગ્ર બની ઘરે પાછો આવવા માગતો નથી; તેના બદલે, જ્યાં-જ્યાં હું ગયો છું, એ દરેક જગ્યાએ હું મારો એક ભાગ છોડવા માગું છું. અને આમ, આ એકસમાન આપ-લે હશે, કારણ કે મેં જેની મુલાકાત લીધી છે, એ દરેક જગ્યાનો એક હિસસો મેં મારી સાથે લીધો હશે.'

મારા પુસ્તકનો અંત આવો હશે? અને વિવાન એક પણ શબ્દ કહ્યા વગર, હંમેશાની જેમ અદ્રશ્ય થઇ જાય છે? હું પુસ્તકનો અંત એ રીતે લાવવા ઈચ્છતી નહોતી, કે જેનો મારા માટે કોઈ અર્થ ન હોય. એકાએક વિરહ કે કોઈ નુકસાનની કરૂણાંતિકામાં તે પરિણમે એવું પણ હું નહોતી ઈચ્છતી. હું ઇચ્છતી હતી કે એ એક એવી મહાન વાર્તા હોય જેના વિશે દરેક જણ જાણતો હોય. આ ક્ષણે, હું વિશ્વની સૌથી અપૂર્ણ વાર્તા લખી રહી હતી.

કોઈ એ સમજી નહોતું શકતું કે તેના વિના, મારી વાર્તા અપૂર્ણ હતી. વિવાન જ સર્વસ્વ હતો.

હું કૅફેમાંથી બહાર નીકળી ત્યારે કોઈની સાથે એક પણ શબ્દ બોલી નહીં. હું બહુ વાત નહોતી કરતી. જીવનમાં આગળ વધવાની મારી હિંમત, હું જે બધું કરવા માગતી હતી તેના માટે કામ કરવાનો આત્મવિશ્વાસ... આ બધું જ જાણે દૂર છુપાઈ ગયું હતું કે બંધાઈ ગયું હતું. મને ખાતરી નહોતી કે તે મારી અંદર જ હતું અને કાળજીથી છુપાવેલું હતું કે વિવાન પોતાની સાથે મારાં સપનાં પણ લઇ ગયો હતો.

હું મારી કાર તરફ ચાલતી ગઈ અને ડ્રાઇવિંગ શરૂ કર્યું. તે એ માર્ગ હતો જેના પર હું મારા એપાર્ટમેન્ટ સુધી જવા માટે હજાર વખત પસાર થઇ હોઈશ. ટ્રાફિક અસહ્ય હતો. સૂર્યાસ્ત થવા લાગ્યો, અને ક્ષિતિજ પર રંગોનો વિસ્ફોટ એવો લાગતો હતો જાણે જ્વાળાઓ આકાશમાં નૃત્ય કરી રહી હોય. વાદળી, ગુલાબી અને જાંબલી રંગના સુંદર દ્રશ્યો મારી ઉપર આકાશમાં સર્વત્ર ફેલાઈ ગયા.

'મારે મુસાફરી કરવી છે, આખું વિશ્વ ફરવું છે. હું રોડ ટ્રીપ પર જવા માગું છું. ક્યારેક વૃક્ષો પાછળથી તો ક્યારેક ટેકરી પરથી, દરેક સૂર્યોદય અને સૂર્યાસ્તનો

આનંદ લેવા માગું છું.' વિવાનનો અવાજ મારા મનમાં પડઘા પડતો હતો.

મારી આંખમાં આંસુ આવવા લાગ્યા અને મેં મારા હાથની હથેળી સ્ટિયરિંગ વ્હીલ પર ફટકારી.

મારો ગુસ્સો ઝડપથી ઉભર્યો હતો, તેના કરતાં વધુ ઝડપથી સૌમ્ય ઉદાસીમાં પરિવર્તિત થયો. 'હું આશા રાખું છું કે તું કમ સે કમ આ સૂર્યાસ્ત જુએ, વિવાન, અને મને અહીં યાદ કર, જ્યાં તે મને છોડી છે,' હું શાંતિથી મારી કારમાં ગણગણી.

* * *

વિવાન

14

મારા સંસ્મરણો

છેલ્લા ત્રણ મહિના પાગલપણા જેવા રહ્યા હતા. ભારત છોડ્યું, ત્યારથી વિશ્વમાં ઘણું જોયું.

મેં મારા સાહસો ચીનથી શરૂ કર્યા. મહાન દીવાલ પાર ચાલતા-ચાલતા મારા પગની પિંડી બળતી હોવાનું મેં અનુભવ્યું અને મેં એવું સ્વાદિષ્ટ ભોજન ખાધું હતું કે અઠવાડિયા પછી પણ તેની યાદ માત્રથી મારા મોંમાં પાણી આવતું હતું. જીઉઝઇનો પીકોક રિવરબેડ મને મીરાના એ સ્કર્ટની યાદ આવતો હતો જે તેણે અમે પહેવી વાર મળ્યા તે રાત્રે પહેર્યું હતું. એ યાદ ઉપર હું હસ્યો અને બગીચામાં આવેલા ધોધ તરફ ગયો, તેનો પ્રચંડ અવાજ મારા પોતાના વિચારો અને મને ખલેલ પહોંચાડવા માટે પૂરતો હતો.

પછી હું ટોકિયો ગયો. ત્યાંના બગીચા અદભુત હતા; ત્યાં પ્રાણીસંગ્રહાલય તેમ જ તળાવો હતાં, જેમાં લોકો પેડલ બોટ ચલાવતા હતા. મેં માઉન્ટ ફીજી પરથી સૂર્યોદય જોયો અને એ અનુભવ શ્વાસ થંભાવી નાખનાર હતો. મારી હોટેલથી, હું યોયોગી પાર્ક ચાલતો ગયો અને પછી હામારીકયુ ગાર્ડન્સ ફર્યો. આ શહેર અત્યંત વ્યસ્ત હતું, અને હવે હું એક શાંત સ્થળ પર જવા માટે તૈયાર હતો.

ઇટલીમાં, મેં વેસુવિયસ પર્વત જોયો, અને પછી પોમ્પેઈના ખંડેરનો પ્રવાસ ખેડ્યો. આ પ્રાચીન શહેરની કોતરેલી પગદંડી પર ઉભા રહીને વેસુવિયસને નિહાળવાનો અનુભવ અદભુત હતો. આ વિશાળ જ્વાળામુખી ફાટી નીકળતા, જે હજારો લોક મૃત્યુ પામ્યા હતા, તેમનો વિચાર આવતા મારા શરીરમાં ધ્રૂજારી પ્રસરી ગઈ.

આઇસલે ઓફ કેપ્રીની આસપાસ મેં જહાજમાં બેસી પ્રવાસ કર્યો, જહાજ આ વિસ્તારમાં ચક્કર લગાવી રહ્યું હતું અને હું તેની એક બાજુ પર જ સ્થિર રહ્યો. મારી સામે સમુદ્રમાંથી ઉભરી આવતા ટાપુ જોવાનો આનંદ અદભુત હતો. મેં ટાપુની ટોચ સુધી પહોંચવા માટે ગોન્ડોલામાં બેસવાનું ટાળ્યું, પણ નીચેથી પણ એ દૃશ્યાવલિનો મેં એટલો જ આનંદ માણ્યો.

હું અલાસ્કા ગયો જ્યાં હાડકામાં ઊંડે સુધી ઉતારતી ઠંડી સામે હું ટૂંટિયું વળી ગયો, ત્યાં મેં ઓરોરા બોરિયાલીસ જોઈ, મેં ભયંકર રીતે ધ્રુજતા-ધ્રુજતા, જમીનની બર્ફીલી સપાટી પરથી પ્રતિબિંબિત થતા અને કડકતી હવામાં નૃત્ય કરતા ઉત્તરી પ્રકાશના વાદળી અને લીલા આવિષ્કારી કિરણો જોયા. દિવસ દરમિયાન, મેં એવા પ્રાણીઓ અને પક્ષીઓ જોયા જેમના અસ્તિત્વની મને કલ્પના પણ નહોતી. મેં પહેલી વખત મુસ જોયું ત્યારે હું લાગણીશીલ થઇ ગયો હતો; તે બદામી રંગના, લાંબા પગવાળા પ્રાણીઓ કઇંક વિચિત્ર રીતે જ સુંદર હતા, પરંતુ તેમનું અસાધારણ કદ આશ્ચર્યમાં નાખી દેતું હતું. તેમાંના એકે કાદવમાંથી મારી સામે જોયું, જેમાંથી તે ખાઈ રહયું હતું, ત્યારે હું મારી જાતને અટ્ટહાસ્ય કરતા રોકી શક્યો નહીં. તેના મોંમાંથી નીચે પડતું પાણી એ વનસ્પતિઓ પર પડી રહ્યું હતું જેને તે મોજથી ચાવી રહ્યું હતું. મેં તે બેડોળ સુંદરતાને કંડારવા માટે મારો કેમેરો કાળજીપૂર્વક ગોઠવ્યો.

હું ન્યૂ યોર્ક સીટી ગયો કારણ કે તેને ‘ગેટવે ઓફ ધ વર્લ્ડ (વિશ્વનું પ્રવેશ દ્વાર)’ કહેવામાં આવે છે. આ શહેર હંમેશા વ્યસ્ત રહેતું, અને આખી રાત ખુલ્લું રહેતું. પણ વહેલી સવારે પણ ગાડીઓ દોડતી રહેતી અને દિવસ દરમિયાન પણ લોકો એટલી ઉતાવળમાં રહેતા કે તેઓ સાથે હળીમળીને રહેવાનું ભૂલી ગયા હતા. આ શહેરમાં સેંકડો લાઇટ સાથે એટલું તેજસ્વી હતું, કે હું તારા પણ જોઈ નહોતો શકતો. ત્યાં માત્ર ઘેરૂં આકાશ હતું, મને ખબર હતી કે ત્યાં ઝળહળતી અને રસ્તાને વધુ પડતો આવરી લેતી, નિયોન લાઈટ્સ, જે એક દ્રશ્યમાન છત્રી જેવી રચના કરી રહી હતી, અને તેને કારણે બીજું બધું જ જાણે કે ઢંકાઈ જતું હતું.

એક ઝડપી ફ્લાઇટ પછી, હું ઘનગર્જના જેટલા પ્રચંડ અવાજવાળા પાણીના ધોધની સામે હતો - નાયગ્રા ધોધ. હું પ્રૉસ્પેક્ટ પૉઈન્ટ અવલોકન ટાવર પર ચાલતા-ચાલતા ગયો. જેમ સાંજ ઢળી, કે હું ઠંડા કૉંક્રિટ પર બેસીને વહેતા પાણીને પ્રકશિત કરતી રંગીન લાઇટોને આતુરતાથી જોવા લાગ્યો.

એ પછીની સવારે મેં પ્લાસ્ટિકનો વાદળી પૉન્ચો પહેર્યો અને એક નાની બોટની સવારી કરી, જે મને નાયગ્રા નદી પર થઈને, નાયગ્રા ધોધની નીચે સુધી લઇ ગઈ.

અમે જેવા ધોધની નજીક પહોંચ્યા કે મેં તેના શક્તિશાળી એન્જિનને, નદીના પ્રવાહ સાથે સંઘર્ષ કરતા અનુભવ્યું. તેની ગર્જના બહેરા બનાવી દે તેવી હતી, પરંતુ હું ઉલ્લાસનું એ હાસ્ય છુપાવી ન શક્યો, કારણ કે એ ધોધના છાંટા મારા ચહેરાને

આવરી રહ્યા હતા. ભારતનુ ચામાસુ આવા જ રાહત લાવતુ, પરંતુ પ્રચંડ છાંટા અને લાઈટ સાથે એ ધોધનું બળ શ્વાસ થંભાવી નાખનાર હતું. આ ટૂંકી સફર દરમિયાન કેટલાક યુગલોને હું એકબીજા સાથે વળગેલા જોઈ શક્યો, તેઓ ચુંબન કરતા કે તે ગર્જના વચ્ચે એકબીજાને સાંભળવાનો પ્રયાસ કરતા ત્યારે તેમના પારદર્શક બ્લુ હુડ્સ એકબીજા સાથે ચોંટી જતા હતા.

પછી હું ગ્રાન્ડ કેન્યોન ગયો. હું એ જોવા માટે ગયો હતો કે મેં જેટલી અપેક્ષા કરેલી એટલું જ એ સુંદર છે કે નહીં. સાચે જ, કોઈ પણ ફોટો એ દ્રશ્યને ન્યાય કરી શકે નહીં. પૃથ્વી પર આવી અદભુત બખોલને જોવાનું અત્યંત પ્રેરણાદાયી હતું. મેં નીચે જવા માટે ગધેડાની સવારી લીધી, એ ઢાળવાળા રસ્તા પર ગધેડાના ચપળ પગ રસ્તો કરતા-કરતા આપેલા દરેક ઝટકાને મેં માણ્યા.

ફરી ટોચ પર પરત ફરતા, લગભગ સૂર્યાસ્ત થઇ ગયો હતો અને એ દ્રશ્યએ મારા શ્વાસ થંભાવી દીધા. એવું લાગતું હતું કે જાણે એક નાના બાળકને તેની માતાની રંગપેટી મળી ગઈ હોય અને તેણે તોફાન કરતા-કરતા કેનવાસ પર અલગ-અલગ રંગો ઢોળી નાખ્યા હોય.

* * *

15

એમા

ઇસ્ટ કોસ્ટ પર પાછા આવીને, મેં થોડા દિવસ બૉસ્ટનમાં વિતાવવાનો નિર્ણય લીધો. ન્યૂ યૉર્ક પછી, મને ખાતરી નહોતી કે ત્યાં હું લોકોની ભીડ માટે તૈયાર છું કે નહીં, પરંતુ આ વિસ્તારના સમૃદ્ધ ઇતિહાસ તરફ હું આકર્ષાયો હતો. આ શહેર અમેરિકાના જન્મ સમયના શહેરોમાંનું એક હતું, અને એ સંસ્કૃતિ વિશે થોડું વધુ શીખવા માટે હું આગળ વધ્યો.

મેં બૉસ્ટન કૉમન સુધી પહોંચવા માટે સબવે લેવાનું નક્કી કર્યું, જે નગરની મધ્યમાં એક વિશાળ બાગ હતો. સબવે ખૂબ જ ગુંચવણભર્યો હતો, પરંતુ મને કોલેજના કેટલાક મદદરૂપ થાય એવા યુવાનો મળી ગયા જેમણે મને અલગ-અલગ રંગો અને રેખાઓ વચ્ચે પહોંચવામાં મદદ કરી. આમ છતાં, હું સબવેમાંથી નીચે ઉતરી બાગના છેડે આવેલી ટ્રેમોન્ટ સ્ટ્રીટ પર પહોંચ્યો ત્યારે બહુ જ ખુશ હતો.

અહીં પણ હૈયે હૈયું દળાય એટલી ભીડ હતી, પણ તે ન્યૂ યૉર્ક જેટલી જબરદસ્ત નહોતી. હકીકતમાં, બધા ખૂબ જ મૈત્રીસભર લાગતા હતા. ત્યાં કોલેજના છોકરાઓ તડકામાં ઘાસ પર આરામ કરી રહ્યા હતા, અને લોકો ફ્રીઝબી રમી રહ્યા હતા. રમતના મેદાન પાસેથી પસાર થતા, મેં એક વૃદ્ધ માણસને બાળકો માટે ફૂગ્ગામાંથી આકૃતિઓ બનાવતા જોયો, અને જયારે તેમણે મને એક લીલો કૂતરો આપ્યો ત્યારે હું હસી પડ્યો. હું જઈ રહ્યો હતો, ત્યાં જ એક નાની છોકરીનો ફૂગ્ગો ફૂટી ગયો અને તેણે રડવાનું શરૂ કર્યું. મેં તેને મારો કૂતરો આપી દીધો અને બદલામાં મને એક ગાઢ આલિંગન મળ્યું. હું હસ્યો. તેણે સફરજન જેવું સ્મિત આપ્યું.

'તમારૂં સ્મિત ખૂબ સુંદર છે,' નાનકડી છોકરીએ નિર્દોષપણે જણાવ્યું. 'અમારી સાથે તળાવ સુધી આવવા માગો છો?'

મદદ માટે મેં તેના પિતા તરફ જોયું. મારૂં ઇંગલિશ સારૂં છે, પણ તે શેના વિશે વાત કરી રહી છે, એ વિશે મને કશી જ ખબર નહોતી. તેના પિતા હસ્યા. 'મને લાગે છે કે તમને એક નવો મિત્ર મળી ગયો છે,' તેમણે રજૂઆત કરી. 'આ એમા છે,' તેમણે

તેના ભીના, સોનેરી વાંકોડિયા વાળમાં આંગળીઓ ફેરવતા કહ્યું. 'મારું નામ મૅક્સ છે.' તેમણે પોતાનો હાથ બહાર કાઢ્યો.

'વિવાન,' મેં કહ્યું.

એમા હસી. 'કેટલું ફની નામ છે આ,' તેણે કહ્યું. 'અને તમે બહુ જ ફની રીતે બોલો છો!'

'એમા' તેના પિતા તાડુક્યા.

'ઈટ્સ ઓકે,' મેં કહ્યું. 'હું અલગ દેશમાંથી આવું છું, દૂર, બહુ દૂર છે મારો દેશ,' મેં આ નાનકડી છોકરીને સમજાવ્યું.

'તમારી નાનકડી છોકરી ક્યાં છે?' તેણે પૂછ્યું.

'એમા!'

હું હસ્યો. હું આ જુસ્સાદાર પ્રાણી સાથે ખૂબ આનંદ માણી રહ્યો હતો. 'હજુ મારી પાસે કોઈ નાનકડી છોકરી નથી. હું ઈચ્છું છું કે તે જ્યારે પણ હોય તો તારા જેવી જ હોય!'

તેણે પોતાના પિતાનો હાથ ખેંચવાનું શરૂ કર્યું. 'મને લાગે છે કે અમે તળાવ તરફ જઈ રહ્યા છીએ,' મૅક્સે દિલગીર થઇને જણાવ્યું. 'તમે અમારી સાથે આવી શકો છો. આજે બહુ ગરમી છે, હું પણ મારા પગ ઝબકોળવા જઇ રહ્યો છું!'

હું ઉમળકાભેર સંમત થયો. લાંબા સમય માટે એકલા મુસાફરી કર્યા પછી, નાનકડો સંગાથ સારો લાગતો હતો.

એમાએ મારા હાથમાં હાથ નાખ્યો, થોડું કૂદી અને થોડું દોડી અને અમે તળાવ સુધી પહોંચી ગયા. તે ખરેખર મધ્યમાં એક નાનકડા ફૂવારાવાળો અને માત્ર થોડા ઇંચ પાણી ધરાવતો, મોટા પથ્થરથી ઘેરાયેલો વિસ્તાર હતો. બાળકો ફૂવારા હેઠળ દોડી રહ્યા હતા અને છાંટા ઉડાડી રહ્યા હતા. તળાવની બાજુ પર, એમાએ જમીન પર બેસીને તેના બૂટ કાઢી નાખ્યા અને એક મોટા ધુબાકા સાથે પાણીમાં કૂદકો માર્યો.

મૅક્સ અને મેં તેનું અનુસરણ કર્યું. બે અજાણી વ્યક્તિઓ સામે મારાં જૂતાં અને મોજાં ઉતારવાનું મને વિચિત્ર લાગતું હતું, પરંતુ જયારે મૅક્સે પોતાના બુટ ઉતાર્યા ત્યારે તેને જરા ય સંકોચ થતો હોય એવું લાગતું નહોતું.

અમે તળાવની ધાર પર બેઠા અને અમારા પગ અંદર બોળ્યા અને એમા પાણીમાં ફૂગ્ગાના કૂતરા સાથે રમી રહી હતી.

'તમ અહા રહા છા ક મુલાકાત પર આવ્યા છા?' મક્સ પૂછ્યું.

'હું માત્ર મુલાકાત પર આવ્યો છું,' મેં જવાબ આપ્યો. 'હું થોડું વિશ્વ જોવું હતું, તેથી ભારતમાં મેં મારી નોકરી છોડી દીધી અને આ પ્રવાસે નીકળી પડ્યો.'

'વાહ,' તેમણે જવાબ આપ્યો. 'કેટલો સમય તમે મુસાફરી કરવાના છો?'

'મને ખબર નથી,' મેં કહ્યું. 'હું ક્યારેય ઘરે પરત જવા માગતો નથી, પરંતુ આખરે જવું જ પડશે. જો પ્રવાસ મફતમાં થતો હોત તો તેઓ મને ફરી ક્યારેય જોઈ શક્યા નહોત.'

'તેઓ?' મૅક્સે પૂછ્યું.

'મારા મિત્રો ભારતમાં છે,' મેં કહ્યું.

'તો, તમે પરણિત નથી,' તેણે જવાબ આપ્યો.

'ના,' મેં કહ્યું. 'તમે?'

'ના. એમાના જન્મ પછી તરત જ હું અને તેની માતા જુદા પડી ગયા. અમને સમજાયું કે અમે પતિ-પત્ની કરતાં સારા મિત્રો બની શકશું.'

'આય એમ સોરી,' મારાથી આપોઆપ બોલાઈ ગયું.

'ના, ના. તે અમારા માટે બરાબર છે. અલબત્ત, હું એમાને ઈચ્છું એટલું મળી શકતો નથી, પરંતુ જ્યારે અમે સાથે હોઈએ ત્યારે તે સમય અમારા માટે કીમતી હોય છે. તેની સાથે ગાળેલી દરેક ક્ષણને હું હૃદયમાં સાચવી રાખું છું. તો, ત્યાં કોઇ એવું નથી જેને તમે પાછળ છોડી આવ્યા છો?'

મને મીરાનો વિચાર આવ્યો. 'હા, કોઈ છે,' મારા પગ બહાર ખેંચી અને ઠંડા પાણીમાં ગોળ-ગોળ ફેરવતા મેં કહ્યું. 'જો કે, તે મિત્ર જેવી વધુ છે.'

'પણ...' તેમણે ભાર મુક્યો.

મેં ખભા ઉલાળ્યા. 'પણ તેમાં કંઈક વધુ હોઈ શકે છે,' મેં સ્વીકાર્યું. તેઓ સાવ અજાણી વ્યક્તિ હતા, તેમ છતાં આખરે કોઈકની સામે તે સ્વીકારવુ મને સારૂં લાગ્યું.

'તમને લાગે છે કે તમે પાછા જશો ત્યારે તે ત્યાં જ હશે?'

મ તના ાવશ ાવચાર કરતા ાનસાસા નાખ્યા. 'હુ અવા આશા રાખું છું.'

તેમણે મારી પાસે આવી અને મારો ખભો થપથપાવ્યો. 'તો પછી, મારા મિત્ર, તમે પાછા જવામાં બહુ વધુ સમય લગાવવા માગતા હશો નહીં.'

* * *

16

જાણીતા અજાણ્યા

છેલ્લે, હું કડક બ્રેડ અને કેન્ટાલ ચીઝ ખાઈ, એક સાંજે પિકનિક કરતો, પૅરિસમાં પ્રોમેનેડ પ્લાન્ટિયા પાર્કમાં બેસીને, મેં મારો પ્રવાસ શરુ કર્યો ત્યારથી અત્યાર સુધીનો, સૌથી સુંદર સૂર્યાસ્ત જોઈ રહ્યો હતો. એવું લાગી રહ્યું હતું કે, સૂર્ય જાણે આગના રંગોમાં છલકાઈ રહ્યો હોય અને પછી ગુલાબી, વાદળી અને જાંબુડિયા રંગોમાં વિલીન થઇ રહ્યો હોય.

મારી બાજુનું યુગલ સારો સમય ગાળી રહ્યા હોય તેમ લાગતું હતું કારણ કે તેઓ પોતાની બૅન્ચ પર એકમેકની હૂંફ મેળવતા ચોંટીને બેઠા હતા. મેં એ યુગલમાંના પુરૂષને પોતાના ઘૂંટણ પર નીચે બેસતા જોયો.

'એલિઝાબેથ, હું એક મૂર્ખ છું. હું તને પાછળ છોડીને બિઝનેસ ટ્રીપ્સ પર જતો રહ્યો અને વિશ્વનો પ્રવાસ કર્યો. મને એ હકીકત સમજાઈ ગઈ છે કે કોઈ એવું સ્થળ નથી જ્યાં હું તારા વગર રહી શકું. તું જે પણ છે અથવા મારા માટે જેનું પણ પ્રતિનિધિત્વ કરે છે, તેની નજીક પણ આવી શકે તેવી કોઈ અન્ય સ્ત્રી નથી. તું મારા માટે સર્વસ્વ છે અને હંમેશા રહીશ. તારા વિના મારા જીવનનો, શ્વાસનો કે આગળ વધવાનો કોઈ જ હેતુ નથી. હું તને પ્રેમ કરું છુ. તું મારી સાથે લગ્ન કરીશ?'

એલિઝાબેથ, તેની બાજુમાં બેઠેલી સ્ત્રી, તે એક ચોક્કસ શબ્દ કહેવા માટે ખૂબ જ આતુર હતી.

પ્રેમ એક વિશિષ્ટ બાબત છે, તેમને આલિંગનમાં જોઈ હું ચકિત થઇ ગયો. તમે પ્રેમ કરો, ત્યારે તમારી પાસે આભાર માનવા માટે અને જીવવા માટે ઘણું હોય છે, પણ જ્યારે તમે તેને ગુમાવો છો, તમે દરેક દિવસ એવી રીતે પસાર કરો છો જાણે કે તમે માત્ર એક કોટલું છો. પૃથ્વી પર વ્યક્તિનું હોવું એ પાછળ એક માત્ર કારણ છે, અસ્તિત્વ. તેને એ હકીકત સાથે કોઈ સંબંધ નથી કે પ્રેમ જેટલી શક્તિશાળી અનુભૂતિ બીજી કોઈ નથી.

'આહ, સ્ટાવ! હુ પણ તન પ્રમ કરૂ છુ.' મ તના લાગણાથા હર્ષભર્યા શબ્દો સાંભળ્યા.

* * *

'આજનો દિવસ કેટલો સુંદર છે. તમે અહીં શું કરી રહ્યા છો? શું તમે પણ બિઝનેસ માટે મુસાફરી પર છો?' બિઝનેસ સૂટમાં સજ્જ એક વૃદ્ધ માણસે બેન્ચ પર, મારી બાજુમાં બેસતાં મને પૂછ્યું. એ ખુશનુમા સવારે હું ચોકલેટ ક્રૉસન્ટ ખાઈ રહ્યો હતો, પણ મેં તેમને મારી સાથે જોડાવા માટે કહ્યું નહોતું, છતાંય તેમની આ ઘૂસણખોરીનો મને જરાય વાંધો નહોતો. મારા હૃદયમાં દર્દની એક ટીસ સાથે મને અનુભવાયું, કે હું એકલો હતો.

મેં મારું માથું ધુણાવ્યું અને તેમને આમંત્રણ આપતા મેં તેમની તરફ પૅસ્ટ્રીઝની બૅગ ધરી. તેઓ હસ્યાં અને હાથ લંબાવીને પેઈન ઓ ચોકોલાતે લીધી. તેમણે ઉજવણીના મૌન હાવભાવ સાથે પૅસ્ટ્રીને ઊંચી કરી અને એક મોટું બટકું ભર્યું. 'હમમમ,' તેમના ખોળામાં નાના ટુકડા વેરાયા અને તેઓ બોલ્યા. 'મિત્ર, તમારો આભાર. આ મિજબાની માટે હવે મારા પર તમારી કૉફીની ઉધારી ચડી ગઈ. પણ પ્લીઝ, મને એ કહો કે તમે આ રમણિય પૅરિસમાં શા માટે આવ્યા છો?'

'મેં પ્રવાસ કરવા માટે મારી નોકરી છોડી દીધી છે,' મારૂં ક્રૉસન્ટ મેં મારા ખોળામાં મુકતા સમજાવ્યું. 'મેં ઘણા અદભુત સ્થળો જોયાં છે, અને મારી આંખોથી મેં જોયેલા શહેરોમાંથી પૅરિસ સૌથી આકર્ષક શહેરોમાંનું એક છે. એવી કોઈ બાબત નથી જે આ દિવસ અને તેની સુંદરતાને બગાડી શકે,' મેં કહ્યું.

તે માણસ હસી પડ્યો. 'તમે દેખીતી રીતે ક્યારેય પ્રેમમાં પડ્યા નથી. દર વખતે, જયારે હું મારી યુવાન પત્નીથી દૂર જતો, ત્યારે એ બાબત મને લગભગ મારા મૃત્યુ જેવી લાગતી. મારી અંદર કંઈક એવું હતું કે જે બદલાઈ શકતું નહોતું. જાણે કે હું તેના વગર જીવી જ શકતો નહીં.'

'એ જ મુશ્કેલી છે. મેં પ્રેમ કર્યો છે, અને એટલે જ હું મુસાફરી કરી રહ્યો છું. હું ભાગવાનો પ્રયાસ કરી રહ્યો છું,' મેં શાંતિથી સ્વીકાર્યું.

વૃદ્ધ માણસે ધીમેથી માથું ધુણાવ્યું. 'સ્ત્રીઓ વિશે તમારા વિચારો ભલે ગેમે તે હોય, પણ મને કહેવા દો કે તેમના વિશે હું

શુ શાખ્યા છુ. મન ઘણા અનુભવ છે કારણ ક મારા વાળ સફદ થઇ રહ્યા છે,' તેમણે રમૂજ કરી.

'પ્લીઝ કહો,' મેં તેમને આમંત્રિત કર્યા. 'મને તમારા વિચારોમાં રસ છે.'

તેમણે બોલતા પહેલા પેસ્ટ્રીનું વધુ એક મોટું બટકું ભર્યું. 'મારી નેન્સી ઘણી ખરી તમારા જેવી જ હતી. એક માણસ જેનું સ્વપ્ન સેવતો હોય, એ બધું જ તેનામાં હતું. મને જ્યારે સમજાયું કે હું તેને કેટલી ચાહું છું ત્યારે હું લગભગ લાગણીશીલ થઇ ગયો હતો. હું પણ મૂર્ખ હતો, શરૂઆતમાં તેને ન કહી શક્યો કે મને તેની કેટલી પરવા હતી. અને આખરે જ્યારે મેં તેને જણાવ્યું, ત્યારે તેનો ભૂતકાળ તેના જીવન પર સવાર થઇ ગયો અને તેણે તેને અમારી વચ્ચે એ બાબતને આવવા દીધી. તે કોઈ વ્યકિતને પ્રેમ કરતી હતી, જેણે તેના જીવનને એવા કોલાહલ વચ્ચે છોડી દીધું કે તેના સુંદર હૃદયમાં જખમો થઈ ગયા હતા.'

હું નિશા વિશે વિચારી, અચકાયો. મને વિચાર આવ્યો કે તે અને કબીર કેમ હશે. તેઓ પરણી ગયાં હશે કે કેમ?

તેમણે ચાલુ રાખ્યું. 'મેં તેને ગમે એટલું કહ્યું હોય પણ છતાં, તેના જખમ એટલા ઊંડા હતા, કે તેને તેનું હૃદયને ખોલતા ઘણો સમય લાગ્યો હતો. ત્યાં સુધીમાં અમારા બંનેની કારકિર્દી શરૂ થઇ ગઈ હતી, અને અમે લગ્ન કરી લીધા. હવે, સમય પસાર થઈ ગયો છે, ત્યારે માત્ર તેને પાછી મેળવવા માટે હું ગમે તે કરવા તૈયાર છું.'

'શું થયું?' મેં પૂછ્યું.

'તેણે મને છૂટાછેડા આપી દીધા,' વૃદ્ધ માણસે નિસાસો નાખ્યો. 'તેના જીવનમાં આવેલા એ માણસને તે ક્યારેય ભૂલી શકી નહીં, જેણે તેનું દિલ તોડ્યું હતું, અને તેણે મારા પ્રેમને તેની દવા બનવા ન દીધી.'

મેં મારા પગ હેઠળના તાજા કપાયેલા ઘાસ પર જોયું. હું કશુંક કહું તે પહેલા, વૃદ્ધ માણસે ચાલુ રાખ્યું.

'યાદ રાખજે, મારા મિત્ર. પ્રેમ સૌથી વિચિત્ર વસ્તુ છે. જયારે તમારી પાસે પ્રેમ હોય, ત્યારે તમે ચંદ્રથી પણ ઉપર પર રહો છો અને તમને લાગે છે કે તમને કશું જ રોકી શકે એમ નહીં. પ્રેમ એવી વસ્તુ છે કે જે જૂના સ્થળોએ પણ, કંઈક નવું શોધવા માટે

તમારી આંખો ખોલે છે. જે વ્યક્તિ પોતાના હૃદયમાં તમારું હૃદય ધરાવે છે, તેની સાથે તમને દુનિયાની અજયબીઓ નવેસરથી શોધવાનું મન થશે. તમે જ્યારે તેને ગુમાવો છો, ત્યારે તમને અચાનક જ એવું લાગે છે કે એકવારમાં જ તમારી આસપાસનું વિશ્વ ચકનાચૂર થઇ જશે. 'જ્યારે તમે કોઈને પ્રેમ કરો છો, ત્યારે સમય કોઈ પદાર્થ નથી હોતો, પરંતુ એ યાદો હંમેશ માટે તમારા હૃદયમાં છાપ છોડી જાય છે. મને લાગે છે કે એ તમારી મૂર્ખતા છે કે તમે આટલા યુવાન હોવા છતાં પ્રેમ તમને શું આપવા માગે છે તે જાણ્યા પહેલા જ તેનાથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યા છો. મેં જે ભૂલો મારા ભૂતકાળમાં કરી તે તમે ન કરતા! ત્યાં જાઓ અને પ્રેમને જીવો. અંતે, આપણે હંમેશા જે પસંદગીઓ નહીં કરી હોય, જે પ્રેમને સ્વીકાર્યો નહીં હોય અને જે સપનાં માટે સંઘર્ષો કર્યા નહીં હોય, તેના માટે ખેદ કરીએ છીએ.

'લાગણીઓ શુદ્ધ હોય અને હૃદય સાચું હોય, ત્યારે ઈશ્વરને પણ નિયતિમાં ફેરફાર કરવાની ફરજ પડે છે,' તેઓ હસ્યા.

મારી જિજ્ઞાસા ચોક્કસપણે વધી ગઈ. 'પરંતુ હું આ બધું છોડી શકું?' મેં અમારી સામેના દ્રશ્ય તરફ ઈશારો કરતાં પૂછ્યું. 'મેં હંમેશા ફરવાની જ ઈચ્છા રાખી છે. શું આ બધું મારે એક સ્ત્રી માટે છોડી દેવું? અને જો તે સ્ત્રી મારા માટે લાયક ન નીકળી તો?'

'દીકરા,' તેમણે મારા ઘૂંટણ પાર ટપલી મારતા કહ્યું, 'કેટલીક સ્ત્રીઓ તેમની સુંદરતા દ્વારા તમારૂં હૃદય ચોરી શકે છે, કેટલીક તેમની બુદ્ધિ દ્વારા તમારૂં મન ચોરી કરી શકે છે અને અન્ય તેમની હાજરી દ્વારા તમારા આત્માને ચોરી શકે છે. પરંતુ જો તમે કોઈ એવીને મળો કે જે કંઇ કર્યા વિના તમારા બધું ચોરી શકે, તો સમજી લેજો કે તે એ જ છે જે તમારી માટે બની છે.'

તેમણે ઊભા થઈને પોતાના કપડાં પરથી ટુકડા ખંખેર્યા. 'શા માટે એકલા તમારા સપનાનો પીછો કરવો જયારે તમારી આત્માનો સાથી તમારી સાથે હોઈ શકે છે?' તેમણે હાથ લંબાવ્યો અને મેં તેમની સાથે હાથ મિલાવ્યો.

'તમે કેટલાક ખૂબ સારા મુદ્દા કહ્યા,' હું સંમત થયો. 'આભાર.'

તેઓ હસ્યા. 'કદાચ તમે દિવસો, અઠવાડિયા, મહિના, વર્ષ અથવા તો દાયકાઓ સુધી રાહ જોઈ શકશો. તમે માત્ર કૅલેન્ડર જોઈને ઘણો સમય બગાડી શકો છો અને તમામ નાનકડી કીમતી ક્ષણોને ગુમાવી શકો છો. પરંતુ આપણામાંથી કેટલાક માટે તો ફક્ત આ ઘડી અને આજ જ છે. અને સત્ય એ છે કે તમને ખરેખર ખબર નથી કે, તમે જેમને પ્રેમ કરો છો, તેમની ઈશ્વરને ક્યારે પાછી જરૂર પડી શકે છે. તેથી તમારા જીવનની દરેક ક્ષણ અને વ્યક્તિને સાચવી રાખો.'

વૃદ્ધ માણસ મને વિચારતા કરી ગયા. કદાચ તેઓ સાચા હતા.

જો કે, મેં હજુ સુધી મુસાફરી પૂર્ણ કરી નહોતી. હજુ ઘણા એવા સ્થળો હતાં જે શોધવા હું આતુર હતો. મારૂં વિમાન હૅલિફૅક્સ, નોવા સ્કૉટીયામાં ઉતર્યું અને મેં કાર ભાડે કરી. મેં સાંભળ્યું હતું લોકો કૅપ બ્રેટોન આઇલૅન્ડના ભાગોને વિશ્વની સીમા ગણે છે. હું ભારત પરત ફરૂં તે પહેલા મારે તે જોવા હતા. એ દિવસે પછી, હું કાંસો કૉઝવે પર ઝૂલતો પુલ ઓળંગી અને ટાપુ પર પહોંચ્યો, ધુમ્મસ દૂર થતા હસ્યો.

પછીના દિવસે, હું મીટ કૉવ ખાતે કેમ્પગ્રાઉન્ડના ભેખડની ધાર પર ઉભો રહ્યો, મારી નીચે રહેલા પથ્થરો પર મોજાં અથડાતાં જોઈ રહ્યો. સૂર્યપ્રકાશ મારી પીઠને આરામ આપી રહ્યો હતો, તેના કિરણો મારા ખભાને આવરી રહ્યા હતા.

મારી આસપાસની હવા માનવ અવાજો અને કોઈપણ યાંત્રિક અવાજો વગરની હતી. અહીં, કૅપ બ્રેટોન આઇલૅન્ડના ઉત્તર છેડે, મને ખરેખર લાગ્યું કે હું વિશ્વની ધાર પર હતો. મેં મારી ડાબી તરફ જોયું અને દૃષ્ટિ બહાર કોતરાયેલા એક સૌમ્ય ઢોળાવ પર ગયો. આ ભાગ સુરક્ષિત જણાતો હતો, પરંતુ મને ખબર હતી કે મારી ધારણા ખોટી હતી, અને જમીન અચાનક જ નીચેના ઠંડા પાણીમાં સરકી પડી. મારી જમણી બાજુ એક નાનકડો દરિયા કિનારો હતો, તેની ઉપર આવતા ભયંકર મોજા દ્વારા ઘડાયેલો હતો. જ્યારે એ નાનકડો વિસ્તાર શાંતિપૂર્ણ લાગતો હતો, ત્યારે રેતી ચીરતાં મોજાં સંકેત આપતાં હતાં કે તે કેટલો છેતરામણો વિસ્તાર હતો.

મેં મારૂં માથું એટલું પાછળ ઝુકાવ્યું કે જ્યાં સુધી મારી પાછળના સૂર્યએ મારો ઊંચો થયેલો ચહેરો તપાવી ન દીધો. હું કેટલા લાંબા સમયથી દોડી રહ્યો છું? છેલ્લે એકલતાની ચિનગારી કે જે સળગવા ધમકાવી રહી હતી તેને જીવન

આપતા,મ મારા જાતન પૂછ્યુ. મારૂ મન મારા સાથ વિતાવલા છેલ્લી ક્ષણો પર કેન્દ્રિત થયું. હું મારી આંખો બંધ કરું, તો હું તેના હોઠનો સ્પર્શ ધીમેધીમે મારા કાનની બૂટના પાછળ આવેલા મૃદુ ભાગ પર અનુભવી શકતો હતો. અજાણતા જ, મારો હાથ એ ભાગને સ્પર્શ કરવા ત્યાં સુધી પહોંચી ગયો, પરંતુ મારા સ્પર્શને કોઈ સંતોષ થયો નહીં. મારે તેની જરૂર હતી; મારે તે સુંદર, કથ્થઈ આંખો ધરાવતા પ્રાણીની જરૂર હતી જેને મેં દૂર ફેંકી દીધું હતું.

આ ક્ષણે, મને વિચાર આવ્યો કે મેં મીરાને છોડીને ભૂલ તો નથી કરી ને! મારી દાઢી હારનો સ્વીકાર કરી મારી છાતી પર ઢળી પડી. આ બધી મુસાફરી, મેં જોયેલા બધા શ્વાસ થંભાવનારા સ્થળો એકલા, વ્યર્થ જણાતા હતા. ‘વિશ્વને જોવું છે,’ હું ધીમેથી બોલ્યો, મારો અવાજ મારા કાન માટે અજાણ્યો હતો. ‘શા માટે! હું એક ડરપોક છું, શેના માટે... ભાગતો હતો? અને શેનાથી?’

અન્યમનસ્ક થઈ મેં મારી આંગળીઓ મારી બાજુના ઘાસ પર ફેરવી, એવી કલ્પના કરી કે તે તણખલાં જાણે મીરાની આંગળીઓ હતાં. હું કેટલો સ્વાર્થી રહ્યો છું. હું તેને ઈચ્છતો હતો, પરંતુ હું ક્યારેય ફરીથી તેના હસવાના મૃદુ અવાજને સાંભળી શકવાને લાયક નથી. તેના જીવનમાંથી આવજો પણ કહ્યા વગર ચાલ્યા જવાને કારણે, તેને છોડ્યા પછી પણ હું તેને લાયક નહોતો.

હવે મને મારી સામે સુંદરતા દેખાતી ન હતી. તેના બદલે, હું જાણે કે મારી પ્રિય મીરાની છબી તરફ ધારીને જોઈ રહ્યો હતો. તે પોતાના અંધારા ઓરડામાં બેઠી હતી, તેના ગાલ પર ઉષ્ણ આંસુ વહી રહ્યા હતા. તેના વાળ અસ્ત-વ્યસ્ત થઈ ગયા હતા અને તેના ગર્વશાળી ખભા દુ:ખના ભયંકર અપરાધ હેઠળ દબાઈ ગયા હતા. મેં જ તેની સાથે આ બધું કર્યું હતું.

* * *

મીરા

17

ક્યારેક

ચંદ્ર જેમ ધીમે ધીમે ઘટે છે, તેવી જ રીતે મારી પીડા ઘટી ગઈ. વિવાન અદ્રશ્ય થઇ ગયો ત્યારે તે જે અવકાશ છોડીને ગયો હતો એ હજુ પણ જેમનો તેમ હતો, આમ છતાં જેમ જમીનનો અવકાશ વરસાદના પાણીથી ભરાય છે તેમ આવા અવકાશ પણ હંમેશા ભરાઈ જ જતા હોય છે.

મારા હૃદયનો અવકાશ ક્યારેક અંધ કરી દેતા લાલ ગુસ્સાથી ભરાઈ જતો અને હું વિવાન પર તથા અચાનક તેના ચાલ્યા જવાથી ગુસ્સે થઈ જતી.

ક્યારેક આ અવકાશ મારા જીવનમાં આગળ વધવાના એક નિર્ણયથી ભરાઈ જતો, મેં મારી જાતને સમજાવી હતી કે હું ફરી ક્યારેય તેના નામનો ઉચ્ચાર પણ નહીં કરૂં, કબીર અને નિશા પાસે પણ નહીં, અને મારી અંગત ક્ષણોમાં પણ નહીં જ. આ સમય દરમિયાન, હું ઇરાદાપૂર્વક તેના અપૂર્ણ પુસ્તકને કચરામાં ફેંકી દેતી, મને ખાતરી હતી કે આ જ તેની જગ્યા છે. થોડી મિનિટ કે કલાક થઇ હશે કે મેં એ પુસ્તક પાછું લઇ લીધું.

ક્યારેક ઉદાસી છવાઈ જતી અને હું મારા ઘૂંટણ હું છાતી સરસા ચાંપીને ટૂંટિયું વળી ધીમેથી મારા પલંગ પર ઝૂલતી.

કેટલાક દિવસોએ, મને લાગતું. આખરે, પ્રેમ એક સમજણ છે અને તમારા પ્રેમને તેના સપનાનો પીછો કરવા મુક્ત કરી દો.

ક્યારેક, હું પરવા જ કરતી નહીં. તેના વિશે, મારા મિત્રો, કે મારા કામ વિશે પણ. હું કોઈ પણ ફાલતુ બહાનું કરી ઑફિસમાં કૉલ કરી દેતી અને પુણેની બહાર કોઈ દૂરના સ્થળે રખડતી. જો વિવાનને છટકવામાં એટલો જ રસ હતો, તો હું પણ છટકી શકું છું.

મેં મૂર્ખામીભરી કેટલીક બાબતો કરવાનું શરૂ કર્યું, જેમ કે રાત્રે રસ્તા પર એકલા ચાલવા જવું. મને હંમેશા રાત્રે એકલા ન જવા માટે ચેતવણી આપવામાં આવતી હતી, પરંતુ હું હવે મને કોઈ દરકાર ન હતી.

ક્યારેક, હુ બાજુના રસ્તા પર કાઇંન આવતા જાતા, તા પડછાયાઓમાં સંતાઈ જતી, પરંતુ હું એકલી હોઉં ત્યારે હું એકાંત, શાંતિ અને અંધારાની મજા માણતી.

હું કલાકો સુધી ચાલીને જ્યારે મારા એપાર્ટમેન્ટમાં પાછી ફરતી, ત્યારે હું રાત્રે એકલા બહાર જઈને આવું જોખમ લેવા માટે મારી જાતને દોષ પણ આપતી. સમાચાર ભયાનક કથાઓથી ભરપૂર રહેતા; સ્ત્રીઓ લૂંટાઈ, સ્ત્રીઓ પર હુમલો... અથવા વધુ ખરાબ. હું નસીબદાર છું કે મારી સાથે આવું કશું જ નથી થયું, હું મારી જાતને કહેતી. ફરી ક્યારેય નહી!

અને પછી આગામી રાત્રે, હું જ્યાં સુધી મારી રાતના સમયની સહેલની લાલચ સામે હારી ન જતી ત્યાં સુધી પથારીમાં પડખા ફેર્યા કરતી. હવે મને કશી જ પરવા રહી નહોતી.

* * *

વિવાન

18

ખોવાયો છે

મેં સિટીબૅન્કની મારી નોકરી છોડી દીધી હતી અને હું ફક્ત મુસાફરી કરવા ઈચ્છતો હતો. અને છતાં હું દોષિત મહેસુસ કરી રહ્યો હતો, અને મારી જાતને હું એવું કશું જ સમજાવી નહોતો શકતો જેનાથી મને અનુભવાતી દિલગીરીનો ન્યાય કરી શકું કે, મેં આવજો પણ ન કહ્યું.

રોજેરોજ સુખ શોધવા હું આ પૃથ્વી પર ભટકતો. મારી આત્માને શાંતિ આપે તેવું સુખ કે બીજું કંઈ પણ શોધી શક્યો નહીં. મને અદભુત સ્થળો જોવાં મળ્યાં.

આ એ તક હતી જેના માટે મેં કંઈ પણ કર્યું હોત. મને ભાગવા મળ્યું, પરંતુ હું અહીં હતો, અજાણી જગ્યાએ કોઈ અજાણી વ્યક્તિ. હું માત્ર એક લક્ષ્યવિહીન વ્યક્તિ હતો જે ક્યાંય લાંબા સમય માટે ટકતો નહીં, અને કોઈ પણ મારી વાર્તા જાણવા એટલું આતુર ન હતું જેટલી મીરા હતી.

મને યાદ છે કે મેં એક વાર તેને તેના લેખન વિશે પૂછ્યું હતું.

‘મને થોડી ઇર્ષ્યા થવા લાગી છે,’ મેં સ્વીકાર્યું. ‘હું નંબરો અને આંકડાઓમાં નિષ્ણાંત છું, પરંતુ મને નથી લાગતું કે હું શબ્દો ભેગા કરાવમાં જરા પણ સારો છું. તું લખી શકે છે અને તારૂં હ્રદય કાગળ પર ગાવા માંડે છે.’

‘હું મારા લખાણ દ્વારા લોકોને પ્રેરિત કરવા માગું છું. હું તેમની આત્માને સ્પર્શવા માગું છું,’ તેણે કહ્યું હતું. ‘હું તેમને કહેતા સાંભળવા માગું છું કે તે મને મહેસૂસ કરી શકે છે, તે અમને લાગણીશીલ બનાવી શકે છે.’

હું તેનો અવાજ સાંભળી શકતો હતો, પરંતુ મેં જ્યારે તેના સ્મિતની કલ્પના કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે હું મારા મનમાં તેને યાદ કરવામાં સંઘર્ષ કરવા લાગ્યો. કાશ, મારી પાસે તેનો એકાદ ફોટો હોત, પરંતુ જયારે તે મારી તરફ જોતી ત્યારે તેની આંખોમાં આવતી એ ચમક અને હ્રદયની એ લાગણીઓ, કોઈ પણ કેમેરો ક્યારેય કંડારી શકશે નહીં.

હા, મ આખર સ્વાકારવાનુ શરૂ કયુ ક મારા જીવનમા માર મીરાની જરૂર છે.

મારા પર શું સવાર થયું હતું? મેં મારી જાતને ક્યારેય પ્રેમમાં ન પડવાનું વચન આપ્યું હતું! પરંતુ મેં મીરાની આંખોમાં ઊંડાણથી જોયું ત્યારે મારૂ વચન તોડી નાખ્યું. તે બ્રહ્માંડ હતું કે જેમાં હું મારી જાતને પ્રથમ વખત શોધી રહ્યો હતો. તે દેવદૂતનો ચહેરો ધરાવતી, સૌથી આકર્ષક સ્ત્રી હતી. પોતાની આજુબાજુના વિશ્વ વિશે તેની જિજ્ઞાસા, હંમેશથી જ મુખ્ય વિષયો હતા જે મને કલાકો સુધી જકડી રાખતા.

મને યાદ છે કે કેવી રીતે તેના વિચારો મારી મુસાફરી દરમિયાન મારા મનમાં આવી રહ્યા હતા. અલાસ્કાની ધ્રુજારી, ઉત્તરી લાઈટ્સ મને તેના ગળાના લીલા નીલમના હારની યાદ અપાવતી હતી જે તેને પહેરવો ખૂબ જ ગમતો.

કૅપ બ્રેટોન આઇલૅન્ડ પર, હું એક ભેખડની ધાર પર બેઠો હતો, ઘાસમાં મારી આંગળીઓ પરોવતો હતો, અને યાદ જ્યારે અમે હાથ પકડીને, સાથે ચાલીને બાગમાં ગયા હતા તેને યાદ કરતો હતો. તે દિવસે તેણે તેના સેન્ડલ ઉતારી નાખ્યા હતા અને ઉઘાડા પગે ચાલી હતી. તે દિવસે મેં તેને ચુંબન કર્યું હતું. મેં મારી આંખો બંધ કરી. હું તેના હોઠની મૃદુતા મારા હોઠ પર અનુભવી શકતો હતો.

મને બૉસ્ટનમાં મળેલી નાની છોકરીનો વિચાર આવ્યો અને મીરાને તેની સાથે તળાવમાં લીલા ફુગ્ગાના કૂતરા સાથે રમવાની કેટલી મજા આવી હોત. તેની પાસે જીવનમાં મહત્વપૂર્ણ વસ્તુઓ પકડવાનો અનોખો માર્ગ હતો અને અન્ય લોકો શું વિચારશે તે બાબતની ચિંતા તે કરતી નહીં.

મારા પ્રવાસના દરેક પડાવ પર, મીરા મારી સાથે હતી. હું જ્યારે આવજો કહ્યા વિના ભારત છોડીને બધાથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો પરંતુ અચાનક, મીરા બધે મને અનુસરી રહી હતી.

મીરા. તે હંમેશા ખુશમિજાજ વ્યક્તિત્વ સાથે કૅફેમાં આવતી. એવું કશું જ નહોતું જે તેને રોકી શકતું કે રોકી શકશે. એવું કંઈ કે જે તેને ઉદાસ કરી શકે. તેના ચહેરા પર હંમેશા સ્મિત રહેતું; તે તમને એવો અનુભવ કરાવતું કે જીવન હંમેશા જીવવા માટે એક અદભુત સ્થળ છે.

અચાનક, મને ભાન થયું કે હવે મને મુસાફરીની કોઈ પરવા નહોતી. હું તેને યાદ કરી રહ્યો હતો અને ભારતમાં મારા જીવનને યાદ કરી રહ્યો હતો. હકીકત એ હતી કે એટલા લાંબા સમયથી મેં માત્ર મુસાફરી વિશે જ દરકાર કરી હતી, મને ખ્યાલ નહોતો કે ચર્ચા કરવા માટે અને એકબીજાને કહેવા માટે બીજું ઘણું બધું હતું.

હું ખરેખર ક્યારેય કૅફે છોડીને ગયો નહોતો, પણ દૂરથી નિહાળતો કે તે મને શોધી રહી છે. હું જ્યારે તેને પૂછતો કે તેનો દિવસ કેવો રહ્યો, તો તે હંમેશા જવાબ આપતી, ‘મારો દિવસ હવે સારો થયો જયારે તું અહીં છે.’

* * *

વિશ્વના વિવિધ સ્થળો પરથી જોયેલો દરેક સૂર્યાસ્ત, મને માત્ર મીરા સાથે વિતાવેલા સમયની યાદ અપાવતો. અમે બંને, દુનિયાના અલગ-અલગ છેડે, એકબીજાથી દૂર, અલગ શહેરોમાં હતા, અને તમે તેને મૂર્ખતા પણ કહી શકો, પરંતુ હજુ પણ એવું અનુભવાતું હતું કે અમે દરેક સૂર્યોદય અને દરેક સૂર્યાસ્ત દ્વારા એકમેક સાથે જોડાયેલા હતા.

હું કોઈપણ નિશાની છોડ્યા વગર, કોઈ પણ આવજો વગર અને કોઈને કશું જ કહ્યા વગર ચાલી નીકળ્યો હતો. પરંતુ મારી પાસે મારાં કારણો હતા. કાશ, હું મીરાને તેમના વિશે કહી શકયો હોત. પૅરિસના બગીચામાં મળેલા વૃદ્ધ માણસે મને જે કહ્યું હતું, તેના વિશે હું વિચારી રહ્યો હતો: ‘અંતે, આપણે હંમેશા ન કરેલી પસંદગીઓ, ન સ્વીકારેલા પ્રેમ અને સપનાં કે જેનાં માટે આપણે નથી લડ્યા, આ બધા માટે પસ્તાઈએ છીએ.’

મારે મારા મિત્રો પાસે પાછા જવાની જરૂર હતી. તે બધા પાસે: કબીર, નિશા અને મીરા. મને આશા હતી કે મારા એકાએક પ્રસ્થાને અમારી મિત્રતાને નુકસાન નહી પહોચાડ્યું હોય. અને જો પહોંચાડ્યું હોય, તો મારે માફી માગવા શક્ય તેટલું જલદી પાછા જવું જરૂરી હતું.

* * *

મીરા

19

રૂઝ

એક સવારે મારી છાતીમાં દુખાવો થતાં હું ઉઠી ગઈ, પણ એ દુખાવો આગલા દિવસ જેટલો તીવ્ર નહોતો. આળસ મરડીતા જ મને સમજાયું કે છેવટે કોઈપણ જાતના વિક્ષેપ વિના હું આખી રાત ઊંઘી શકી હતી. પડખા ફેરવ્યા વિના અને રડ્યા વગર.

હું પથારીમાંથી નીકળી અને કપડાં પહેર્યાં, ખરેખર તો મારી સામે આવનારા દિવસ પર ધ્યાન કેન્દ્રિત કરવા.

મને વિશ્વાસ બેસતો નહોતો, મેં વિચાર્યું. હું વિવાનને પાછળ છોડી રહી છું? તે પાછો આવવાનો નથી એ સ્વીકારવાનું શું મેં શરૂ કરી દીધું છે?

ઘણા વખત પછી, પહેલી વાર ખરેખર મેં મારી જાતને અરીસામાં જોઈ, ફટાફટ સ્નાન કર્યું. મારા વાળ મારી પસંદગી કરતાં વધુ લાંબા થઇ ગયા હતા અને મારે ખરેખર સારા ફૅશિયલની જરૂર હતી.

મેં અરીસામાં મારી જાત સામે નાક મચકોડ્યું. ‘તારી જાતને સાફ કરવાનો સમય ખરેખર આવી ગયો છે,’ મેં કહ્યું. બસ, હવે બહુ થયું, મેં નક્કી કર્યું. મેં ઈન્ટરનેટ પર ઝડપથી શોધ કરી અને અને કૉલ કરવા માટે ફોન હાથમાં લીધો.

એક કલાક પછી, હું પુણેના એક સ્પામાં જઈ રહી હતી. રિસૅપ્શન એરિયાના સોનેરી અને કથ્થઈ રંગોથી મને તરત જ શાંતિનો અનુભવ થયો. એક મૃદુ-ભાષી મહિલાએ મારૂં સ્વાગત કર્યું, અને પછી તેના કૉમ્પ્યુટર પર મારી મુલાકાતના સમયની ખાતરી કરી.

મને એક રૂમમાં લઈ જવામાં આવી અને વિવિધ સ્પા પૅકેજીસ વિશે લંબાણપૂર્વક સમજાવવામાં આવ્યું, મને એક નરમ, સફેદ ઝભ્ભો આપવામાં આવ્યો. મેં એક રિલૅક્સિંગ એરોમાથેરેપી મસાજની પસંદગી કરી અને મને લાગ્યું કે મારા પર ધીરે-ધીરે જમા થયેલી તાણ, મારા સ્નાયુઓમાંથી ઘસીને બહાર કઢાઈ રહ્યો હતો.

હું હળવા સંગીત અને પાણીના અવાજમાં ડૂબી ગઈ.

એ બપોરે, હું મારા પ્રિય સલૂનમાં ફેશિયલ, મેનિક્યોર અને વાળ કાપવવા માટે ડ્રાઈવ કરીને ગઈ અને મારી જાતને લાડ લડાવવાના એ દિવસને આગળ ધપાવ્યો.

મારા દિવસનો અંત મેં શૉપિંગ યાત્રાથી કર્યો, જ્યાં મને સુંદર ટીલ સનડ્રેસ મળ્યો.

તે સાંજે, હું કૅફે કબીરમાં મારા સફળ દિવસનો દેખાડો કરવા ગઈ. કબીરે મને આવતી જોઈ અને એક લાંબી સીટી મારી, મને હસવું આવ્યું. તેની આંખો કઈ દિશામાં જોઈ રહી હતી તે જોતા પૂર્વે જ મેં નિશાને તેની સામે પોતાનાં ભવાં ચડાવતાં જોઈ.

‘મીરા’ તે ટહુકી. ‘તું સુંદર લાગે છે!’

હું મારી જાતને રોકી ન શકી. હું એમ ગોળ ફરી જાણે એક મેગેઝિનના પાનામાંથી બહાર આવી રહી હોઉં.

નિશા ધસમસતી આવી મને ભેટી પડી. ‘શું થયુ તને? કયા બાત હૈ! કંઈક થયું છે?’

મારા હાથમાં પોતાનો હાથ પરોવી, ખુશીથી બોલતી-બોલતી તે મને કાઉન્ટર પર લઇ ગઈ. કબીર હસતો રહ્યો અને હળવા આલિંગન માટે કાઉન્ટર પરથી ઝૂક્યો.

‘મીરા બહુ જ સુંદર લાગી રહી છે ને?’ નિશાએ કહ્યું.

કબીરે માથું ધુણાવ્યું. ‘તું સુંદર લાગી રહી છે મીરા. હું તારામાં આ ફેરફાર જોઈને બહુ જ ખુશ છું. કંઈક થયું છે શું?’ તેણે જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું.

‘જો તારો અર્થ એમ હોય કે, કોઈ ખાસ પાસેથી સંદેશો મળ્યો છે કે નહિ, તો જવાબ છે ના,’ મેં સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું. ‘હું આજે ઉઠી અને મને લાગ્યું કે હવે સમય આવી ગયો છે કે હું આમતેમ ભટકવાનું બંધ કરૂં. મને સમજાયું કે હું ખૂબ વિચિત્ર લાગી રહી છું તેથી મારા વાળ સરખા કરાવવા માટે ગઈ હતી.’

‘ફક્ત તારા વાળ જ નહીં,’ નિશાએ ટિપ્પણી કરી.

‘ના,’ મેં સ્વીકાર્યું. ‘મેં મસાજ અને ફેશિયલ કરાવ્યા... અને પછી હું શૉપિંગ કરવા ગઈ.’ હું હસી.

‘મને લાગ્યું કે આ નવો ડ્રેસ છે,’ કબીર કહ્યું.

નિશાએ હા પાડી, તેને સમર્થન આપ્યું ‘પુરુષો ક્યારથી આવી બાબતોની નોંધ લેતા થઈ ગયા?’ તેણે ગમ્મતભેર પૂછ્યું.

‘જ્યારથા હુ તન મળ્યા ત્યારથા,’ આમ કહા તણ ।નશા તરફ ચુંબન ફેંક્યું.

હું ખુશીની આભામાં ઝકડાઈ ગઈ હતી; હું હસવાનું રોકી ન શકી, અને પછી એ અવાજના નિર્ભેળ આનંદ માટે વધુ હસતી રહી.

‘હું હજુ પણ આશ્ચર્યમાં છું,’ નિશાએ જણાવ્યું. ‘તું ખૂબ જ બદલાઈ ગઈ છે. અને મારો અર્થ ફક્ત બહારથી જ નથી. તું અંદરથી પણ બદલાઈ ગઈ છે. તું ખરેખર ઝળહળી રહી છે.’

‘મને ખબર નથી,’ મેં કહ્યું. ‘હું માત્ર ઉઠી અને પહેલાની મીરા જેવું અનુભવવા લાગી. મેં મારી જાત સાથે લાંબી ચર્ચા કરી અને કહ્યું કે, “તારે તારી જાત સાથે વાસ્તવિક અને સાચા બનવાની જરૂર છે. તારી જાત, તારાં સપનાં કે જેને લાયક તું છે તે જીવનથી દૂર ભાગ નહીં.. હા, અત્યાર સુધી કર્યું છે તેના કરતાં પણ વધુ શીખી શકે છે, વધુ જીવી શકે છે અને વધુ પ્રેમ કરી શકે છે. તારી પાસે ગુમાવવા માટે કશું જ નથી અને મેળવવા માટે બધું જ છે. ઉઠ અને તું જેને લાયક છે તે સુંદર જીવન માટે દોડ.’

‘વાહ,’ નિશા ગણગણી. ‘તું અદભુત છે.’

‘મને લાગે છે કે આપણે ઉજવણી કરવાની જરૂર છે,’ કબીરે નક્કી કર્યું અને નિશાએ તાળી પાડી. ‘અત્યારે અહીં ઘણી શાંતિ છે... આપણા કર્મચારીઓ થોડા કલાક માટે અહીં સાંભળી લેશે. ચાલો જઈએ, અને ડિનર કરીએ.’

નિશાએ મારો હાથ દબાવ્યો. ‘હું તમારા માટે ખુશ છું મીરા.’

‘હું પણ ખુશ છું,’ કબીરે પણ કહ્યું. ‘અમેં મિજબાની આપીશું. ચાલો જઈને જમીએ!’

અમે સરસ ભોજન લીધું અને ખૂબ હસ્યા. ફરીથી મજાક-મસ્તી કરીને બહુ સારૂં લાગ્યું. અમે પરૂં કર્યું, ત્યારે મેં સુંદર ડિનર માટે મારા મિત્રોનો આભાર માન્યો.

‘કૅફેમાં પાછી આવ,’ નિશાએ આમંત્રણ આપ્યું. ‘હું તને એક કેપેચીનો અપાવીશ. હું માલિકને ઓળખું છું, ‘તેણે આંખ મીચકારતાં મજાકના લહેજામાં કહ્યું.

‘થેન્ક્સ, પણ મને લાગે છે કે હું મારા એપાર્ટમેન્ટ પર પાછી ફરીશ. મેં મારા લેખનની વસ્તુઓ ત્યાં છોડી છે અને મને લાગે છે કે હવે હું પાછી ફરીને લખવા માગું છું.’

તઆ બન મન ભટા પડ્યા. 'ખૂબ જ સરસ સાજ રહા,' કબાર કહ્યું.

હું ઘરે જવા નીકળી, હું વિચારતી હતી કે વિવાન શું કરતો હશે. મને ભાન થયું કે જેના માટે હું મહિનાઓ સુધી રડતી રહી તેવા ઊંડા, તીક્ષ્ણ જખમ વગર હું તેના વિશે વિચારી શકતી હતી.

* * *

વિવાન

20

પ્રકાશક

અંતે જ્યારે વિમાન ભારતની ધરતી પર ઉતર્યું, કે મેં સીધી જ કૅફે કબીર માટે ટેક્સી કરી.

કૅફેમાં કશું જ બદલાયું નહોતું. તે સંપૂર્ણપણે ભરાયેલું રહેતું એવું જ જીવંત સ્થળ હતું. કૉફીની ખુશ્બૂ લલચાવનારી હતી. મારે મારી પ્રિય બ્લૅક કૉફી જોઈતી હતી, પણ એથી વધુ કંઈક હતું જે મારે જોઈતું હતું.

'કેમ છે નિશા, મીરા અહીં છે?' મેં પૂછ્યું, નિશાએ મારી સામે જોયું જાણે તેણે કોઈ ભૂત જોઈ લીધું હોય. ખૂબ આઘાત પામી ત્યાં જ ઉભી રહી. હું તેને ભેટી પડ્યો અને ફરીથી પૂછયું, 'તે અહીં છે?'

'ના, તું તેને ચૂકી ગયો. તે કબીર સાથે પ્રકાશક પાસે ગઈ છે. અમે બધા આશા રાખી રહ્યા છીએ કે તેમને આ પુસ્તક ગમે. 'તેના અવાજે ગુસ્સાનો સ્વર પકડ્યો. 'તને આના વિશે ખબર હોત, જો તે અદ્રશ્ય થવાને બદલે તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હોત.'

મેં નિસાસો નાખતા કહ્યું. હું જાણતો હતો કે તે લાયક હતી, પરંતુ મેં જે કર્યું તેનો નિર્દેશ કરવો જરૂરી હતો?

'તું તેને છોડી ગયો પછી તે દરરોજ રડી છે, વિવાન. તે તેને અનેક નાના ટુકડાઓમાં વિભાજીત કરી નાખી છે. વિવાન... ખરેખર... તું તેની સાથે આવું કેવી રીતે કરી શક્યો? અમારી સાથે?'

નિશાએ મને બ્લૅક કૉફીનો એક કપ અંબાવ્યો. મેં તેમાંથી સાભાર ઘૂંટડો ભર્યો, જો કે, મારા મગજમાં એ વિચાર આવી ગયો કે તે કદાચ એમાં થૂંકી હશે. 'મને પ્રામાણિકપણે લાગે છે કે તે પોતાને થોડી વધુ સારી રીતે સંભાળી શકી હોત જો તેને આવજો કહેવા તું રોકાયો હોત. તું જતો રહ્યો છે, એ વાસ્તવિક્તાએ તેના પર શું વિતાડ્યું છે તે તું જાણે છે? તું જઈ રહ્યો છે, એ તે કોઈને પણ નહોતું જણાવ્યું. વિવાન, મીરા અને

કબીર તને મળવા ન આવ્યા ત્યાં સુધી અમને કોઈને ય ખબર નહોતી કે તે સિટીબેન્કની નોકરી છોડી દીધી છે.’

‘તેઓ મને મળવા ગયેલા?’ મેં ગૂંચવણ સાથે પૂછ્યું.

‘હા, અલબત્ત તેઓ તને મળવા ગયેલા અને એટલે જ તેમને જાણ થઇ. મીરાને તારી દરકાર હતી. અમને બધાને તારી દરકાર હતી, વિવાન. તે અમને એ પણ ન જણાવ્યું કે તું તારા બધા ઈમેઇલ્સ બંધ કરી રહ્યો હતો, અને તે તારો ફોન પણ બંધ કરી દીધો. તે દરરોજ તારા મેસેજની રાહ જોતી. રોજેરોજ. પણ તેને એક પણ મેસેજ મળ્યો નહિ. તેને આમતેમ ફેરવી નાખતા તૂટેલા એ સપનાના સહારે તે જીવી રહી હતી.’

‘હું સમજ્યો નહીં. મને લાગ્યું કે, હું અને મીરા માત્ર મિત્રો હતા,’ હું ધીમેથી બોલ્યો.

‘મિત્રો એકબીજાને આવજો કહે છે. મિત્રો વાત કરે છે. મિત્રો પરિસ્થિતિ સમજાવે છે. જો મિત્રતા વિશે તારો વિચાર માત્ર એક દિવસ ચાલ્યા જવાનો હોય, તો તારે પાછા શાળામાં જઈને શીખવાની જરૂર છે છે કે ખરેખર મિત્રો હોવાનો શો અર્થ છે.

‘વિવાન, તું એક પણ શબ્દ કહ્યા વગર છોડી ગયો. જે તે કર્યું તે છટકવું હતું કારણ કે તું કોઈ બાબતની સંભાળ લેવા માગતો નહોતો. એવું કરવામાં જ તારી હોશિયારી છે, તે શરૂઆતમાં આમ જ કહ્યું હતું ને? તે મને કે કબીરને પણ આવજો ન કહ્યું. મને લાગતું હતું કે તમારા બંને વચ્ચે કશુંક ખાસ હતું. તારા મને કદાચ એ માત્ર આર્થિક મદદ હશે, પણ કબીર માટે, તો તમે સાચા ભાગીદારો હતા. મને લાગે છે કે તે તારા રહસ્યમય વ્યકિતત્વ સાથે સાબિત કરી દીધુ છે કે લોકો તને જે માનતા હતા તેના કરતાં તારામાં કંઈક વધારે છે.’

મેં મારૂં માથું સ્થિર કર્યું. હું જાણતો હતો કે મેં જે ઈજાઓ પહોંચાડી છે તે બધાની ભરપાઈ કરવા માટે મારે ઘણું કરવાનું હતું, પરંતુ નિશાએ મારા મોઢે જ મને એવું સંભળાવ્યું, તેથી મને ખૂબ શરમ આવી.

તે કાઉન્ટર પરથી ફરીને આવી અને પોતાના હાથ મારી આસપાસ વીંટાળ્યા. એક ક્ષણ માટે, હું થીજી ગયો. આ એ જ સ્ત્રી હતી, જે થોડીવાર પહેલા મારા વર્તન માટે મને વઢી રહી હતી. અને હવે તે મને ભેટી રહી હતી?

‘મોટા ભાગે, વિવાન,’ તેણે ચાલુ રાખ્યું. ‘મિત્રો માફ કરી દે છે.’

અમ થાડા ક્ષણા માટ ભટા રહ્યા અન મ તના ગુસ્સાન ઓગળતો અનુભવ્યો. મને નિશાની દરકાર હતી, તેથી તેની માફી મને તે આપી શકે એવી મારા માટે સૌથી સુંદર ભેટ હતી.

અચાનક, મને સમજાયું કે નિશા કોનો ઉલ્લેખ કરી રહી હતી. હું જાણતો હતો કે તે પ્રકાશક કોણ હતો. 'નિશા,' મેં ઉતાવળે કહ્યું, 'તું સાચી છે. મેં બહુ મોટી ભૂલ કરી, અને હું તેને સુધારવા માગું છું. ફરીથી ભાગી જવા માટે હું દિલગીર છું, પરંતુ મારે કબીર અને મીરાને શોધવાં જરૂરી છે.'

'ગુડ લક,' તેનો અવાજ પાછળ મને સંભળાયો.

આ પ્રકાશક કબીરનો એક મિત્ર કે જેના વખાણ તેણે મીરા પાસે વારંવાર કરેલા. તેણે વચન આપ્યું હતું કે તે એક દિવસ તેમની વચ્ચે મુલાકાત ગોઠવશે.

હું રિસેપ્શનિસ્ટની નાની ઑફિસમાં ગયો. એ ડૅસ્ક પર કોઈ નહોતું, તેથી હું એ ઑફિસ તરફ ગયો, જ્યાં પ્રકાશક અને સંપાદક બેસતા હતા. તેમણે પુસ્તક પ્રકાશિત કરવું કે નહિ તેનો નિર્ણય કરી લીધો હતો. હું અધખૂલ્લા બારણમાંથી આવતા અવાજો સાંભળી શકતો હતો.

'મારે કબૂલ કરવું પડે, મીરા, આ આપનું પ્રથમ પુસ્તક હોવા છતાં, મને બહુ ગમ્યું છે. તે રસપ્રદ છે અને સારૂં લખાયું છે. તમને આ ક્ષેત્રમાં કોઈ અનુભવ નથી, છતાં લાગે છે કે તમને કોઈક ખાસ બાબતમાંથી પ્રેરણા મળી છે, અને આ લખાણે ઊંડાણપૂર્વક તમારા હૃદયને સ્પર્શ કર્યો છે. તમે વાચકોને પાના પરના શબ્દો દ્વારા અનુભૂતિ કરાવી શકો છો. બે મુખ્ય પાત્રો, વિવાન અને મીરા વચ્ચે ખીલતા પ્રેમને તમે મહેસુસ કરી શકો છો. તમે અમને બતાવ્યું છે કે જીવનમાં નાના ફેરફારોથી જ મોટામાં મોટી અસરો ઉત્પન્ન થાય છે. તમે એક રહસ્યમય માણસની રચના કરી છે, જે એક છોકરીના પ્રેમમાં પડે છે, જેને લખવાનો શોખ છે. હું આ પ્લૉટ લાઈનથી સ્તબ્ધ થઈ ગયો છું અને મને આ પુસ્તક એટલું પસંદ આવ્યું છે કે તેનું વર્ણન કરવા મારા પાસે શબ્દો નથી.' બારણાની બીજી બાજુએથી પ્રકાશકે જણાવ્યું.

આ સાંભળતા મને પરસાળમાં ગર્વ થયો.

'એક સમસ્યા છે,' પ્રકાશકે છેલ્લે એક લાંબા વિરામ બાદ જણાવ્યું.

'એ શું છે?' મીરાએ પૂછ્યું.

‘પુસ્તક પૂર્ણ નથી. વિવાન ચાલ્યા ગયા છે, ત્યાં તમે તેનો અંત આણ્યો છે તમે એ દેખાડ્યું નથી કે વિવાનનું શું થયું. તમે જે કંઈ દેખાડ્યું છે તેમાં એક હકીકત છે કે તેઓ પ્રેમમાં પડે છે, અને એક દિવસ તે ઉઠે છે અને તેણીને ક્યારેય સંપર્ક કરતો નથી. આ જ પુસ્તકનો અંત હતો. વિવાનનું શું થાય છે? શું તે વિશ્વ પ્રવાસ પર ઉપડી જાય છે? તે ક્યારેય પાછો ફરે છે? જો તે પાછો ન ફરે તો, મીરા કોઈ બીજાના પ્રેમમાં પડે છે?’

‘મને... મને ખબર નથી વિવાનનું શું થયું,’ મીરાએ ધીમેથી કહ્યું.

‘તમે જો આ વાર્તાને પૂરી નહીં કરો તો આ માત્ર સમયના બગાડથી વિશેષ કશું જ નથી. અપૂર્ણ હોય એવું પુસ્તક અમે પ્રકાશિત કરી શકીએ નહીં. હું સમજી શકું છે કે ક્યારેક, જીવનમાં, નાનામાં નાની વસ્તુઓ મોટામાં મોટી અસર કરે છે, પરંતુ જો તમે ઇચ્છતા હો કે હું આ પુસ્તક પ્રકાશિત કરૂં તો તમારે તેનો અંત યોગ્ય રીતે લાવવો પડશે.’

હું તરત અંદર ગયો. ‘વિવાન અહીં છે. પાછળ ફરો અને મારી સામે જુઓ. હું પાછો આવી ગયો છું, અને હવે હું ઈચ્છું છું કે તે આ પુસ્તક પૂરૂ કર.’

મીરા મારી સામે જોઈ રહી, તેના સુંદર કાળા વાળ આઘાતથી નિસ્તેજ થયેલા તેના ચહેરા પર છવાઈ રહ્યા હતા. હું તેને તાકી રહ્યો, તે કંઈ હિલચાલ કરે તેની રાહ જોઈ રહ્યો હતો. આખરે, તે ખુરશીમાંથી ઊભી થઇ. ‘વિવાન!’ મીરાએ રાડ પડી.

‘મીરા, હું પાછો આવી ગયો છું,’ મેં સ્મિત સાથે કહ્યું.

મીરા રડી પડી અને જવા લાગી. તે બારણાંમાંથી બહાર જાય તે પહેલા જ હું તેના સુધી પહોંચ્યો અને તેને મારા તરફ ખેંચી લીધી. હું તેને અગાઉની જેમ જવા દેવા નહોતો માગતો.

મેં તેના હાથ પકડયા અને કહ્યું. ‘કદાચ આપણે કૅફે કબીર પર જવું જોઈએ અને એક કપ કૉફી પીવી જોઈએ જેથી આપણે બધા મારી શોધ વિશે જાણી શકીએ.’

કબીર કશું જ ન બોલ્યો, તે માત્ર મને ભેટી પડ્યો, અને પછી અમે બધા કૅફે કબીર પહોંચ્યા.

* * *

'હુ તમન કહવા માગુ છુ ક આમ અચાનક અદ્રશ્ય થઇ જવા માટે હું અત્યંત દિલગીર છું,' મેં મારા પ્રિય મિત્રો સાથે એક ટેબલ પર બેસતા જ બોલવાનું શરૂ કર્યું. 'મેં એ વાસ્તવિક્તા વિશે વિચાર્યું જ નહોતું કે તમને બધાને ખરાબ લાગશે; મારો ઈરાદો એવું કરવાનો હતો જ નહીં. છોડીને જતી વખતે મેં જે પસંદગી કરી તે તદ્દન ખોટી હતી. મેં ક્યારેય પણ તને, કબીર અને નિશાને આવજો કહ્યું નહોતું.' મેં દરેકના નામ લેતા તેમની સામે માથું હલાવ્યું.

'હું ચાલ્યો ગયો ત્યાર પછી હું મારી પસંદગીને લઈને રોજ જ પસ્તાયો છું. મારે તમને કહેવું જોઈતું હતું કે મારો પ્રવાસ મને બોલાવે છે, મને ઉત્સુક કરે છે... અને મારા સપના માટે મારે વાહને ચડવાનો સમય આવી ગયો હતો.' મીરાની સુંદર, લાંબી આંગળીઓ પર મારો અંગૂઠો ફેરવતા, મેં નિસાસો નાખ્યો. 'તે બહુ મોટું સાહસ હતું. મેં પૅરિસમાં સુંદર સૂર્યાસ્ત જોયો અને તને ખુબ જ યાદ કરી. તેને તારી સાથે વહેંચવા માટે, મને તારી ત્યાં જરૂર હતી.'

તે શું અનુભવી રહી છે તેનો અંદેશો મેળવવા મેં તેના ચહેરા, અને તેની આંખો તરફ જોયું.

તે હજુ પણ શાંત હતી.

'કાલે હું તને મળવા માગું છું. મારે તને કશુંક અગત્યનું કહેવું છે,' મેં મારૂં માથું નીચે નમાવીને તેના કાનમાં ધીમેથી કહ્યું. પછી, મોટેથી, હું એક સ્મિત સાથે બોલ્યો, 'પરંતુ આજની રાત, તું મારા તમામ સાહસો વિશે જાણવા મારૂં મગજ ખાઈ શકે છે,' અને હું મારા પ્રવાસની યાદોનું વર્ણન કરવા લાગ્યો.

વધુ એક દિવસ અને મીરા સત્ય જાણી જશે. તે એવું કંઈક હતું જે મારા મન પર બોજ બની રહ્યું હતું, અને હું તેના વિશે નર્વસ હતો. પરંતુ, પૅરિસમાં એ વૃદ્ધ સજ્જન સાથેની મુલાકાત પછી, હું જાણતો હતો કે મારા અને મારી લાગણીઓ વિશે મીરાને બધું કહી દેવાનો એ યોગ્ય સમય હતો.

* * *

21

લગ્ન

હું બીજા દિવસે, કૅફેના ખૂણાના એ ટેબલ પર પહોંચ્યો, ત્યારે મને ભાન થયું કે મીરા મને જોઈને ખુશ નહોતી. તે નારાજ અને ગુસ્સે હતી, પણ તે તેના વિશે બોલી નહીં.

'તારે મને કંઈક કહેવું છે?' તેણે પૂછ્યું.

'હા,' મેં ગભરાઈને શરૂ કર્યું. 'મને લાગે છે કે મારે તને કહેવું સમજાવવું જોઈએ કે હું શા માટે તને કંઈપણ કહ્યા વિના ચાલ્યો ગયો હતો.' હું સમજી ગયો કે તેણે કંઈક બીજી જ બાબતની અપેક્ષા રાખી હતી અને મેં એક નિસાસો નાખ્યો અને તેનો હાથ પકડી લીધો.

તેના બીજા હાથમાં, ત્રણ વર્ષ પહેલાં, 2012ની તારીખ ધરાવતી લગ્નની કંકોતરી પકડાવી દીધી.

તેની આંખો પહેલા મૂંઝવણ સાથે અને પછી તેણે મોટેથી નામ વાંચ્યા ત્યારે ગુસ્સાથી ભરાઈ ગઈ.

'વિવાનના લગ્ન રાધા સાથે? તું પરણેલો હતો?' તેણે તેના અવાજમાં ખૂબ ગુસ્સા સાથે પૂછ્યું.

'મીરા,' મેં આજીજી કરી, 'તું પ્રતિક્રિયા આપે તે પહેલા મહેરબાની કરીને મને આખી વાત કહેવા દઈશ? તું વિચારે છે તેવું નથી.'

'હું શું વિચારું છું?' તેનો અવાજ આઠમા આસમાને પહોંચી ગયો. 'તારે જાણવું પણ નથી કે હું શું વિચારું છું!'

મેં મારી વાત આગળ વધારતા, તેના ગુસ્સાને રોક્યો. 'હું પહેલાં પ્રેમમાં પડી ચૂક્યો છું, અને તારે મારી વાર્તા જાણવી હતી ત્યારે તેના વિશે વાત કરવી ખૂબ પીડાદાયક હતી. તેથી મેં તને કબીરની નજરમાં, તેની પ્રેમ કથા બતાવી. મને ખોટો સમજીશ નહીં, પ્રેમ એક અદભુત બાબત છે! તે એક જ ગીત ગાતા, બે હૃદયોની ધડકન છે. હું રાધા સાથે કોલેજમાં હતો. બધું જ બરાબર ચાલી રહ્યું હતું. અમે એકબીજાને અમારા નંબરો આપ્યા અને અમારો સંબંધ કંઈક વધારે ખીલવા લાગ્યો. અમે

અકબીજાના પ્રેમમાં આળઘાળ થઇ ગયા; તે એવા પ્રકારનો પ્રેમ હતો જે તમને બેભાન બનાવી દે છે.' મેં એક ઊંડો શ્વાસ લીધો. 'અમે લગ્ન કરવાનું નક્કી કર્યું.'

હું મીરાને તૂટતી જોઈ શકતો હતો, પરંતુ મારે કહેવું જ હતું.

'તે મારી સાથે લગ્ન માટે સંમત થઈ ત્યારે હું ખૂબ જ ઉત્સાહિત હતો. તે સુંદર, રમૂજી અને ખૂબ જ બુદ્ધિશાળી હતી. તે હંમેશા બધા લોકોને પોતાનાથી બનતી મદદ કરવાનો પ્રયાસ કરતી.'

'વિવાન,' મીરાએ થીજી જતા કહ્યું. 'મારે ખરેખર નથી સાંભળવું કે તું કેવા પ્રેમમાં હતો!'

'મહેરબાની કરીને, ફક્ત મને સાંભળી લે,' તેને ઉભી થતી રોકવા માટે તેનો હાથ પકડીને મેં કહ્યું.

તેણે તેનો હાથ મારાથી દૂર ખેંચી લીધો, પરંતુ માથું હલાવ્યું. 'સારૂં. હું સાંભળીશ,' તે બોલી.

'આભાર' મેં જવાબ આપ્યો. 'લગ્નની યોજનાઓ આગળ ચાલી. બધું જ બહુ સારી રીતે ગોઠવાઈ રહ્યું હતું.'

મીરાએ નિસાસો નાખ્યો. શું તેણે તેની આંખો ગોળ ફેરવી હતી? મને ખાતરી નહોતી. હું જાણતો હતો કે હું તેને નારાજ કરી રહ્યો છું, પરંતુ મારે ખરેખર તેને ભારપૂર્વક આખી વાત કહેવી જરૂરી હતી. તે સાંભળવી જ રહી..

હું હચમચી ઉઠ્યો, મારી બાકીની વાર્તા તેને કહેવા માટે મેં મારી જાતને તૈયાર કરી. મેં પાણીનો એક મોટો ઘૂંટડો ભર્યો અને આગળ વધ્યો.

' લગ્નનો દિવસ આવી ગયો . હું પિંગલે બાગમાં ગયો જ્યાં અમારા લગ્ન થવાના હતા . હું બહુ ઉત્સાહિત હતો ; હું મારી દુલ્હનને જોવા ઉત્સુક હતો .' મેં એક ઊંડો શ્વાસ લીધો . ' પરંતુ તે ક્યારેય આવી જ નહીં .'

મીરાએ આશ્ચર્યથી નિસાસો નાખ્યો .

' મેં તેને ફોન કરવા પ્રયત્ન કર્યો , પરંતુ તેણે ફોન ઉપાડ્યો જ નહીં . અમે અડધો કલાક , અને પછી એક કલાક તેની રાહ જોઈ. હું

બેબાકળો બની ગયો. રાધા હંમેશા સમયસર આવતી અને આ તો તેના લગ્નનો દિવસ હતો.'

'શું થયું?' મીરાએ શાંતિથી પૂછ્યું.

'તે ત્રણ દિવસ માટે ગુમ થઈ ગઈ હતી. હું ખાઈ નહોતો શકતો, હું ઊંઘી નહોતો શકતો. કંઈ જ નહોતો કરી શકતો. પોલીસ આવી અને થોડી ભયાનક ક્ષણો માટે, હું તેના ગુમ થવા માટે શંકાસ્પદ હતો. તું કલ્પના પણ કરી શકે છે? જે સ્ત્રી સાથે મારા લગ્ન થવાના હતા તે ગાયબ થઇ ગઈ હતી, અને આ ઓછું હોય તેમ, મારા પર કોઈ ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હતો!'

મીરાએ હિંસકપણે પોતાનું માથું ધુણાવ્યું . ' હું કલ્પના પણ નથી કરી શકતી ,' તેણે કહ્યું . ' તારા માટે આ બધું સહન કરવું બહુ ભયાવહ રહ્યું હશે .'

મેં ધ્રૂજીને નિસાસો નાખ્યો . ' તેમને આખરે તેની બૉડી મળી ...'

'તેની બૉડી? વિવાન, અરે ના.'

મેં માથું હલાવ્યું. 'તે લગ્નમાં આવવા માટે રસ્તા પર હતી અને તેને પોતાની જાત સાથે થોડી ક્ષણો વીતાવવા માગતી હતી. તે પહેલેથી જ, તેના લગ્નના પોશાકમાં, હીરાના સુંદર હાર અને એરિંગ્સમાં સજ્જ હતી.'

મારો અવાજ પણ મારા કાન માટે પણ સપાટ થઇ ગયો. 'તેના પર બળાત્કાર કરાયા બાદ તેની હત્યા કરવામાં આવી હતી.'

'ના!' મીરાએ ચીસ પાડી.

'હા,' મેં મારી આંખોમાં આંસુ સાથે કહ્યું. 'તેનું શરીર એ બાગમાંથી અર્ધનગ્ન હાલતમાં મળ્યું. તેનાં ઘરેણાં લઇ લેવામાં આવ્યાં હતાં; તેના ઈયરિંગ્સ પણ તેના કાનમાંથી ખેંચી કાઢવામાં આવ્યા હતા!' મેં ગુસ્સાથી કહ્યું.

'પ્લીઝ, પ્લીઝ... મને કહે કે એ અંગે ક્યારેય તારા પર આરોપ કરાયો નહોતો.'

'ના, હું લગ્નસ્થળે હતો જયારે તેની... હત્યા થઇ.'

'આ કૃત્ય કરનારને તેઓ શોધી શક્યા?'

'આખરે, તેઓ શોધી શક્યા.'

મીરા એક પણ શબ્દ ન બોલી. તેણે મને કહ્યું નહીં કે હું જે પરિસ્થિતિમાંથી પસાર થયો તેના માટે તે દિલગીર છે, જેમ તેણે નિશાના ગર્ભપાત કે કબીરની વાર્તા વિશે કહ્યું હતું. તે માત્ર ત્યાં બેઠી રહી.

'તો બસ, આ જ છે,' મેં કહ્યું અને ફરી નિસાસો નાખ્યો. 'હવે તને ખબર પડી કે શા માટે હું તારા પ્રેમનો જવાબ આપી શકતો નહોતો, મીરા. આઈ એમ સોરી.'

'આર યુ ઓકે?' મીરાએ મૃદુતાથી પૂછ્યું.

'હા એક દિવસ હું બરાબર થઈ જઈશ,' મેં જવાબ આપ્યો. 'હવે હું એ યાદોને માત્ર મારા હૃદયમાં છૂપાવી રાખું છું. હું રાધા અને મારા પ્રેમને ક્યારેય ભૂલવા નથી માગતો.'

એ ક્ષણે મને ભાન થયું કે મારા હાથ ધ્રૂજી રહ્યા હતા, અને હું પરસેવાથી રેબઝેબ થઇ ગયો હતો.

'તે ભયાનક દિવસ હજુ પણ મારો પીછો કરે છે. કાશ, તું તેને મળી શકી હોત,' મેં કહ્યું. 'મને ખબર છે કે આ વિચિત્ર લાગે એવું છે, પણ તે ઘણા લોકોના જીવનને સ્પર્શી હતી.'

મીરાએ મારો હાથ દબાવ્યો, આ જ એક બાબત હતી જે તેની આંખોમાં આંસુ સાથે તેણે કરી. તેણે પોતાની જાતને રડતી અટકાવવા માટે જાણે કે જોરથી ઘૂંટડો ભર્યો.

'હું તેના વગર ખોવાઈ ગયો હતો, મીરા,' મેં કહ્યું. 'અને હું હજુ પણ ખોવાયેલો જ છું.'

મીરા હવે મારી જેમ જ ખૂબ રડી રહી હતી. અમે બંને જાણે પ્રેમની પીડા અનુભવી રહ્યા હતા. હું તેને ફરીથી રડાવવા માગતો નહોતો; હું ખરેખર એવું ઈચ્છતો નહોતો. પણ મારી વાર્તા જાણવાનો અને મારૂં દિલ કોની પાસે હતું અને કોની પાસે રહેશે એ જાણવું તેની માટે જરૂરી હતું.

'હું સમજું છું કે તું રાધાને પ્રેમ કરતો હતો અને હંમેશા તારા હૃદયમાં તેના માટે એક ખાસ સ્થાન રહેશે,' મીરાએ આખરે કહ્યું.

‘મેં તને કહ્યું હતું, તું જેવું વિચારે છે તેવું નથી. મેં તારી સાથેના સમયમાં ક્યારેય રાધાને દગો નથી આપ્યો. મારા માટે આ પૃથ્વી પર કોઈ પણ ગર્લફ્રેન્ડ કે એવી સ્ત્રી નથી જે તેનું સ્થાન લઇ શકે. એટલા માટે જ મેં પ્રવાસ કરવાનું નક્કી કર્યું. હું એ તમામ યાદોને અને સ્વપ્નોને સંભાળી નહોતો શકતો, જે મને રાધાના જવા પછીથી ઘેરી વળ્યા હતા. તે મને પુણે અને ભારતના દરેક શ્વાસમાં ઘેરી લે છે. તેણે જ આ સ્થાન મારા માટે જીવંત રાખ્યું છે. તેના પછી કાંઈ એવું નથી કે જેણે મને અહીં જકડી રાખ્યો હોય. હું તેને ગુમાવવાની પીડામાંથી મારી જાતને મુક્ત કરવાના પ્રયાસ માટે મુસાફરીએ નીકળ્યો હતો.’

મીરાએ ધીરેથી માથું હલાવ્યું, જાણે કે તે સમજી ગઈ હોય. મને ખાતરી નહોતી કે તે સંમત થઇ ગઈ હતી કે થઇ રહી હતી.

તેણે તેના નાના હાથ મારા હાથની આસપાસ વીંટાળી દીધા. ‘હું કેટલી દિલગીર છું એ હું શબ્દોમાં વર્ણવી શકતી નથી, તારી ભાવિ પત્નીને લગ્નના દિવસે જ તે ગુમાવી. લાગે છે કે રાધા ખરેખર એક અદભુત સ્ત્રી હતી. તમે સાથે હતા ત્યારે તને પોતાના વાગ્દત્ત તરીકે પામવા બદ્દલ તે બહુ જ નસીબદાર હતી. મને ખબર છે કે હવે તને કોઈ પણ મળશે તો તે ચોક્કસ ખુશ થશે.’

‘હું તને એ જ સમજાવવા માગું છું, હું તને એ સમજાવવા માગું છું કે હું બીજા કોઇને પ્રેમ કરી શકતો નથી. મારુ દિલ સંપૂર્ણપણે તૂટી ગયું છે અને હું હજુ પણ રાધાના પ્રેમમાં છું. તને જાણ હોવી જોઈએ કે શા માટે હું તને કોઈ વચન આપી શકતો નથી. હું તને એ પ્રેમ નહીં આપી શકું જેને તું લાયક છે. હું પહેલેથી જ રાધા પ્રત્યે વચનબદ્ધ છું, અને તું પણ કોઈ એવી વ્યક્તિ મેળવવાને પાત્ર છે, છે જે તારા પ્રત્યે સંપૂર્ણપણે વચનબદ્ધ હોય. મેં તારો સંગાથ અને સમય આપણે સાથે વિતાવેલા સમયને ખૂબ માણ્યો છે; તેથી ક્યારેય મારા વિશે ગેરસમજ ન રાખતી. હું જે રીતે રાધાને પ્રેમ કરું છું, એ રીતે તને કયારેય નહીં કરી શકું.’

પછી મીરા પાછી ઊભી થઇ ગઈ, અને પૂછ્યું, ‘તો શા માટે તે મને એ બધી ભેટ આપી હતી? શા માટે મારી દરકાર લીધી

હતા? શા માટે મને ચુંબન કર્યું હતું? શું તે મને ક્યારેય પ્રેમ કર્યો નથી? એક ક્ષણ માટે પણ નહિ?'

હું જવાબ આપી શકું, તે પહેલા તે જતી રહી.

* * *

મીરા

22

ચઢાણ

તેણે કરેલા સ્પષ્ટીકરણ સહેવા મારા માટે અત્યંત મુશ્કેલ હતા. હા, હું વિવાનનો પ્રેમ સમજી શકતી હતી, અને તેણે મને સમજાવ્યું હતું કે રાધા સાથે શું થયું હતું, તેનું ભાગી જવું પણ અર્થપૂર્ણ હતું.

હું તેને પ્રેમ કરતી હતી તેથી, હું તેની પાસે રહી તેને સાંત્વન આપવા માગતી હતી, પરંતુ હું તેને પ્રેમ કરતી હતી, તો પણ હું મારી જાતથી અળગી થઈ તેણે કહેલી વાર્તા પર વિચાર કરવા માંગતી હતી.

મારા ચહેરા પર આસુંઓની ધાર વહી રહી હતી, હું મારી કાર તરફ દોડી ગઈ અને કાર ચલાવવા માંડી. હું ક્યાં જઈ રહી હતી, એની મને ખબર નહોતી, પરંતુ જ્યાં સુધી મારી સામે રસ્તો હતો ત્યાં સુધી, હું આગળ વધતી રહેવાની હતી.

ક્યારેક હું જમણી બાજુનો રસ્તો લેતી, તો ક્યારેક ડાબી બાજુનો. મોટા ભાગના સમયે, હું માત્ર એક સીધા માર્ગ પર ડ્રાઇવિંગ કરી રહી હતી.

અચાનક, મને ભાન થયું કે હું ગુંજાવનેમાં હતી. ઉપર ક્યાંક એક પ્રાચીન કિલ્લો, રાજગઢ હતો. હું ત્યાં ઘણા વર્ષોથી ગઈ નહોતી, પરંતુ જૂના પથ્થરના રસ્તા જાણે કે મને બોલાવી રહ્યા હતા.

હું મારી કારમાંથી બહાર નીકળું તે પહેલા, મેં નિશા ને એક સંદેશ લખ્યો. 'હું ઠીક છું,' મેં લખ્યું. 'રાજગઢ ચઢવા જઈ રહી છું. નીચે ઉતરીને તને જાણ કરીશ. ચિંતા કરતા નહીં.'

ચઢાણ બહુ મુશ્કેલ નહોતું, પણ હું ખુશ હતી કે મેં ચઢાણ માટે યોગ્ય જૂતા પહેર્યા હતા. હું ઝડપથી રસ્તા પર ચડી ગઈ, અને જેમ-જેમ ચડતી હતી તેમ-તેમ મને મારા પગ બળવાનો આનંદ થતો હતો. મારે એ પીડા અનુભવવી જરૂરી હતી. મારે જીવંત મહેસુસ કરવું જરૂરી હતું.

જવા હુ ાકલ્લા પર પહાચા ક મારા ફફસા સળગતા હતા, અને હું ધીમી પડી કારણ કે હું ઘાસના એક અવાવરૂં મેદાનમાંથી પસાર થઈ રહી હતી.

રાજગઢ સુધી પહોંચતાં જ, ધીમો વરસાદ પાડવાનું શરૂ થયું, મારૂ વધુ પડતું ગરમ થયેલું શરીર ઠંડુ પડ્યું. હું પાણીની એક ટાંકી પાસે ઉભી રહી અને આગળ ચાલવાનું શરૂ કરૂં તે પહેલા ઘણું પાણી પી લીધું.

વિરામ લેતી વખતે, હું વિવાન અને રાધા વિશે વિચારતી હતી. હું તેને પ્રેમ કરૂં છું, પણ હું માત્ર તેની મિત્ર બનીને રહી શકીશ? શું મેં તેને મારી લાગણીઓની ઊંડાઈ દેખાડવાની હિંમત કરી હતી? અને જો તેણે મારા પ્રેમનો કોઈ પ્રત્યુત્તર આપ્યો હતો, તો શું એ તમામ સમયે તે રાધાના ભૂતનો પીછો કરી રહ્યો હતો?

વરસાદનું જોર વધતાં, મારા આંસુ ફરી વહેવા લાગ્યા. હું ફરીથી વિવાન સાથે વાત કરવા માગતી હતી અને રસ્તા પરથી દોડી જઈ નીચે ઉતરવાનું વિચારી રહી હતી. હું આટલા દૂર સુધી આવી ગઈ હતી અને ચોર દરવાજાનો રસ્તો બંધ હતો. મેં પહેલાં કયારેય આ રસ્તો લીધો નહોતો કારણ કે તે અત્યંત સીધું ચઢાણ હતું. પરંતુ ‘છુપા દરવાજા’ ને જોવાનો વિચાર મને લલચાવી રહ્યો હતો. કદાચ, જો હું તે દરવાજા સુધી પહોંચી જાઉં, તો કદાચ વિવાનના હૃદયનો છુપો દરવાજો પણ શોધી શકીશ? તે મૂર્ખતા હતી, પણ એ સમયે હું કોઈપણ તર્કથી પર હતી.

ધાતુની જાળીને સખત રીતે પકડીને મેં સીધા, ખડકાળ માર્ગ પાર ચડવાનું શરૂ કર્યું.

એ શું હતુ? મને લાગ્યું કે મેં મારૂં નામ પોકારતું સાંભળ્યું. પરંતુ તે અશક્ય હતું.

ખાસ કરીને મુશ્કેલ ભાગ પર, હું ઉભી રહી અને મારો શ્વાસ ચડી ગયો હતો. મારે આરામ કરવાની જરૂર હતી; મારા પગ લથડિયાં ખાઈ રહ્યા હતા અને વરસાદને કારણે ખડકો લપસણા થઇ ગયા હતા. મને જરા સારૂં લાગ્યું, હું સુંદર દૃશ્ય જોવા માટે પાછળ ફરી. આહ... મને લાગ્યું કે હું અહીંથી સ્વર્ગનો સ્પર્શ કરી શકીશ.

હું હસી, એક સંતોષભરી શાંતિ મારા શરીર પર કબજો જમાવી રહી હતી, પરંતુ પછી મેં વિવાન વિશે વિચાર્યું અને મને

ભાન થયુ ક તનાથા ભાગા જઇન મ બહુ ખાટુ કયુ હતુ. મ મારા આંખો બંધ કરી અને તેની અંદરની પીડા જોઈ. હા, તે તેણીને પ્રેમ કરતો હતો. તે આવો અદભુત પ્રેમ કરવા માટે સક્ષમ હતો, પરંતુ તે પુષ્કળ પ્રેમે તેને એ પારાવાર પીડાથી સંવેદનશીલ બનાવી દીધો હતો.

દિલ ખોલીને રાધા વિશે મને બધું જ કહેવા માટે તેને ઘણી હિંમતની જરૂર પડી હશે. તે તેણીની યાદોને ટાળવા અડધું વિશ્વ ભટકી ચુક્યો હતો, પરંતુ તેણે પાછા આવીને, એ યાદોનો સામનો કરીને મને તેમના વિશે કહેવાનું પસંદ કર્યું.

અને જ્યારે તેણે આખરે મને કહી દીધું, તો મેં તેનો જવાબ કઈ રીતે વાળ્યો? મેં બધી જ પીડા લઇ લીધી અને મારી પીઠ ફેરવી લીધી. તે જે ભયાનક ભૂતાવળમાંથી પસાર થયો હતો અને તે દિવસને યાદ કરવા માટે તેણે જે પ્રયત્નો કર્યા હતા, તેનો સ્વીકાર કરવાનો પણ મેં ભાગ્યે જ પ્રયાસ કર્યો હતો. મેં એ વાર્તાનો ડૂચો કર્યો અને તેની તરફ પાછો ફેંક્યો હતો.

મને બહુ શરમ આવી રહી હતી. હું ફક્ત તેના એ શબ્દો વિશે વિચારી રહી હતી, જ્યારે તેણે મને જણાવ્યું હતું કે તે મને પ્રેમ નહીં કરી શકે. તે આત્મીય વાતચીત, તેની પ્રેમિકા, બળાત્કાર અને તેમના લગ્નના દિવસે જ તેની હત્યા... આ તમામ મારી પ્રતિક્રિયા દ્વારા ઝાંખું પડી ગયું જયારે તેણે મને જણાવ્યું કે તે મને પ્રેમ નહીં કરી શકે.

મારે તેની પાસે પાછા જવાની જરૂર હતી. તેની માફી માગી, તેને દિલાસો આપવાની જરૂર હતી. મારે તેને યાદ કરાવવું હતું કે જીવન આગળ વધતું રહેવું જોઈએ. આપણે ગુમાવીએ છીએ, આપણે રૂદન કરીએ છીએ, પરંતુ જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી આપણે ફરીથી પ્રેમ કરી શકીએ છીએ.

મેં મક્કમપણે માથું હલાવ્યું. હવે કૈફે કબીર પર પાછા જવાનો સમય આવી ગયો હતો.

આ બધું એટલું એકાએક થઇ ગયું કે, મેં એ દૃશ્યને એક છેલ્લી નજરે જોઈને, મારા ભીના વાળને મારા ચહેરા પરથી દૂર કરવા માટે ધાતુની જાળી છોડી. મારે નીચે ઉતારવા માટે જે સીધાં પગથિયાં ઉતરવાનાં હતાં, મેં તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું, અને મારો પગ ખડક પરથી લપસી ગયો. હું નીચે પડવા લાગી, જાળી સુધી પહોંચવા મથવા લાગી, પરંતુ મારા હાથ એ આંધળી શોધમાં તેને પકડી શક્યા નહી.

હુ ગુલાટા ખાવા લાગા, ખડકા મારા શરીર સાથ અથડાવા લાગ્યા અને અને હું ભયભીત થઈ ચીસો પાડવા લાગી.

મારા પર દયા થઇ, અંધકાર છવાઈ ગયો અને મને કોઈ વધુ પીડા અનુભવાઈ રહી નહોતી.

* * *

વિવાન

23

વિસ્મૃતિ

મીરા એટલી ઉતાવળે ચાલી ગઈ કે, હું જાણતો હતો કે મેં તેને દુઃખ પહોચાડ્યું હતું. મેં તેનો પીછો કરવાનું શરૂ કર્યું, પણ મને લાગતું નહોતું કે હું તેની કંઈપણ મદદ કરી શકીશ, કેમકે હું પોતે પણ તેના જેવી જ હાલતમાં હતો. મેં લાંબા સમયથી બાંધી રાખેલો પાટો છોડ્યો હતો તેનાથી હું જેને લાંબા સમયથી છૂપાવી રહ્યો હતો એ ઊંડો ઘા તેને દેખાડ્યો હતો.

હું એક લૉન્ગ વૉક પર નીકળ્યો, મારા વિચારો એકત્ર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે પાછી ફરે ત્યારે હું સારી મનઃસ્થિતિમાં રહેવા માગતો હતો.

કલાકો પછી હું પાછો ફર્યો અને એ ખૂણે આવેલા ટેબલ પર પાછો ગયો. કબીરે એ બેઠક પર કબજો કર્યો જેના પર મીરા બેઠી હતી.

'મેં તારી આખી વાર્તા સાંભળી છે અને જે તે મીરાને કહ્યું તે પણ મેં સાંભળ્યું,' કબીર બોલ્યો અને પછી એક ઊંડો શ્વાસ લીધો. મહેરબાની કરીને આનો ખોટો અર્થ ન કાઢતો, પણ હું તને જણાવવા ઈચ્છું છું કે મને તારા પાર ગર્વ છે કે તે તારા ભૂતકાળનો સામનો કર્યો અને તારી રાધા વિશે મીરાને જણાવ્યું.'

કબીરને તેનું નામ લેતો સાંભળીને હું અચકાયો. પરંતુ મેં માથું ધુણાવ્યું. 'તારો આભાર, મારા મિત્ર. અને હવે તું પણ જાણે છે કે હું શા માટે ભાગી ગયો હતો. તને પણ આવજો કહ્યા હું વિના હું જતો રહ્યો, એ માટે મારે તારી પણ માફી માગવી રહી. મેં તારી દોસ્તીનો ખરાબ બદલો વાળ્યો.'

'આપણે બધા જ ભૂલો કરીએ છીએ, વિવાન,' તેણે જવાબ આપ્યો. 'અને આપણે તેનાથી ઉપર ઊઠીએ છીએ. તું એક વ્હાલો મિત્ર છે અને તું પાછો ફર્યો એનો મને આનંદ છે.'

મેં એક ઘૂંટડો ભર્યો, અમારી મિત્રતા ફરી એક વાર સારી થઇ જવાથી હું ખુશ હતો.

કબીરે ચાલુ રાખ્યું. 'મીરા તને ખૂબ પ્રેમ કરે છે.'

મ ાનસાસા નાખ્યા. 'મ તન પહલથા જ કહ્યુ હતુ ક હુ તના માટે એ જ રીતે અનુભવી નહીં શકું.'

કબીરે માથું ધુણાવ્યું. 'હું એ જ મુદ્દો સમજાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. તું પણ તેને એટલો જ પ્રેમ કરે છે, જેટલો એ તને કરે છે. મને સમજાતું નથી કે શા માટે તું તારા હૃદયને રોકી રહ્યો છે, વિવાન. તું તારી જાતને સજા આપી રહ્યો છે! તારે તેને રાધાની જેમ પ્રેમ કરવાની જરૂર નથી; તારે તેને માત્ર મીરાની જેમ પ્રેમ કરવાની જરૂર છે,' કબીરે નિર્દેશ કર્યો.

'આ જ વાત હું તેને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો,' મેં હતાશ થઈને કહ્યું. 'હું કોઈને પ્રેમ નથી કરી શકતો. બસ. તેથી જ હું આવજો કહ્યા વિના ચાલ્યો ગયો હતો. મને ખબર છે કે હું તેને પસંદ છું, પરંતુ હું તેને પ્રેમ કરી શકતો નથી.'

પાછળના દરવાજા પરના પડછાયા પર મારી નજર પડી. મને ખાતરી હતી કે કોઈ ત્યાં ઉભું હતું, પરંતુ મેં માન્યું કે તે માત્ર પ્રકાશ પડવાથી એવું લાગતું હતું.

'મેં રાધાને પ્રેમ કર્યો છે અને હંમેશા કરતો રહીશ. હું માત્ર એક સ્વીચ બંધ કરીને એમ ન કહી શકું કે હવે હું તેને પ્રેમ કરતો નથી. મને ખબર છે મીરા મારાથી ખૂબ નારાજ અને ગુસ્સે છે, પરંતુ મેં નક્કી કર્યું હતું કે આ બાબત વિશે સ્પષ્ટ હોવું જ સારૂ રહેશે.'

કબીરે પોતાની ભમ્મરો અસ્વીકારથી ઉંચે ચડાવીને મારી સામે જોયું. 'તને ખબર છે કે એક પુરુષ એક સ્ત્રી સાથે સૌથી ખરાબ શું કરી શકે?'

મેં ખભા ઉલાળ્યા. 'હું માનુ છું કે તેની સાથે બેવફાઈ કરે.'

'ના, તમે તેની સાથે પ્રેમ કરવાનો ઈરાદો ધરાવતા ન હોવા છતાં, તેને તમારા પ્રેમમાં પાડવી..'

મેં કબીરની આંખો સાથે સંપર્ક કર્યા વિના નીચે જોયું. તે સાચો હતો. મને લાગ્યું કે મારામાં ફરી શરમનો જ્વાળામુખી ફાટી નીકળશે.

* * *

'કબીર! વિવાન! આપણે જલ્દી હૉસ્પિટલ પહોંચવું જોઈએ!' નિશાએ ફોન કાપતા કહ્યું. તેના અવાજમાંનો ભય સાંભળીને મારૂ હૃદય બેસી ગયું.

‘શા માટ? શુ થઇ રહ્યુ છ? ‘મ પૂછ્યુ.

‘મીરા! તેની સાથે અકસ્માત થયો છે.’

વધુ એક પણ શબ્દ કહ્યા વિના, અમે બધા કૅફેની બહાર ધસી આવ્યા અને કબીરની કારમાં બેસી ગયા.

‘તે ક્યાં હતી?’ મેં માગણીભર્યા સ્વરે પૂછ્યું.

‘તે રાજગઢ ગઈ હતી,’ નિશાએ જણાવ્યું.

‘રાજગઢ?’ હું તાડૂક્યો. ‘તે ત્યાં શા માટે ગઈ હતી? અને શું થયું?’

નિશાએ માથું ધુણાવ્યું. ‘મને ખબર નથી, વિવાન. ચાલો, હૉસ્પિટલ જઈએ અને જાણીએ કે શું થયું છે.’

આ કઈ રીતે થઈ શકે? શું તે ખૂબ જ ગુસ્સામાં હતી કે ધ્યાન ચુકી ગઈ? મેં વિચાર્યું.

હૉસ્પિટલ પહોંચી ને અમે મીરા વિશે પૂછપરછ કરી. અમે ઇમરજન્સી વૉર્ડની બહાર ખૂબ અધીરાઈપૂર્વક ડૉક્ટરના બહાર આવવાની અને અમને કંઈક કહે તેની રાહ જોઈ રહ્યા હતા ત્યારે મિનિટો પણ કલાકો જેટલી લાંબી લાગી રહી હતી. મને ખબર હતી કે આ માત્ર એક અકસ્માત જ હતો. મને લાગ્યું કે હું ફરી એવી જ લાચારી અનુભવી રહ્યો હતો, જેવી રાધા ગુમ થઇ હતી ત્યારે મેં અનુભવી હતી. મીરા એ રૂમમાં પડી હતી અને હું તેના માટે કંશું જ કરી શકતો નહોતો.

મને આશ્ચર્ય થતું હતું કે હું જેને જેને પ્રેમ કરૂં છું તેમને આફતો શા માટે ઘેરી લેતી હશે?

મેં આમતેમ આંટા મારવાનું ચાલુ રાખ્યું. પછી હું મારા હાથ મારા શરીરની આસપાસ વીંટાળીને બેસી ગયો. ખુરશી પર મારી જાતને આગળ-પાછળ ધકેલતા હું રડવા લાગ્યો.

‘મને ફરીથી કહે, નિશા,’ મને બોલવાની સૂજ પડી ત્યારે ફરીથી મેં પૂછ્યું. ‘રાજગઢ?’

‘તેના મેસેજમાં એમ જ લખેલું હતું,’ નિશાએ જવાબ આપ્યો, તેનો અવાજ રડવાને કારણે ભારે થઇ ગયો હતો. કબીરે તેને વધુ જોરથી પકડી.

‘પણ શા માટે?’

‘ત ભાગા રહા હતા,’ કબાર કહ્યુ. તનુ આ વાક્ય ખૂબ જ માર્મિક હતું. હું મારૂં માથું મારી છાતી પર નમાવીને ડુસકાં ભરવાં લાગ્યો.

મેં મારા ખભા પર એક હાથનો સ્પર્શ અનુભવ્યો અને મેં ઉપર જોયું. નિશા મારૂં ધ્યાન ખેંચવાનો પ્રયાસ કરી રહી હતી કારણકે ડૉક્ટર અમારી તરફ આવી રહ્યા હતા. તેમના ચહેરા પર કોઈ ચિહ્નો શોધતો હું આશા તેમજ ભયથી ગ્રસ્ત થઇ ગયો હતો.

‘તેમની હાલત સ્થિર છે,’ ડૉક્ટરે શાંતિથી જણાવ્યું. ‘તેનું શરીર ખરાબ રીતે ભાંગી ગયું છે, અત્યારે અમે જે પણ કરી શકતા હતા, તે બધું જ કર્યું છે.’

‘શું થયું છે?’ મેં પૂછ્યું.

‘મને ચોક્કસ જાણ નથી. રિપોર્ટ્સ કહે છે કે તે કિલ્લો ચડતા-ચડતા કોઈક રીતે પડી ગઈ. સદભાગ્યે કેટલાક અન્ય પર્વતારોહકો નજીકમાં હતા અને તેમને ઇમરજન્સી કર્મચારીઓને બોલાવ્યા. એક હેલિકોપ્ટર તેને બહુ જલ્દી અહીં લઈ આવ્યું. પ્લીઝ, એક્સ્ક્યુઝ મી; મારે પાછા જવું પડશે.’

‘હું અંદર જઈને તેની સાથે વાત કરી શકું છું?’ મેં પૂછ્યું.

‘સર,’ તેમણે સાવધાનીપૂર્વક જણાવ્યું, ‘તે સ્થિર છે, પરંતુ આ સમયે, તે હજુ પણ બેભાન છે. તે ભાનમાં આવે નહીં ત્યાં સુધી તમારી સાથે વાત કરી શકશે નહીં. અમે તેને ઇન્ટેન્સિવ કૅર યુનિટમાં ખસેડી રહ્યા છીએ.’

‘ઈન્સેન્ટિવ કૅર યુનિટ?’ કબીરે કહ્યું. ‘મને લાગ્યું કે તમે કહ્યું હતું કે તે સ્થિર છે?’

‘તે એટલા પૂરતી સ્થિર છે કે અમે તેને ખસેડી શકીએ. તે હજુ પણ ગંભીર સ્થિતિમાં જ છે. પરંતુ તે બેભાન છે, અને જેટલા લાંબા સમય સુધી તે બેભાન રહેશે, ત્યાં સુધી જીવન માટે જોખમી અને જટિલ સમસ્યાઓ ઉભી થઈ શકે છે.’

ડૉક્ટરના શબ્દોએ મારૂં હૃદય ચીરી નાખ્યું.

હું કેટલા સમયથી ત્યાં હતો? કલાકોથી? મિનિટોથી? કારણ કે હું યાદ નહોતો કરી શકતો, મેં આસપાસ જોયું અને ડોકટરો મીરાને ઇન્ટેન્સિવ કૅર યુનિટમાં ખસેડીને જતાં હતા અને હું તેમને જોઈ રહ્યો. લોકો આ વૉર્ડમાં પીડાતા હતા. તેમાંનો દરેક વ્યક્તિ જીવન અને મૃત્યુ વચ્ચેની સ્થિતિમાં હતી. જ્યારે કોઈ,

રોગોથી બીમાર હતા તો કોઈ મીરાની જેમ અકસ્માતમાં તૂટી ગયા હતા.

મીરાનો ચહેરો સૂજી ગયો હતો, અને તેની પાંપણો બંધ હતી. તેનું માથું પટ્ટીઓથી ઢંકાયેલું હતું, અને તેને મશીનો સાથે જોડવામાં આવી હતી, જેના વડે તે શ્વાસ લઇ શકતી હતી. એ બધા મશીનો શું કામ કરતા હતા તેની મને ખબર નહોતી, પરંતુ મને ખબર છે કે તેમનો અવાજ મને પાગલ બનાવી રહ્યો હતો. મને લાગતું હતું કે આ મારો જ દોષ છે. તેને થયું કે તે મને જાણે છે, પણ હું એ માણસ નહોતો. હું એ માણસ હતો જેણે તેને રાધા વિશે જણાવ્યું હતું અને તેનું દિલ તોડ્યું હતું. તે તેની કાર લઈને ગુસ્સામાં ચાલી ગઈ, કિલ્લો ચડી અને અંતે તેને અકસ્માત નડ્યો; હવે હું તેના જીવન માટે પ્રાર્થના કરી રહ્યો હતો.

‘હું અહીં જ રહીશ. પ્લીઝ, તમે બંને ઘરે જાઓ અને આરામ કરો. તે ઉઠે ત્યારે હું તેની સાથે રહેવા માગું છું,’ મેં નિશ્ચિતપણે કબીર અને નિશાને જણાવ્યું.

હું મીરાની પાસેની ખુરશીમાં બેઠો. તેના નાજુક હાથમાં આઈ.વી.લગાડેલી હતી અને તેને મોંમાં શ્વાસ નળી લગાવેલી હતી.

મને લાગ્યું કે તે વિસ્મૃતિની સ્થિતિમાં હતી, તબીબી સાધનોનું એક ગુંચળું તેને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહ્યું હતું. મારી આંખો ચાલુ-બંધ થતી લાલ અને લીલી લાઈટો પર સ્થિર હતી, તે પોતાના અસ્તિત્વ માટે લડી રહી હતી. ત્યારે મને ભાન થયું કે હું પણ મારા શ્વાસ માટે સંઘર્ષ કરી રહ્યો હતો.

‘આ મેં શું કરી નાખ્યું?’ મેં તેને ધીમેથી કહ્યું. પ્રેમને ફરીથી અનુભવવાની એક તક મને મળી હતી, અને મેં તેની સાથે આવો વ્યવહાર કર્યો. કબીર સાચો હતો; એક પુરુષ એક સ્ત્રી સાથે જો સૌથી ખરાબ કંઈક કરી શકે તો તે એ કે પોતે તેને પ્રેમ કરવાનો ઈરાદો ન ધરાવતો હોવા છતાં તેણીને પોતાના પ્રેમમાં પાડે છે. મેં મીરા સાથે આવું જ કર્યું હતું.

તેનો હાથ પકડી હું, તેની બાજુમાં બેસીને ડૂસકાં ભરવાં લાગ્યો. મારી આંખો તેના પર જાણે સ્થિર થઇ ગઈ હતી અને હું ચુપચાપ તેની પાસે જવાબ આપવા માટે ભીખ માગી રહ્યો હતો. તેના આંખો ફરકી નહીં. મશીનના અવાજ મને કહી રહ્યા હતા કે તેનું શરીર તેના માટે કશું નહોતું કરી રહ્યું. તેને આ હાલતમાં જોઈને હું ભાંગી પડ્યો હતો.

'મારા' મ કહ્યુ. 'મ તન વસ્તુઆ અટલ ભટ આપા હતા કારણ કે હું તને પ્રેમ કરતો હતો. હું તારી કાળજી લેતો હતો, કારણ કે હું તને પ્રેમ કરતો હતો. મેં તને ચુંબન કર્યું હતું કારણ કે હું તને પ્રેમ કરતો હતો. મેં તને દરેક ક્ષણે પ્રેમ કર્યો છે. મેં હંમેશા કર્યો છે. એ જ વાસ્તવિક કારણ હતું કે હું ભારત પરત આવ્યો છું. તારા વિશે વિચાર્યા વગર મારો એક પણ દિવસ પસાર થયો નહોતો. તું જ મારૂં સમગ્ર વિશ્વ હતી, અને તેથી જ મને જ્યારે લાગતું કે હું હજી પણ રાધાને પ્રેમ કરૂં છું, ત્યારે હું ગુનાહિત લાગણી અનુભવતો હતો. ઓહ, મીરા! જો હું તને ગુમાવીશ, તો હું મારૂં સમગ્ર જીવન ગુમાવી બેસીશ. તે મને જીવવા માટે કારણ આપ્યું છે. તે મને ઉભો કરીને મારા સપનાનો પીછો કરવાની પ્રેરણા આપી છે. અને હવે તારી સામે જો. તું આ હૉસ્પિટલની પથારીમાં પડી છે જ્યાં આ નળીઓ અને મશીનો તને જીવંત રાખી રહ્યા છે. જાગી જા, મારી પ્રિયતમા. જો તું જાગી જઈશ તો હું તને બધું કહીશ કે હું શું અનુભવું છું. હું રાધાના મૃત્યુ ને સ્વીકારવાનો કોઈ માર્ગ શોધી લઈશ. મને નથી લાગતું કે હું તારા મૃત્યુનો બોજ સહન કરી શકીશ. હું તે જરા ય સહન કરી શકું એમ નથી.

થોડી થોડી વારે આવીને નર્સો મીરાને કશુંક કરી જતી. તેઓ તેણીના ક્લિપબૉર્ડ પર કશુંક લખી નાખતી. કેટલીક નર્સોએ મારી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો, તો કોઈકે મને નજરઅંદાજ કર્યો. મને એની પરવા નહોતી. મેં મીરાનો હાથ પકડી રાખ્યો અને ક્યાંય પણ જવાનો ઇનકાર કર્યો. દિવસ રાતમાં ઢળી ગયો, મેં તેનો હાથ પકડીને મારી જાતને ખુરશી પર ઢાળી દીધી અને હું ઝોકાં ખાવાં લાગ્યો. મશીનોના અવાજ ને કારણે મને રાત્રે સરખી ઊંઘ આવી નહીં, પરંતુ જો તે જાગે તો હું તેનો હાથ પકડીને ત્યાં રહેવા ઇચ્છતો હતો. તેને કદાચ સત્ય ખબર હશે અને તે કદાચ જાણતી હશે કે તે રાધાની જગ્યા ક્યારેય નહીં લઇ શકે, પરંતુ તે મારા હૃદયનો અન્ય ભાગ શોધી શકે છે જે માત્ર તેના માટે જ છે.

જીવનના કેટલાક અંશો આપણા મન સાથે એવી રીતે જોડાયેલા હોય છે કે જ્યારે તે જતા રહે છે, ત્યારે તે પહેલાં કરતાં પણ વધુ યાદ આવે છે. છતાં એક દિવસ આપણને ખ્યાલ આવે છે કે દરેક અંશ ઝાંખો પડી જાય છે, દરેક યાદ વિલીન થઇ જાય છે. એક જૂના પુસ્તકની જેમ.

* * *

24

મારો હાથ દબાવ

કલાકો દિવસોમાં ફેરવાયા અને દિવસો અઠવાડિયામાં . કબીર અને નિશા આવ્યા અને મારા માટે જમવાનું લઇ આવ્યા ત્યારે હું ખુબ જ થાકી ગયો હતો અને બહુ ભયાનક દેખાતો હતો.

'તે કેમ છે?' કબીરે પૂછ્યું.

મેં ખભા ઉલાળ્યા. 'ડૉક્ટરે કહ્યું હતું કે તેના મગજમાં કંઈક પ્રવૃત્તિ થઇ છે, જે સારૂ કહેવાય. એ સિવાય, તેને હજુ પણ ભાન નથી આવ્યું. તે હજુ પણ કોમામાં જ છે. મને ભય છે કે હું તેને ખોઈ ન બેસું. ખરેખર હું શું અનુભવું છું તે મારે તેને કહેવુ જોઈતું હતું, પરંતુ હું આ બધામાંથી મારી જાતને બચાવવાની કોશિશ કરી રહ્યો હતો. હું આ રહ્યો આ હૉસ્પિટલના રૂમમાં, ફરીથી આ બધામાંથી પસાર થઇ રહ્યો છું.'

'વિવાન, તારે ઘરે જઈને સ્નાન કરવાની જરૂર છે. થોડા કલાક કાઢ અને તારી જાતની સંભાળ લે. તારે ઓછામાં ઓછી હજામત કરવાની જરૂર તો છે જ, હવે તારે દાઢી ઉગી ગઈ છે,' નિશાએ નિર્દેશ કર્યો.

'મીરા ન ઉઠે ત્યાં સુધી હું ક્યાંય પણ જઈ શકું એમ નથી.' આવી જાહેરાત કરતા મેં લગભગ બાલિશ મહેસુસ કર્યું, પરંતુ હું મારી જાતને તેનો સાથ છોડવા મનાવી નહોતો શકતો.

નર્સોએ મને તેની સાથે વાત કરવા માટે પ્રોત્સાહન આપ્યું. ક્યારેક, હું મારી સફર વિશે તેને વાર્તાઓ કહેતો; કોઈક વખત, હું માત્ર એ જ કહેતો જે મારા હૃદયમાં હતું.

મેં તેની પાસે સ્વીકાર્યું કે, મારા મુસાફરી દરમિયાન મને સમજાયું કે કોઈ પણ વ્યક્તિ પોતાની જાતથી, પોતાની આત્માથી ક્યારેય ભાગી શકે નહીં.

'જે દિવસે અમે મળ્યા, તે દિવસે હું લગભગ થીજી ગયો હતો.... તું એટલી સુંદર હતી કે મને તારી સાથે વાત કરવાની ઈચ્છા થઇ, પરંતુ એકપણ શબ્દ પણ કહેવામાં મને ભય લાગી રહ્યો હતો. મેં મારો શ્વાસ રોક્યો અને એ સમયને પણ રોકવા માગતો હતો. શરૂઆતથી જ હું જાણતો હતો કે મારા હૃદય માટે મને એક ઘર મળી ગયું છે.'

એક નર્સ અંદર આવી અને મેં વાત કરવાનું બંધ કર્યું. તેણે મને ચાલુ રાખવા ઈશારો કર્યો.

'મીરા, તે મારી દુનિયા ઉપરતળે કરી નાખી છે. તે મને અઢળક ખુશી આપી છે... તું મારો આત્મા છે. મારી પ્રેમિકા, હું આજથી પાચ વર્ષ આગળ જઈને વિચારવા નથી માગતો કે, "આપણો સાથ અદભુત રહ્યો હોત, પરંતુ હું ભયભીત થઈ ગયો હતો." પાંચ વર્ષમાં, હું યાદ કરવા માગું છું કે કઈ રીતે મારા ભયે મને મારા જીવનની શ્રેષ્ઠ વસ્તુથી દૂર કરવા પ્રેર્યો હતો. પરંતુ મેં તેને જીતવા દીધો નહોતો.'

નર્સે મીરાના ચાર્ટમાં કંઈક નોંધ કરી. મેં તેના પર સીધી નજર કરી નહોતી, પણ હું મારી આંખના ખૂણેથી જોઈ શકતો હતો કે તે આંસુ લૂંછી રહી હતી.

'સ્વીટહાર્ટ' મેં વિનંતી કરી. 'મારો હાથ દબાવ. તેની સાથે મારૂં હૃદય, આત્મા, પ્રેમ, વિશ્વાસ, શ્રદ્ધા, આશા, સપનાં, ભૂતકાળ અને ભવિષ્ય આવે છે.

'મારો હાથ પકડી લે, અને તેની સાથે, મારી પાસે જે પણ છે અને હું જે પણ છું, એ કાયમ માટે તારૂં જ થઈ જશે.'

હું ક્યાંય ગયો નહોતો; હું ભાગ્યો નહોતો. દરેકને લાગતું હતું કે મારે કેટલીક બાબતો માટે જગ્યા છોડવી જોઈએ. હૉસ્પિટલના લોકોએ મને કહ્યું હતું કે તારામાં કઈપણ સુધારો થયો તો તેઓ મને ફોન કરશે. મારે હોસ્પિટલમાંથી કૉલ જોઈતો નહોતો. હું ઈચ્છતો હતો કે તેની ઘેરી કથ્થઈ આંખો મારા ઊંડાણમાં મને જુએ.

* * *

મીરા

25

બંદી

મેં આસપાસ જોયું , પણ મને કશું જ પરિચિત જણાયું નહીં . હું ક્યાં હતી ? મેં જમીન જોવાનો પ્રયત્ન કર્યો , પરંતુ તે મારી નીચે હોય તેવું લાગતું નહોતું .

મને લાગ્યું કે હું ક્યાંય નહોતી , તેમ છતાં બધે હતી .

હું તરતી હતી ?

મારૂં મન મૂંઝવણમાં ગૂંચવાયેલું હતું .

પછી મેં કોઈ નજીકનાના હાજરી અનુભવી . હું જાણતી હતી કે તે કોણ હતું , તેમ છતાં હું તેને જોઈ શકતી નહોતી .

' હું તને જોઉં છું , વિવાન ,' મેં બૂમ પાડી .

' હું આપણી વચ્ચેના આ અદ્રશ્ય અંતર દ્વારા તને અનુભવી શકું છું . મારી બાજુમાં બેસી તું જે શબ્દો બોલી રહ્યો છે તેના દ્વારા હું તને જોઈ શકું છું . દરેક વખતે તું મારી ખબર પૂછે છે ત્યારે હું તારો સ્પર્શની અનુભૂતિ કરૂં છું . પરંતુ કંઈક ખૂટે છે . મને મહેસુસ થતું નથી . તે તારી હૂંફ છે .

‘કેટલીક રાત્રે, જ્યારે તું મારો હાથ પકડે છે, હું તારા આંસુ મારી હથેળી પર પડતા અનુભવું છું. પણ હું તેની ઠંડક કે ગરમી મહેસુસ કરી શકતી નથી. શું મેં મારી અનુભવવાની ક્ષમતા ગુમાવી દીધી છે? વિવાન, મને કહે, દર વખતે તને ડૂસ્કાં ભરતો જોઈને મને પણ કેમ રડવાનું મન થાય છે. હું રડવા માટે અને મારી અંદર સળગી રહેલી બધી હતાશા અને ગુસ્સાને રડીને બહાર કાઢવા માટે સખત પ્રયાસ કરૂં છું. પણ એવું કરવામાં હું હંમેશા નિષ્ફળ રહું છું.

‘વિવાન, આય એમ સોરી, પણ મને બહુ ડર લાગે છે. મારી માત્ર એક જ ઈચ્છા છે કે હું મારો હાથ હલાવું અને તારો હાથ જોરથી પકડી શકું. મેં મારી આંગળીઓ ઊંચી કરીને તને આશા

ન છોડવાનું કહેવા માટે ઘણા પ્રયાસો કર્યા. પરંતુ તે બધા વ્યર્થ નીવડ્યા. આપણે કેવી રીતે મળ્યા અને સાથે વિતાવેલી ક્ષણોનાં સપનાં હું જોઈ રહી છું. હું અત્યારની મારી વાસ્તવિકતામાંથી છટકી અને આપણે ફરીથી સાથે હોઈએ એવાં સપનાં જોવાં ઊંઘવાનો પ્રયાસ કરૂં છું. અને જયારે હું જાગું છું, તો મને હજુ પણ અંધારી વાસ્તવિકતા જ દેખાય છે. હું મારી આંખો બંધ કરીને મારી અંદરનો પ્રકાશ જોવા માગું છું, પરંતુ હું મારી આંખોને મહેસુસ કરી શકતી નથી.

‘વિવાન, હું મારી જાતની અંદર જ બંદીવાન બની ગઈ હોઉં, એવું લાગે છે. પ્લીઝ, મારી મદદ કર.’

* * *

વિવાન

26

એક ભૂલાયેલી ડાયરી

મશીનોએ અવાજ કર્યો અને મીરા ઇન્ટેન્સિવ કૅર યુનિટમાં નિર્જીવ પડી હતી. મને ચોક્કસ ખબર નહોતી કે હું કેટલા સમયથી ત્યાં હતો. નર્સો અંદર આવતી, મીરાના આંકડા તપાસતી અને પછી બહાર ચાલી જતી.

એક દિવસ, એક નર્સે-તેનો હાથ મારા ખભા પર મૂકીને-કહ્યું,' તેની યાદો અકબંધ છે. તેને બધું યાદ છે.'

મને ખબર નહોતી કે શું કહું, તેથી મેં માત્ર માથું ધુણાવ્યું. આઠ મહિના પસાર થઇ ગયા હતા, છતાં મીરાની સ્થિતિમાં સુધારાના કોઈપણ ચિહ્નો મેં જોયા નહોતા. હું કોઈપણ હિલચાલના સહેજ પણ સંકેત માટે રાહ જોતો હતો. પરંતુ તે માત્ર સ્થિર પડી હતી.

હું બાથરૂમ જવા સિવાય મીરાનો સાથ છોડતો નહોતો. કોઈ વાર, કોઈ નર્સ મને સ્નાન કરવા હુકમ કરતી તો હું પાણી નીચે દોડી જતો. ક્યારેક હું મારાં ગંદાં કપડાં પાછાં પહેરી લેતો; કોઈ વખત, હું કબીરે લાવેલાં ધોયેલાં કપડાં બદલી લેતો.

હું ઘરે ગયો નહોતો. નિશા કે કબીર દરરોજ આવતા અને ભોજનના સમયે મારા માટે ખાવાનું લાવતા. એક દિવસ, તેને ઉઠતી જોવાની આશા સાથે, તેઓ મીરાનો કેટલોક સામાન લઇ આવ્યા. નિશા જે વસ્તુઓ લાવી હતી તેમાંથી એક તેની ડાયરી હતી.

'કોઇ સુધારો છે?' એક દિવસ કબીરે પૂછ્યું.

મેં મારુ માથું હલાવ્યું. 'ના, પરંતુ ડૉક્ટર હજુ પણ કહે છે મગજમાં પ્રવૃત્તિ છે. તે વિચારે છે કે હું જયારે તેના માટે વાંચું છું ત્યારે તે મને ધ્યાનથી સાંભળે છે. હું આશા રાખું છું તે સાચું

હોય. હું તેને મોટા અવાજે વાર્તા વાંચી સંભળાવવાનો છું, અને મને આશા છે કે તે પૂરી થાય તે પહેલા, તે ઉઠી જશે.'

કબીર નીચે વળ્યો અને જતા પહેલા મને ભેટ્યો.

મેં ફરવાનું શરૂ કર્યું. 'ઓહ, મીરા! કાશ, તારી સાથે મેં જે વર્તન કર્યું તેને બદલે હું તને બધું કહી શક્યો હોત. હું ખોટો હતો! મારી પાસે તને કહેવા માટે ઘણું બધું છે!'

મેં તેના વાળમાં આંગળીઓ ફેરવી. 'હું તને બધું જ કહેવા માગું છું કે, હું ભારત શા માટે પરત ફર્યો, તને રાધા વિશે કહેવા નહીં, પણ કેમ કે હું તને પ્રેમ કરૂં છું. હું તારી સામે કબૂલ કરૂં છું,તેના કરતાં પણ વધુ પ્રેમ કરૂં છું. રાધા માટે હંમેશા મારા હૃદયમાં એક સ્થાન રહેશે, પણ તારા માટે મારા હૃદયમાં એક અલાયદી જગ્યા છે. ઉઠી જા, જેથી હું તને પ્રત્યક્ષ રૂપે આ બધું કહી શકું.'

મારે તેની ઘેરી ક્થ્થઈ રંગની આંખોને ફરી મારી સામે જોતી જોવી હતી, પરંતુ તેની અંદર જીવનનો એક નાનો અંશ પણ દેખાતો નહતો.

મેં એક નિસાસો નાખ્યો. કબીર સાચો હતો-મને આવી ભેટ મળી હતી. હું શાપિત નહોતો, પરંતુ મને પ્રેમ કરવાની બીજી તક આપવામાં આવી હતી. મેં તેની સામે જોયું. તેનો ચહેરો સૂજી ગયો હતો, અને તેની આંખો હજુ પણ બંધ હતી કારણ કે નળીઓ તેને શ્વાસ લેવામાં મદદ કરી હતી. તે દેવદૂત જેવો ચહેરો ધરાવતી મીરા રહી નહોતી, જે અકસ્માત પહેલા હતી જયારે તે મારાથી દુઃખી અને ગુસ્સે થઈને કૅફેમાંથી બહાર ધસી ગઈ હતી.

'મારી વ્હાલી,' હું તને વિનંતી કરૂં છું. ફક્ત શ્વાસ ન લે, તારૂં જીવન જીવ.'

હજી પણ, કશું જ નથી.

મે તેની ભૂલાયેલી ડાયરી ઉપાડી અને તેની તરફ નજર કરી. આમાંથી તેને બહાર નીકળવામાં મદદ કરવાનો કોઈક રસ્તો હોવો જ જોઈએ. ભલેને તે કૉમામાં હોય, હું તેની મદદ કરીશ. હું તેને આપણી દુનિયામાં પાછી લાવી શકીશ કે નહીં એ વિશે હું જરાય સ્પષ્ટ નહોતો, પણ તેણે લખેલી વાર્તા મેં તેને

મોટેથી વાંચી સંભળાવવાની શરૂઆત કરી. પોતાની આસપાસની દુનિયાથી તેને રોજબરોજ જાણે કોઈ જ ફરક પડતો ન હોય એવું લાગતું હતું. મેં તેને કૅફેમાંના પ્રવાસી વિશે કહ્યું અને કઈ રીતે તે સાહસની આ દુનિયાના પ્રવાસે નીકળી પડશે એ પણ જણાવ્યું, પણ આ ક્ષણ માટે તેણે તેનો હાથ પોતાના હાથમાં લીધો અને તે પુણેમાં સૂર્યાસ્તને જોઈ રહ્યો.

પછી, મેં એક પાનું ફેરવ્યું અને એ દિવસનું લખાણ જોયું જે કબીરે મોટેથી વાંચ્યું હતું. એ પાનાની વચ્ચે એક નૅપ્કિન મુકેલો હતો, જેના પર ‘સુંદર’ લખ્યું હતું. તે સુંદર હતી, અને તેનું લખાણ તેના કરતાં પણ વધુ સુંદર હતું... કાશ, તે જાગૃત હોત અને આ વાત તેની સામે તેના મોઢે કહી શક્યો હોત.

લાગતું હતું કે વિવાન, એક પ્રવાસી સાથે પ્રવાસ, આગળ ને

આગળ જ વધી રહ્યો હતો

તેના લખાણમાં તેણે મારી પાસે અનેક પ્રકારની વસ્તુઓ કરાવડાવી અને મારી પાસે જુદી જુદી પરિસ્થિતિઓનો સામનો કરાવડાવ્યો હતો. તેણે દરેક ક્ષણ એવી રીતે રજૂ કરી હતી, જાણે કે તેનું મગજ કોઈ કૅમેરા ન હોય, અને હું પહેલી વાર જ તેનો સાક્ષી બની રહ્યો હતો. મેં પુસ્તકનાં પાનાં ફેરવ્યાં અને એ દિવસનું લખાણ શોધ્યું જે દિવસે હું ચાલ્યો ગયો હતો. એ પાનાં પર આંસુના ડાઘ હોય તેમ લાગતું હતું, અને અનેક પાના ફાડી નાખવામાં આવ્યા હોય એવું લાગતું હતું. તેને લાગ્યું હતું કે કદાચ આ જ તેના પુસ્તકનો અંત હતો.

હું જાણતો હતો કે હું કોઈ લેખક નહોતો અને હું એક લેખક બનવાથી બહુ દૂર હતો. મેં પાનું ફેરવ્યું. ‘વિવાન પાછો આવ્યો!’ તેમાં લખ્યું હતું. હું એ વર્ણનાત્મક ફકરા પર ગયો જેમાં મેં તેને આશ્ચર્યચકિત કરી નાખી હતી. મેં આગળ વાચવાનું ચાલુ રાખ્યું, હું કઈ રીતે તેને કઈ રીતે કૅફે ખાતે મળવા માગતો હતો અને હું તેને કંઈક કહેવા માગતો હતો. ‘મને લાગે છે કે આખરે તે સ્વીકારશે કે તે મને પ્રેમ કરે છે! મને લાગે છે કે મારી સામે પ્રસ્તાવ મુકશે. હું ખૂબ જ ભયભીત અને ઉત્સાહિત છું કે મારા પેટમાં પતંગિયાં ઉડી રહ્યાં છે.’

મ વાચવાનુ બધ કરા દાધુ. કમનસાબ, અવુ થયુ નહાતુ. મારી આંખોમાં ફરીથી આસું આવવા લાગ્યા. હું શું વિચારી રહ્યો હતો? હું એટલો ક્રૂર કેમ કરતા બની ગયો?

* * *

27

તું

મીરા હજુ પણ બેભાન હતી. મારી ધીરજ આખરે ખૂટી રહી હતી અને હું જાણતો હતો કે હું તૂટી પડવાની અણી પર હતો. મેં મારી જાતને વ્યક્ત ન કરી હોત, તો હું પાગલ થઇ ગયો હોત.

મેં તેના હાથ પકડ્યા, મારી આંખો બંધ કરી, અને મારા હૃદયની સૌથી ઊંડી લાગણીઓ કહેવા લાગ્યો.

‘હું ક્યારેય લેખક નહતો અને બનવાની કામના પણ ધરાવતો નથી. હું ક્યારેય એક સારો વાચક નહોતો અને મને ખબર નથી કે ક્યારેય બની શકીશ કે નહિ. પરંતુ હવે, હું ઘણું બધું થઇ ગયો છું.

‘દરરોજ, હું જાગતો; હું જીવવા માટેના કારણો શોધવાનો પ્રયાસ કરતો. રોજ રાત્રે, જ્યારે હું સૂતો, ત્યારે મૃત્યુ ન પામવાના કારણો શોધવા પ્રયાસ કરતો. દરેક ક્ષણે, હું આશા, સ્વપ્ન અને પ્રેમનાં કારણો શોધવાનાં પ્રયત્ન કરતો. પરંતુ મને એ કારણો ક્યારેય મળ્યાં નહીં. જ્યાં સુધી હું તને મળ્યો નહોતો.

‘મેં મારી આસપાસ અંધાધૂંધી, મૂંઝવણ, અને ભય, આ બધું જોયું છે. પરંતુ તને મળ્યા પછી તે મારી અંદર નહોતા.

‘સમય આપણું ભાવિ, આપણી યાત્રા નક્કી કરે છે. અને સમય બદલાય છે, ત્યારે બધું જ બદલાઈ જાય છે. બધું જ. ક્યારેક ખરાબ માટે, તો ક્યારેક વધુ સારા માટે. અને ક્યારેક, શ્રેષ્ઠ માટે. મને ક્યારેય એમાં વિશ્વાસ નહોતો. જ્યાં સુધી હું તને મળ્યો નહોતો.

‘આ કોઈ વાર્તા નથી અને કદાચ પ્રેમ પણ નથી. આ કંઈક એવા વિશે છે જે પ્રેમ કરતાં વધુ શક્તિશાળી અને વાર્તાઓ કરતાં વધુ વાસ્તવિક છે. આ તારા વિશે છે. હા, તારા વિશે. વાસ્તવિક અને બળકટ.

‘હું કોઈની સાથે ક્યારેય ખુશ રહ્યો નથી. હું વિવિધ લાગણીઓ સાથે, વિવિધ સ્થળોએ, જુદા-જુદા લોકો સાથે રહેવા માગતો હતો. હું બધું જ જોવા માગતો હતો, દરેકને જાણવા માગતો હતો. પરંતુ પછી હું તને મળ્યો. અને મને ખબર પડી કે

તુ માત્ર ‘એક’ નથી, તુ તો અનંત છો. પ્રેમ, સંભાળ, વિશ્વાસ, આદર, અને સમજમાં અનંત. પ્રેરણા, આકાંક્ષાઓ, આશાઓ અને સુખનું એક બ્રહ્માંડ છે. કદાચ તું જ એ બ્રહ્માંડ છે જેને હું બહાર જોવા-જાણવા માગું છું. અથવા મારી અંદરનું બ્રહ્માંડ, જેને હું શોધી રહ્યો છું.

‘તારી કોઈ શરૂઆત નથી, કે તારો કોઈ અંત નથી. તું સતત છે, છતાં હંમેશા બદલાતી રહે છે. તું દરેક જગ્યાએ છે અને છતાં માત્ર મારી સાથે જ છે. તું મારી નિર્માતા છે કે મારૂં સર્જન છે, હું મારી જાતને પૂછું છું.’

‘સુંદર’, મને એક શબ્દ સંભળાયો. દરેક ઉચ્ચારણ ખૂબ જ મહેનતથી, પરાણે અને થાકીને કરાયું હતું. મેં ઉપર જોયું, હું ચોંકી ઉઠ્યો. ત્યાં મીરા હતી, તેની આંખોમાં આંસુ હતા.

મને ખબર નહોતી પડતી કે શું કહું. શું તે કોઈ ચમત્કાર હતો કે પ્રેમની શક્તિ હતી? શું આ બધું નસીબમાં લખાયેલું હતું?

મેં તેને ચુંબન કર્યું, અને મારો ચહેરો તેના ચહેરાની એટલો નજીક રાખ્યો કે અમારા આંસું એકબીજામાં ભળી ગયાં.

* * *

ઉપસંહાર

દરેકની એક વાર્તા હોય છે

નસીબે મારામાંથી મારી વાર્તા બહાર કાઢી હતી. હું વિવાનને મળી ત્યારે મને ખબર હતી કે તેની વાર્તા જ એ વાર્તા છે જેને હું કહેવા માગું છું, પણ મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે મને આવા ઊંડાણો અને સ્તરોનો અનુભવ થશે.

મારે હજુ પણ લાકડીના ટેકે સાથે ચાલવું પડતું હતું; જે ઝડપે હું પડી હતી તેના કરતાં ઓછી ઝડપે મારૂં શરીર ધીમે-ધીમે સાજું થઇ રહયું હતું. મારા એક કરતાં વધુ હાડકાં ભાંગી ગયા હતા, મારા પગને સાથી વધુ ભૌતિક નુકસાન થયું હતું. મેં દુઃખદાયક ઉપચારો સહન કર્યા અને એક સમયે, મને કહેવામાં આવ્યું કે હું ફરી ક્યારેય ચાલી નહીં શકું.

પરંતુ મેં નક્કી કર્યું હતું કે જ્યારે હું કૅફેમાં લોકો સામે ઊભી રહીને મારા પુસ્તકમાંથી અવતરણો વાચીશ, ત્યારે હું સાચા અર્થમાં ઉભી રહીશ, અને વ્હીલચૅર પર બેસીને તો નહીં જ બોલું.

હું વિવાનને મળી અને તેની વાર્તા મારા મનમાં ધુમરાવા માંડી એ વાતને આખા બે વરસ વીતી ગયા હતા. હું ત્યારે કેટલી યુવાન લાગતી હતી, જ્યારે હું ઉત્સુકતાપૂર્વક અર્જુન મહેરાને સાંભળી રહી હતી અને તેમની જેમ એક લેખક બનવાની ઇચ્છા ધરાવતી હતી.

હવે, મેં બધા લોકો સામે જોયું અને મારા હાથ ધ્રૂજતા હોય એવું લાગ્યું કારણકે મને સમજાયું કે હું આ ભીડની સામે હોઈશ, તેમનું મારી વાર્તાથી મનોરંજન કરીશ અને તેમને સમજાવતી હોઈશ કે બે વર્ષ પહેલાં કેવી રીતે મારૂં જીવન એકાએક બદલાઈ ગયું હતું. વિવાને તેની નોંધ લીધી અને સ્થિરતાથી પોતાનો હાથ લંબાવી, મારા હાથને ઉત્તેજનાપૂર્વક દબાવ્યો. મને તેની ઉર્જા અનુભવાઈ અને તેને કારણે ધ્રૂજારી બંધ થઈ ગઈ અને તે મને જેની જરૂર હતી તે તાકાત મળી.

મારૂં પુસ્તક આખરે સમાપ્ત થઇ ગયું હતું. હવે તે અપૂર્ણ પુસ્તક નહોતું. મને આશ્ચર્ય થયું હતું કે પ્રકાશકને એ વિચાર ગમ્યો કે વિવાન પણ તેના પરિપ્રેક્ષ્યમાં ફાળો આપે, અને હું એ

હકીકતથી રોમાંચિત હતા કે, મેં એકલીએ આ વાર્તા શરૂ કરી હોવા છતાં, અમે બંનેએ સાથે મળીને તેને પૂરી કરી હતી.

‘ચિંતા ન કર! તું સારું જ કરીશ!’ વિવાને મને ચુંબન આપતા ધીમેથી કહ્યું.

‘તું એવી રીતે વર્તે છે જાણે કે તું એના વિશે હકારાત્મક છે,’ તેના ચુંબનને પરત કરતા મેં ધીમેથી કહ્યું. ‘કાશ, મારામાં પણ તારા જેટલી હિંમત હોત.’

‘હું તારી સાથે એ વહેંચીશ,’ તે હસ્યો. ‘આ વખતે તારે એકલા ભીડનો સામનો કરવાનો પ્રયાસ નહીં કરવો પડે. આપણે આ સાથે મળીને કરીશું. પણ તારે, કુમારી લેખિકા, તેની શરૂઆત જાતે જ કરવી પડશે. તારે તારી જાતને સ્ટેજ પર કેટલોક સમય એકલા આપવો જરૂરી છે. આખરે, આ પુસ્તક કદી ન લખાયું હોત, જો તે તારા માટે નહોત.’

મેં તેની આંખોમાં જોઈને સ્મિત આપ્યું. મને તેની અંદરના બ્રહ્માંડ સાથે પ્રેમ હતો, તેણે મને માત્ર મારી અને મારી જાત અને મારી વાર્તા સાથે ઓળખાણ જ નહોતી કરાવી, પરંતુ મને એ બાબતથી પરિચિત પણ કરાવ્યો હતો કે વહેંચવામાં આવતા સુખમાં જ શ્રેષ્ઠ સ્વપ્નની પ્રાપ્તિ છે.

કબીરે તેની ઘડિયાળ તરફ ઈશારો કર્યો અને મારી તરફ આવ્યો. તે હસ્યો અને પોતાનું ગાળું સાફ કર્યું.

‘મહિલાઓ અને સજ્જનો,’ તેણે મોટેથી શરૂ કર્યું. ‘તમે જેની લાંબા સમયથી રાહ જોઈ રહ્યાં હતા તે સમય આવી ગયો છે. હું અહીં ઉભો રહીને, આપણી પોતાની લેખિકા, મીરાનો તમારી સાથે પરિચય કરાવવા ખૂબ જ ઉત્સાહિત છું. મીરાએ તમારી જેમ જ શરૂઆત કરી હતી, આ ખુરશીઓ પર બેસીને, ઘણી લાંબી રાતો અને વીકએન્ડમાં શાનદાર વાર્તા લખતી હતી,’ કબીરે કહ્યું.

હું જેવી તેમની સામે ગઈ કે ભીડે ગર્જના કરી અને ઉત્સાહિત થઈને તાળીઓ પડવા લાગી. મારૂં હૃદય ખૂબ ઝડપથી ધબકી રહ્યું હતું, અને મને ખાતરી હતી કે હું કંઈક તો ગરબડ કરવાની જ છું. મારી આંખો ભીડમાં શોધી રહી હતી. ઘણી બધી આંખો મારા તરફ મંડાયેલી હતી, પરંતુ મારી આંખો વિવાન પર સ્થિર થઇ. તેણે પ્રોત્સાહન આપતા માથું ધુણાવ્યું.

‘મારૂં નામ મીરા છે અને હું આ પુસ્તકની લેખિકા છું, દરેકની એક વાર્તા હોય છે. બે વર્ષ પહેલાં, હું એક કૅફેમાં બેઠી હતી, એક

લખક, અર્જુન મહરાન તમના લખન વિશ વાત કરતા સાભળી રહી હતી. એ લેખકને ઉત્સુકતાપૂર્વક સાંભળીને હું મારા પોતાના, નાનકડા વિશ્વમાં ખોવાઈ ગઈ હતી. હું તેમનાથી પ્રભાવિત થઇ હતી, પરંતુ મારી પાછળ બેઠેલા માણસથી અજાણ હતી, જેને વિશ્વમાં પ્રવાસ કરવો હતો. તે સમયે મને ખ્યાલ ન હતો કે આ માણસની જિજ્ઞાસા અમને મિત્રતા, પ્રેમ અને જીવનની એક સુંદર વાર્તા તરફ દોરી જશે. અમારા બેમાંથી કોઈ આગાહી પણ નહોતું કરી શકે એમ નહોતું કે તેનો અંત કઈ રીતે આવશે,' મેં કહ્યું.

મેં થોડું પાણી પીધું અને ચાલુ રાખ્યું, 'રોજેરોજ, એક પૃષ્ઠ ઉમેરાતું હતું અને એક પ્રકરણ સમાપ્ત થતું કે બીજું શરૂ થઇ જતું.

'યાદ રાખજો, દરેકની એક વાર્તા હોય છે. તે કદાચ એક પ્રેમકથા હોય અને ન પણ હોય. તે સપનાં, મિત્રતા, આશા, અસ્તિત્વ અથવા મૃત્યુ વિશેની પણ વાર્તા હોઈ શકે છે. અને દરેક વાર્તા કહેવા યોગ્ય હોય છે. પરંતુ તેના કરતાં પણ વધુ, તે જીવવા યોગ્ય હોય છે.

'જો મારી પાસે તમને સલાહ આપવા યોગ્ય કોઈ શબ્દ હોય તો તે એ છે કે : દરેક દિવસને અપનાવો, ખરાબ દિવસને પણ. દરેક દિવસ તમારૂં પોતાનું એક પાનું છે, અને તેના પર લખવાની શક્તિ તમારી પાસે જ છે. હિંમતવાન બનો, અને દૃઢ થાવ, પણ ભૂલતા નહીં કે ક્યારેક નબળા હોવામાં પણ કશું જ ખોટું નથી હોતું.'

મેં કબીર અને નિશા સામે જોયું. તેઓ સાંભળી રહ્યા હતા, પરંતુ તેમનું ધ્યાન અન્યત્ર હતું. હું જોઈ શકતી હતી કે નિશાએ કબીરનો હાથ પકડીને પોતાના મોટા પેટ પર મુક્યો. કૅફેના સામાન્ય અવાજો - ઘસડાતી ખુરશીઓ અને ઉકાળતી કૉફીના વાસણો - વચ્ચે મેં કબીરને તીવ્રતાથી હાંફતો સાંભળ્યો.

મારી આંખો ખુશીના આંસુઓથી ભરાઈ ગઈ અને મેં આંસું લૂંછી, મારૂં ધ્યાન મારા પ્રેક્ષકો પર ફરી કેન્દ્રિત કર્યું. 'ખૂબ પ્રેમ કરો અને ભૂલોને માફ કરો. માત્ર અન્યોની ભૂલોને નહીં, પરંતુ તમારી પોતાની ભૂલોને પણ.'

ભીડે ફરી એક વાર પ્રશંસાત્મક તાળીઓ પાડવાનું શરૂ કર્યું, અને હું હસી.

‘હવ તમ શુ કરશા?’ ખૂણામા ટબલ પર બઠલા અક છોકરીએ પૂછ્યું, તેનો અવાજ સાંભળી શકાતો હતો.

વિવાન ઊભો થયો અને આગળ તરફ પોતાનો માર્ગ બનવતો, મારી પાસે આવીને ઉભો રહ્યો. તેમને જ્યારે ખબર પડી કે વિવાન કોણ હતો, પ્રેક્ષકોના તાળીઓની લહેર આખા કૅફેમાં ફરી વળી.

તેણે લાગણીપૂર્વક મારા ખભા પર તેના હાથ વીંટાળ્યા અને દબાવ્યા. ‘અમે સાથે મળીને વિશ્વનો પ્રવાસ કરીશું અને અમારી મુસાફરી વિશે કથાઓ લખવાનું ચાલુ રાખીશું,’ તેણે વિશ્વાસપૂર્વક જણાવ્યું.

‘તમે ક્યાં જશો?’

મેં કહ્યું. ‘ગમે ત્યાં અને બધે. પરંતુ હંમેશા એક સાથે.’

તે પ્રેક્ષકો તરફ પાછો ફરે તે પહેલાં તેણે મારા કપાળ પર ચુંબન કર્યું. ‘તમારા હાથમાં પુસ્તક હોવા છતાં અમારી વાર્તા અંતથી હજુ ઘણી દૂર છે.’

* * *

ઋણ સ્વીકાર

હું એ અનેક લોકો પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવા માગું છું, જેમણે મને આ પુસ્તક મારફત જોઈ; એ બધા લોકો જેમણે મને સહકાર આપ્યો, વિષયો પર વાત કરી, વાંચી, લખી, ટિપ્પણીઓ અને ટીકા આપી અને આ પુસ્તકને વધુ સારૂં બનાવવામાં મદદ કરી.

હું મારા માતાપિતા, કુટુંબ અને મિત્રોનો આભાર વ્યક્ત કરવા માગું છું, આ પુસ્તકે મને ખૂબ લાંબો સમય તેમનાથી દૂર કરી હોવા છતાં તેમણે મને સહકાર અને પ્રોત્સાહન આપ્યા.

સૌથી અગત્યનું, હું મારા માર્ગદર્શક, આશીષ બાગરેચાનો, હું આજે જે કઈ પણ છું તે બનાવવા માટે આભાર વ્યક્ત કરવા માગું છું.

છેલ્લે, મારી ક્ષમતાની અનુભૂતિ કરી અને મને મારી

વાર્તાઓ કહેવામાં મદદ કરવા બદલ, ગૌતમ પદ્મનાભનની

આગેવાની હેઠળ વેસ્ટલેન્ડ લિમિટેડના મારા પ્રકાશકોનો આભાર.

સવિ શર્મા



લેખક વિશે



સવિ શર્મા સુરતની એક સરળ છોકરી છે જેણે વાર્તાકાર બનવા માટે પોતાનો સીએનો અભ્યાસ છોડી દીધો હતો. તેણે પોતાની પ્રેરણાત્મક નવલકથા *દરેકની એક વાર્તા હોય છે*નું પ્રકાશન જાતે કર્યું, જે આગળ જતાં બેસ્ટસેલર બની, અને સવિને ભારતની પ્રથમ સફળ સૅલ્ફ-પબ્લિશ્ડ લેખિકા બની. એ પછી, વધુ વાર્તાઓ લખવા માટે તેણે વૅસ્ટલૅન્ડ સાથે કરાર કર્યો છે.

સવિ 'લાઈફ એન્ડ પીપલ' નામના પ્રેરણાત્મક મિડિયા બ્લૉગની સહ-સ્થાપક પણ છે, જ્યાં તે સકારાત્મકતા, ધ્યાન, આકર્ષણનો નિયમ, અધ્યાત્મ જેવા વિષયો પર લખે છે.

કૅફેઝમાં લોકોનું નિરીક્ષણ કરવું તેને ગમે છે, જ્યાં તે અવારનવાર પોતાની વાર્તાઓ માટે શોધ ચલાવે છે. તેની પાસે 100ઈચ્છાઓની એક ગુપ્ત યાદી છે, તે આ ઈચ્છાઓ આ એક જીવનમાં પૂરી કરવા માગે છે.

તમે તેની સાથે www.savisharma.com પર જોડાઈ શકો છો.

અત્યંત મોહક છતાં હૃદય-સ્પર્શી. પોતાનાં સપનાં પર
વિશ્વાસ મુકવાનો પ્રયાસ કરી રહેલી દરેકે-દરેક વ્યક્તિને
આ પુસ્તકની ભલામણ કરાય છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા

**"દરેક પાસે કહેવા માટે એક વાર્તા હોય છે, દરેક
વ્યક્તિ લેખક છે. કેટલીક વાર્તાઓ પુસ્તકોમાં લખાય છે,
અને કેટલીક હૃદય સુધી સીમિત રહે છે"**

દરેકની એક વાર્તા હોય છે

મીરા, અનુભવ વિનાની એક લેખિકા છે, તે એવી વાર્તા શોધી
રહી છે જે લાખો જીવનને સ્પર્શે.

વિવાન, સિટીબેન્કનો આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર છે, જે વિશ્વભરમાં
પ્રવાસ કરવાનાં સપનાં ધરાવે છે.

કબીર, એક કેફેનો મેનેજર છે, જે પોતાનું કંઈક હોય એવું ઝંખે છે.

નિશા, કેફેની એક નિયમિત ગ્રાહક છે, જે પોતાના રહસ્યો પોતાના સુધી જ રાખે છે.

દરેકની પોતાની વાર્તા હોય છે,
પણ આ ચાર જીવન જ્યારે એકમેકમાં વણાઈ જાય છે ત્યારે શું થાય છે?


કેફે કબીરમાં એક ખુરશી પર ગોઠવાઈ જાવ અને આ ચાર જણને મિત્રતા અને
પ્રેમની શોધ કરતા, પોતાના જીવનનાં પાનાં પર લખતા જુઓ કેફેના એક
ઇફટાયક ખૂણેથી દુનિયાના અંત સુધી

સદંતર સફળ *ધ હિન્દુ*

સવિ શર્મા પ્રકાશન વિશ્વની અસાધારણ ઘટના છે *ફેમિના*

એક અવિરત વાર્તાકાર *ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસ*

Westland Ltd
westlandbooks.in




9788184002812

રૂ.000

કવર ડિઝાઈન
આશીષ બાગરેચા



ઈ-બુકમાં
ઉપલબ્ધ

